**સુવિચાર**

કોઈનો સ્નેહ ક્યારેય ઓછો હોતો નથી, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે

# સમય મિરર

**SAMAY MIRROR (MORNING DAILY)**

**આજનો ઈતિહાસ**

૧૯૨૧ની સાલમાં ચલચિત્ર નિર્દેશક સત્યજીત રેનો જન્મ થયો હતો

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-171 ■ DATE : 2-5-2025 ■ FRIDAY ■ Page-10 ■ વૈશાખ સુદ ૫, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001





# ધ વર્લ્ડ એરાઉન્ડ

## લ્યો બોલો ! પાકિસ્તાન નિવૃત્ત સૈનિકોને યુદ્ધ માટે તૈયાર કરી રહ્યું છે

**નવી દિલ્હી :** પહેલગામ હુમલા પછી બંને દેશો વચ્ચે વધી રહેલી તંગદિલીનાં પગલે પાકિસ્તાનના પત્રકાર જાવેદ ચૌધરીએ કહ્યું હતું કે પાકિસ્તાનના ૪૦ લાખ નિવૃત્ત સૈનિકોને સરહદે રવાના કરી શકાય તેમ છે. તેઓ દેશનાં સંરક્ષણ માટે ગણવેશ પહેરવા તૈયાર જ છે. ગણવેશને માત્ર ઈસ્ત્રી કરવાની જ બાકી છે. આ પત્રકારે વધુમાં કહ્યું હતું કે, આ પૂર્વ સૈનિકોને તેઓના ગણવેશને ઈસ્ત્રી કરવા તથા તેઓનાં શસ્ત્રોનું ઓઈલિગ કરવા પણ કહી દેવાયું છે. આ સાથે તેઓને સરહદો પર મોકલવા માટે વાહનો પણ તૈયાર રખાયા છે અને ગીનેસ બુકમાં પણ જેની નોંધ લેવાશે, તેટલી ઝડપથી તેમને સરહદે ગોઠવી દેવાશે. જો કે જાવેદ ચૌધરીનાં આ વિધાનોને કોઈ સત્તાવાર પુષ્ટિ મળતી નથી. પરંતુ તેમ માનવામાં આવે છે કે, પાકિસ્તાનની જનતાનું મનોબળ ટકાવી રાખવા પાકિસ્તાન સરકારે જ આડકતરી રીતે આવા વિધાનો વહેતાં મુકાવ્યા હશે. કારણ કે હજી પાકિસ્તાનની યુદ્ધ તૈયારીઓ પૂરી થઈ નથી. તેથી પ્રજાનું મનોબળ ટકાવી રાખવા આવા વિધાનો કરાવ્યાં હશે. ભારતે આ દાવાનો તત્કાળ ઉત્તર આપતાં જણાવ્યું હતું કે, ભારતને નિવૃત્ત સૈનિકોને ફરજ પર બોલાવવાની જરૂર જ નથી. કારણ કે તેની પાસે પૂરતું સૈનિક સંખ્યા બળ છે. જે કોઈપણ આક્રમણને પૂરો જવાબ આપી શકે તેમ છે.

## ઉ.કોરિયા યુદ્ધ જહાજ પર ન્યુક્લિયર મિસાઈલ ગોઠવવાની વેતરણમાં

**નવી દિલ્હી :** ઉત્તર કોરિયાએ ૫૦૦૦ ટનના ડીસ્ટ્રોયર શ્રેણીનું યુદ્ધ જહાજ 'ચોએ-હયોન' તરતું મૂક્યું છે. કેટલાક એક્ષપર્ટસનું માનવું છે કે તે ટૂંકા અંતરના પરમાણુ મિસાઈલ્સ પણ ધરાવતું હશે. ઉનને શસ્ત્રો બહુ જ ગમે છે. શસ્ત્રોનાં પરીક્ષણ સમયે તેઓ ત્યાં પહોંચી જ જાય છે અને નવા નવા શસ્ત્રો ઉપયોગમાં લેવાતા જુવે છે, તેની કાર્યક્ષમતા કેટલી છે તે પણ જુવે છે. તેઓએ હવે ઉ.કોરિયાનાં યુદ્ધ જહાજો ઉપર વહેલામાં વહેલી તકે પરમાણુ શસ્ત્રો ધરાવતાં મિસાઈલ્સ ગોઠવવા કહી દીધું છે. આજે તેઓ નવા વોરશિપ 'ડ્રેગન' પરની નવી 'વોરશિપ-વેપન-સીસ્ટીમ'નું પહેલું પરીક્ષણ જોવા પોતાની પુત્રી સાથે પહોંચી ગયા હતા. (એમ મનાય છે કે તેઓ તેમની સૌથી નાની પુત્રીને તેમની 'વારસ' બનાવશે). આ 'વોર શિપ વેપન-સીસ્ટીમ' એવી સીસ્ટીમ છે કે, જે ટાર્ગેટ પર હુમલો કરવા તેમજ દુશ્મન જહાજને તબાહ કરવા માટે ઉપયોગમાં લેવાય છે. આ વિકેન્ડમાં નોર્થ કોરિયાએ ૫૦૦૦ ટનની ડીસ્ટ્રોયર શ્રેણીની યુદ્ધ નૌકા ઓએ-હ્યોન તરતી મુકી હતી તે અંગે કેટલાક એક્ષપર્ટસનું અનુમાન છે કે, તે ટૂંકા અંતરના પરમાણુ શસ્ત્ર વહી શકે તેવાં મિસાઈલ્સ ધરાવતું હશે. આ અંગે સાઉથ કોરિયાનાં સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે તે અમેરિકાનાં સહયોગમાં નોર્થ-કોરિયાનાં યુદ્ધ જહાજોની નિર્માણ સહિત અન્ય ગતિવિધિઓ ઉપર બાજ નજર રાખી રહ્યું છે.

## પાકિસ્તાને ISI ના ચીફ અસીમ મલિકને નવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બનાવ્યા

**નવી દિલ્હી :** પહેલગામ હુમલા પછી વધી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાને હવે ISI ચીફ લેફ્ટનન્ટ જનરલ અસીમ મલિકને પાકિસ્તાનના નવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. જોકે આ નિમણૂક ૨૯ એપ્રિલના રોજ થઈ હતી, પરંતુ ૧ મેના રોજ સવારે ૧:૩૦ વાગ્યે મીડિયાને આ જાણકારી આપવામાં આવી હતી. અગાઉ ૩૦ એપ્રિલના રોજ, ભારત સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડ (NSAB) નું પુનર્ગઠન કરી છે. રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW) ના ભૂતપૂર્વ વડા આલોક જોશીને તેના નવા ચેરમેન બનાવવામાં આવ્યા છે. ગજઅઈમાં ૬ સભ્યો છે, જેમાં આર્મી, નેવી અને એરફોર્સના ભૂતપૂર્વ અધિકારીઓનો સમાવેશ ભારત સરકારના નિર્ણય બાદ, હવે ગજઅઈમાં પણ ૬ સભ્યો હશે. આમાં આર્મી, નેવી અને એરફોર્સના ભૂતપૂર્વ અધિકારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ભૂતપૂર્વ રાજદ્વારી અને ભૂતપૂર્વ IPS અધિકારીનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્ણય લીધો છે. NSAB રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયને ઈનપુટ્સ પૂરા પાડશે. બુધવારે પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS)ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. પાકિસ્તાનના માહિતી અને પ્રસારણ મંત્રી અતાઉલ્લાહ તરારે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત આગામી ૨૪-૩૬ કલાકમાં હુમલો કરશે.

## પાક.ના પૂર્વ પી.એમ.નવાઝ શરીફની પુત્રી મરિયમની ગીધ્ધડ ધમકી : આપણી પાસે પણ એટમબોમ્બ છે

**નવી દિલ્હી :** પહેલગામ ત્રાસવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી રહી છે. તેવામાં પંજાબનાં મુખ્યમંત્રી, અને પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફનાં પુત્રી મરિયમ નવાઝે કેટલાંક કઠોર અને ઉશ્કેરણીજનક વિધાનો કર્યાં હતાં. તેમણે કહ્યું કે : અલ્લાહની મહેરબાનીથી કોઈપણ દેશ પાકિસ્તાન ઉપર હુમલો કરવાની હિંમત નહીં કરી શકે; કારણ કે તેની પાસે પરમાણુ શસ્ત્રો છે. પાકિસ્તાન એક પરમાણુ સત્તા છે. તેઓએ કહ્યું : 'ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદે તંગદિલી તો પ્રવર્તી જ રહી છે, અને ભય પણ તોળાઈ રહ્યો છે. પરંતુ ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે અલ્લાહે પાકિસ્તાનને પાકિસ્તાનીઓને અને પાકિસ્તાનમાં સૈન્યને એટલી શક્તિ આપી છે કે તેઓ દુશ્મનોના હુમલાઓનો બરોબર સામનો કરી શકે તેમ છે.' આ સાથે તેઓએ વધુમાં કહ્યું હતું કે ગમે તે રાજકીય મત હોય, પરંતુ આપણે એક થઇ સેના સાથે ઊભા રહેવું જ પડે. જેથી તેઓ નિશ્ચિત અને અસરકારક રીતે યુદ્ધ આપી શકે. આ સાથે હું તમોને કહેવા માગું છું કે પાકિસ્તાન પર હુમલો કરતાં પહેલાં દુશ્મનને ૧૦ વાર વિચારવું પડશે. કારણ કે પાકિસ્તાન પાસે એટમ બોમ્બ છે. ઉલ્લેખનીય છે કે મરિયમ નવાઝે આ વિધાનો તેવે સમયે કર્યાં હતાં કે જ્યારે પાકિસ્તાનના માહિતી મંત્રી અત્તાતુલ્લાહ તરારે બુધવારે દાવો કર્યો હતો કે ભારત આગામી ૨૪-૩૬ કલાકમાં જ હુમલો કરશે કારણ કે ભારત માને છે કે તે હુમલો પાકિસ્તાન પ્રેરિત હતો.

## ઉતાવળે

- મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ તહવ્વુર રાણાના વોઈસ અને હેન્ડરાઈટિંગ સેમ્પલ લેવાની દિલ્હી કોર્ટની મંજુરી
- શરબત-જેહાદ કેસ મામલે દિલ્હી હાઈકોર્ટે બાબા રામદેવને અવમાનના નોટિસ ફટકારી, હવે કોર્ટમાં હાજર રહેવું પડશે
- પાકિસ્તાનમાં યુદ્ધના ભય વચ્ચે ૪.૪ની તિવ્રતાનો ભૂકંપ : લોકો ઘર છોડીને ભાગ્યા
- પાકિસ્તાનની નફફટાઈ : સતત પાંચમા દિવસે યુદ્ધ-વિરામ ભંગ; કુપવાડા, ઉરી અને અખનૂર સેક્ટરમાં ગોળીબાર, ભારતીય સેનાનો વળતો જવાબ
- ૧૯ કિલો વજનના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૭ રૂપિયાનો ઘટાડો : ડોમેસ્ટિક LPGના ભાવ યથાવત

# દક્ષિણ ઇઝરાયેલમા રેતીના ભયંકર તોફાનનો તરખાટ ભારે પવનથી જેરૂસલેમના જંગલની આગ વધુ ભડકી

**સમય મિરર | નવી દિલ્હી**

ઇઝરાયલમાં એક ભયંકર રેતીનું તોફાન ત્રાટક્યું જેના કારણે દેશના દક્ષિણ ભાગોમાં પવન ફૂંકાયો હતો, જેથી વિઝિબિલિટી લગભગ શૂન્ય થઈ ગઈ હતી. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં દક્ષિણ ઇઝરાયલમાં નેગેવ રણ અને બેરશેબાને ઘેરી લેતા એક વિશાળ ધૂળના વાદળો દેખાય છે, જેનાથી આકાશ પીળા રંગનું થઈ ગયું છે. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, રેતીનું તોફાન નેગેવમાં ઇઝરાયલી લશ્કરી થાણા સુધી પહોંચી ગયું છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક ફૂટેજમાં સૈનિકો પવનના જોરથી ફૂંકાતા લશ્કરી થાણાના દરવાજા બંધ કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

અગાઉ, હવામાનશાસ્ત્રીઓએ ઇઝરાયલના દક્ષિણમાં ભારે પવન ફૂંકાશે તેવી આગાહી ચેતવણી જારી કરી હતી. ''દિવસ દરમિયાન, ભારે પવન ફૂંકાશે, ભારે ધુમ્મસ છવાઈ જશે, અને દક્ષિણમાં રેતીના તોફાનો પણ આવશે. બપોરે દરિયાકાંઠે ૯૮ થી ૧૦૦ ડિગ્રી ફેરનહીટ તાપમાન સાથે ગરમીનું મોજું ટોચ પર પહોંચવાની ધારણા છે,'' ઇઝરાયલ નેશનલ ન્યૂઝે હવામાનશાસ્ત્રી લિયોર સુદ્રીને ટાંકીને અહેવાલ આપ્યો હતો.



પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે, ઇઝરાયલ સરકારે ઇઝરાયલના ૭૭મા સ્વતંત્રતા દિવસના લાઇવ સમારોહને રદ કર્યો છે. તેના બદલે, બુધવારે સાંજે ઇઝરાયલી ટેલિવિઝન પર ઉદઘાટન સમારોહનું પૂર્વ-રેકોર્ડેડ ડ્રેસ રિહર્સલ પ્રસારિત કરવામાં આવ્યું હતું. જેરુસલેમની બહારના વિસ્તારમાં લાગેલી જંગલની આગને કાબુમાં લેવા માટે અધિકારીઓએ ભારે હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે સમુદાયોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી અને મુખ્ય હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો. ઇઝરાયલે આગ સામે લડવા માટે આંતરરાષ્ટ્રીય સહાયની અપીલ કરી છે. ટીવી ફૂટેજમાં મુખ્ય રૂટ ૧ જેરુસલેમથી તેલ અવીવ સુધીના હાઈવે પર આગ લાગી હતી, અને આસપાસની ટેકરીઓ પર ગાઢ ધુમાડો છવાઈ ગયો હતો ત્યારે લોકો કાર છોડીને આગથી ભાગી રહ્યા હતા. વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ જણાવ્યું હતું કે, ઇટાલી અને ક્રોએશિયા આગ ઓલવવા માટે ત્રણ અગ્નિશામક વિમાન મોકલે તેવી અપેક્ષા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઇઝરાયલે ગ્રીસ, સાયપ્રસ અને બલ્ગેરિયાને પણ અપીલ કરી છે.

ઇઝરાયેલી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે ૧૨૦ ફાયર અને રેસ્ક્યૂ સર્વિસે આગને કાબુમાં લેવા માટે ડઝનેક ટીમો, વિમાનો અને હેલિકોપ્ટર મોકલ્યા છે, અને સૈન્યએ જણાવ્યું હતું કે તેના શોધ અને બચાવ દળો કામગીરીમાં મદદ કરી રહ્યા છે.

પાકિસ્તાની સેનાએ આપી મજબુત સુરક્ષા

# હુમલાના ડરથી આતંકવાદી હાફિઝ સઈદ મિયાંની મિંદડી બન્યો

**સમય મિરર | નવી દિલ્હી**

પાકિસ્તાનમાં રહેતા આતંકવાદીઓમાં ગભરાટનો માહોલ છે. એક અહેવાલ મુજબ પાકિસ્તાને આતંકવાદી સંગઠનના લશ્કર-એ-તૈયબાના વડા હાફિઝ સઈદ(Lashkar-e-Taiba chief Hafiz Saeed)ને સેફ હાઉસમાં રાખ્યો છે.

ભારતથી હુમલાના ડરથી પાકિસ્તાની સેના હાફિઝને બચાવવાના પ્રયત્નો કરી રહી છે. અહેવાલ મુજબ હાફિઝ સઈદને લાહોરમાં છુપાવવામાં આવ્યો છે. તેને લાહોરના મોહલ્લા જોહરમાં છુપાવવામાં આવ્યો છે. પાકિસ્તાન આર્મીના સ્પેશિયલ સર્વિસ ગ્રુપના ભૂતપૂર્વ કમાન્ડો તેની ૨૪ કલાક સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા છે.

કેટલાક કેસમાં દોષિત ઠર્યા બાદ આતંકવાદી હાફિઝ સઈદ હાલ પાકિસ્તાનમાં જેલની સજા ભોગવી રહ્યો છે. સઈદને ૭ ટેરર ફંડિંગ કેસમાં ૪૬ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. જો કે તેને જેલના બદલે લાહોરના એક ઘરમાં સુરક્ષિત આશ્રય રાખવામાં આવ્યો છે. આ ઘર મસ્જિદો, મદરેસા અને સામાન્ય નાગરીકોના ઘરોથી ઘેરાયેલો છે. અહેવાલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે હાફિઝના ઘરની એક કિલોમીટરની ત્રિજ્યામાં થતી પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે એક કંટ્રોલ રૂમ પણ બનવવામાં આવ્યો છે. અહેવાલમાં આપવામાં આવેલી મહિતી મુજબ, હાફિઝ સઈદ લાહોરના જોહર ટાઉનના ઘર નંબર ૧૧૬ ઊ માં રહે છે. આસપાસના ચાર કિલોમીટરના વિસ્તારમાં CCTV લગાવવામાં આવ્યા છે. તેના ઘરની આગળ બેરીકેડ પણ લાગવવામાં આવ્યા છે, તેની પ્રાઈવેટ સિક્યોરિટી પણ તૈનાત છે.

મુંબઈમાં WAVES ૨૦૨૫ સમિટના લોકાર્પણમાં વડાપ્રધાને કહ્યું

# ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સંસ્કૃતિ, ક્રિએટિવિટી અને દુનિયાને જોડતી લહેર છે

**સમય મિરર | મુંબઈ**

ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગને વિશ્વમાં પ્રમોટ કરવા માટે વેવ્ઝ ૨૦૨૫ નામનો એક ખાસ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કોન્ફરન્સ મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ચાર દિવસ સુધી ચાલશે. તેનું ઉદ્દઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વભરના ક્રિએટિવ લોકો, ઈન્વેસ્ટર, સ્ટાર્ટઅપ્સ અને ટેક્નોલોજી સાથે જોડાયેલા ઉદ્યોગસાહસિકો ભાગ લઈ રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે WAVESનો અર્થ છે - વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ. તેમણે કહ્યું કે, 'WAVES એ ફક્ત એક ટૂંકું નામ નથી. તે ખરેખર એક લહેર છે. સંસ્કૃતિ, ક્રિએટિવિટી અને દુનિયાને જોડનારી એક લહેર છે. આ લહેર પર ફિલ્મો, સંગીત, ગેમિંગ, નવીનતા અને વાર્તા કહેવાની છે. આજે ૧૦૦થી વધુ દેશોના કલાકારો, નવીનતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ અહીં એક છત નીચે ભેગા થયા છે. અમે પ્રતિભા અને રચનાત્મકતાના વૈશ્વિક ઈકોસિસ્ટમનો પાયો નાખી રહ્યા છીએ. WAVES એક વૈશ્વિક પ્લેટફોર્મ છે જે દરેક કલાકાર અને સર્જકનું છે.' પીએમ મોદીએ કહ્યું- ભારતીય સિનેમા સમગ્ર વિશ્વમાં ગુંજતું રહે છે. આપણે બધાનું દિલ જીતવું પડશે. વિકસિત ભારત તરફની આપણી યાત્રા હવે શરુ થઈ રહી છે. પીએમ મોદીએ આગળ કહ્યું- સંગીત આપણા માટે એક સાધના છે. ભારતના દરેક ખૂણામાં પ્રતિભા છે.' પીએમ મોદીએ કહ્યું, 'આ સમય ભારતમાં ઑરેન્જ ઈકોનોમીના ઉદ્ભવનો છે. કન્ટેન્ટ, ક્રિએટિવિટી અને સંસ્કૃતિ - આ ત્રણેય આ ઑરેન્જ ઈકોનોમીના મજબૂત પાયા છે.'

તેમણે કહ્યું, 'હવે ભારતીય ફિલ્મો વિશ્વના દરેક ખૂણા સુધી પહોંચી રહી છે. આજે આપણી ફિલ્મો ૧૦૦થી વધુ દેશોમાં રિલીઝ થાય છે. તેથી, હવે મોટી સંખ્યામાં વિદેશીઓ પણ સબટાઈટલ સાથે ભારતીય કન્ટેન્ટ જોઈ રહ્યા છે અને પસંદ કરી રહ્યા છે.'

# ઉત્તર કોરિયાએ રશિયા વતી યુક્રેનમાં લડવા મોકલેલા સૈનિકો પૈકી ૪૭૦૦ ના મોત

## અત્યાર સુધીમાં મૃત્યુ પામેલા સૈનિકોની અંતિમવિધિ પણ રશિયામાં જ કરાઈ

**સમય મિરર | નવી દિલ્હી**

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે યુક્રેનની સેનાએ ઉત્તર કોરિયાની સેનાને મોટું નુકસાન પહોંચાડ્યું છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમિર ઝેલેન્સ્કી (Ukraine President Volodymyr Zelenskyy)ની સેનાએ એક સાથે બંને દેશોને હંફાવી વિશ્વભરને ચોંકાવી દીધા છે. રશિયા માટે યુદ્ધ લડી રહેલા ઉત્તર કોરિયાના ૪૭૦૦ સૈનિકોના મોત અને ઘાયલ થયા હોવાનો દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ દાવો કર્યો છે. દક્ષિણ કોરિયાએ આજે (૩૦ એપ્રિલ) કહ્યું કે, 'અમારા અંદાજ મુજબ રશિયાને યુદ્ધમાં લડવા માટે સાથ આપનાર ઉત્તર કોરિયાની સેનાના અનેક સૈનિકોના મોત અને ઘાયલ થયા છે.

દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ આ દાવો કરીને વિશ્વભરને ચોંકાવી દીધા છે. બીજીતરફ બે દિવસ પહેલા ઉત્તર કોરિયા પ્રથમવાર બોલ્યું હતું કે, 'રશિયા કુર્સ્ક વિસ્તારના કેટલાક ભાગો પર કબજો કરી શકે તે માટે તેણે તેના સૈનિકો મોકલ્યા હતા.' ગત વર્ષે યુક્રેને કુર્સ્ક વિસ્તારમાં અચાનક ઘૂસણખોરી કરી હતી, જેના કારણે રશિયા આ વિસ્તાર નિયંત્રણ ખોઈ બેઠો હતો. બેઠકમાં ભાગ લેનાર એક સાંસદ લી સેઓંગ ક્વેઉને કહ્યું કે, 'બંધ રૂમમાં યોજાયેલી સંસદીય બેઠકમાં દક્ષિણ કોરિયાની રાષ્ટ્રીય ગુપ્તચર સેવાએ કહ્યું કે, રશિયા-યુક્રેન યુદ્ધમાં સામેલ ઉત્તર કોરિયાના ૬૦૦ સૈનિકોના મોત અને ૪૭૦૦ સૈનિકો ઘાયલ થયા છે.' ચીને એનઆઈએસને ટાંકીને કહ્યું હતું કે, 'જાન્યુઆરી અને માર્ચ દરમિયાન ૨૦૦૦ ઈજાગ્રસ્ત ઉત્તર કોરિયન સૈનિકોને વિમાની અથવા ટ્રેન મારફતે પોતાના દેશ મોકલાયા હતા. યુદ્ધમાં મૃત્યુ પામેલા કોરિયન સૈનિકોના અંતિમ સંસ્કાર રશિયામાં જ કરાયા અને તેમના અવશેષો તેમના ઘરે મોકલાયા હતા.' એનઆઈએસએ કહ્યું કે, જાન્યુઆરીમાં ઉત્તર કોરિયાના લગભગ ૩૦૦ સૈનિકો માર્યા ગયા હતા અને ૨૭૦૦ ઘાયલ થયા હતા.

ગત મહિને દક્ષિણ કોરિયાના અંદાજ મુજબ ઉત્તર કોરિયાના ૪૦૦૦ સૈનિકો માર્યા અને ઘાયલ થયા હતા, ત્યારબાદ ઉત્તર કોરિયાએ સોમવારે જાહેરાત કરી હતી કે, 'કિમ જોંગ ઉને (North Korea Supreme Leader Kim Jong Un) રશિયન સેનાને મદદ કરવા માટે તેમજ યૂક્રેનને કબજે કરેલ કુર્સ્ક વિસ્તારને આઝાદ કરાવા માટે સૈનિકો મોકલવાનો નિર્ણય કર્યો છે. પછી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને (Russia President Vladimir Putin) ઉત્તર કોરિયાને ધન્યવાદ આપતું નિવેદન જારી કર્યું હતું અને ઉત્તર કોરિયન સૈનિકોના બલિદાનને ન ભૂલવાનું વચન આપ્યું હતું.

# યમનના હુથી બળવાખોરો ટેકાના પરિણામ ભોગવવા તૈયાર રહે

## અમેરિકન સંરક્ષણ પ્રધાનની ઈરાનને ધમકી

**સમય મિરર | નવી દિલ્હી**

અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે ઈરાનને ખુલ્લેઆમ ધમકી આપી છે કે યમનના હુથી બળવાખોરોને ટેકો આપવા બદલ તેને પરિણામ ભોગવવા પડશે. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે રોમમાં પરમાણુ કાર્યક્રમ પર અમેરિકા અને ઈરાન વચ્ચે મહત્વપૂર્ણ વાટાઘાટો થવાની છે. ''ઈરાન, અમે હુથીઓ માટે તમારા ઘાતક સમર્થન પર નજર રાખી રહ્યા છીએ,'' હેગસેથે ડ પર લખ્યું. તમે અમેરિકન સેનાની શક્તિ જાણો છો અને આ ચેતવણી આપવામાં આવી છે. પરિણામોનો સામનો કરવા તૈયાર રહો.

અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે ઈરાનને યમનના હુથી બળવાખોરોને ટેકો આપવા સામે ચેતવણી આપી છે. હેગસેથે કહ્યું કે ઈરાને યુએસ સૈન્યની શક્તિનો સામનો કરવો પડશે. હેગસેથે સ્પષ્ટપણે કહ્યું હતું કે ઈરાન હુથીઓને શસ્ત્રો અને નાણાકીય સહાય આપીને લાલ સમુદ્રમાં જહાજો પર હુમલો કરી રહ્યું છે. હુથીઓનું કહેવું છે કે તેઓ પેલેસ્ટિનિયનોના સમર્થનમાં આ હુમલાઓ કરી રહ્યા છે. માર્ચથી અત્યાર સુધીમાં અમેરિકાએ ૧,૦૦૦ થી વધુ હુથી ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. હુમલા માટે બે વિમાનવાહક જહાજો અને છ B-2 બોમ્બર્સને તૈનાત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ પહેલા ઈરાનને ધમકી આપી ચૂક્યા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે માર્ચમાં પણ કહ્યું હતું કે હૂતી હુમલાઓ માટે ઈરાન જવાબદાર રહેશે.

ઓમાનની મધ્યસ્થી હેઠળ અમેરિકા અને ઈરાન વચ્ચે પરોક્ષ વાટાઘાટોના ત્રણ રાઉન્ડ થયા છે, જેનો ઉદ્દેશ્ય ઈરાનના પરમાણુ શસ્ત્રોના વિકાસને રોકવા અને અમેરિકાના પ્રતિબંધો હટાવવાનો છે. શનિવારે રોમમાં યોજાનારી વાટાઘાટો પહેલા યુએસ સંરક્ષણ પ્રધાને ધમકી આપી છે. ઈરાને શુક્રવારે બ્રિટન, ફ્રાન્સ અને જર્મની (E3) સાથે અલગ-અલગ વાટાઘાટોનું આયોજન કર્યું, જેઓ ૨૦૧૫ના પરમાણુ કરારનો ભાગ હતા. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું, 'ખોટી નીતિઓને કારણે યુરોપિયન દેશોએ તેમની ભૂમિકા ગુમાવી દીધી, પરંતુ અમે રોમમાં વાતચીત માટે તૈયાર છીએ.'

અમેરિકી સંરક્ષણ પ્રધાનની આ ધમકીને હળવાશથી ન લેવી જોઈએ. આનું કારણ એ છે કે અમેરિકાએ મધ્ય પૂર્વમાં પોતાની લશ્કરી હાજરી વધારી દીધી છે. ડિએગો ગાર્સિયામાં છ સ્ટીલ્થ બોમ્બર્સ તૈનાત કરવામાં આવ્યા હતા, જે દુશ્મનને શોધી કાઢ્યા વિના હુમલો કરવા સક્ષમ હતા. મધ્ય પૂર્વમાં બે વાહક હડતાળ જૂથો હાજર છે, જેમનો દૈનિક ખર્ચ ૧૩ મિલિયન છે. ગયા અઠવાડિયે અમેરિકાએ યમનમાં હુથી ઓઈલ ટર્મિનલ પર બોમ્બમારો કર્યો હતો, જેમાં ૭૪ લોકો માર્યા ગયા હતા.

# પહલગામ ઉપરાંત આતંકીઓએ અન્ય ત્રણ સ્થળની રેકી પણ કરી 'તી

## અરૂખીણ, એમ્યુઝમેન્ટ પાર્ક અને બેતાબ ખીણ પર સુરક્ષા ચુસ્ત હોવાથી હુમલો ન કરી શક્યા

**સમય મિરર | નવી દિલ્હી**

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલાની નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (NIA) તપાસ કરી રહી છે. NIA ની તપાસમાં ચોંકાવનારી માહિતીઓ મળી છે. અહેવાલ મુજબ NIAની તપાસમાં જાણવા મળ્યું કે આતંકવાદીઓએ પહલગામ ઉપરાંત ત્રણ વધુ સ્થળોની રેકી કરી હતી. આ હુમલો કરનાર આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, NIA ને આ આતંકવાદીઓને મદદ કરનારા લોકોની પુછપરછમાં જાણવા મળ્યું છે કે પહેલગામ ઉપરાંત, આતંકવાદીઓ વધુ ત્રણ વધુ સ્થળોની રેકી કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, NIA ને એ પણ જાણવા મળ્યું કે ઘટના પહેલા ખીણમાં ત્રણ સેટેલાઈટ ફોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અહેવાલ મુજબ NIAની તપાસમાં જાણવા મળ્યું કે આ આતંકવાદીઓએ એક સાથે ત્રણ વધુ સ્થળોની રેકી કરી હતી. પહેલગામ ઉપરાંત, અરુ ખીણ, એમ્યુઝમેન્ટ પાર્ક અને બેતાબ ખીણ પણ આતંકવાદીઓના નિશાના પર હતા. પરંતુ તે ત્રણ સ્થળોએ કડક સુરક્ષાને કારણે આતંકવાદીઓ ત્યાં હુમલો કરી શક્યા નહીં.

અહેવાલ અનુસાર, NIA તપાસમાં અત્યાર સુધીમાં લગભગ ૨૦ ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ (OGW) ની ઓળખ કરવામાં આવી છે, કેટલાક OGW ની ધરપકડ કરવામાં આવી છે. ૪ ઓવર ગ્રાઉન્ડ વર્કર્સે પાકિસ્તાની આતંકવાદીઓને રેકીમાં મદદ કરી હતી. NIAને કાશ્મીર ખીણમાં ૩ સેટેલાઈટ ફોનના ઉપયોગના પુરાવા પણ મળ્યા છે, NIAએ બે ફોનના સિગ્નલ શોધી કાઢ્યા છે. ૨૫૦૦ શંકાસ્પદોમાંથી ૧૮૬ લોકો હજુ પણ કસ્ટડીમાં છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. NIAના જણાવ્યા અનુસાર, પહેલગામ હુમલાનો માસ્ટર-માઈન્ડ હાશિમ મુસા છે, જે પાકિસ્તાનના અર્ધલશ્કરી દળ સ્પેશિયલ સિક્યુરિટી ગ્રુપ (SSG) ના ભૂતપૂર્વ કમાન્ડર છે. તે હાલમાં આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલો છે.

# પહલગામ હુમલા માટે પાકિસ્તાને આતંકવાદીઓને હથિયાર આપ્યા હતા

NIA ની FIR માં જબરો ઘટસ્ફોટ

**સમય મિરર | નવી દિલ્હી**

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા મુદ્દે મોટો ખુલાસો થયો છે. એફઆઈઆરમાં ખુલાસો થયો છે કે, આ હુમલામાં આતંકવાદીઓએ પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ કર્યો હતો. સરહદ પારથી હેન્ડલર્સે હુમલાને અંજામ આપ્યો હતો. એનઆઇએ હુમલાની યોજના ક્યાં ઘડવામાં આવી હતી, તેની તપાસ કરી રહી છે.

પહલગામ આતંકવાદી હુમલાની એફઆઈઆરમાં ઘણા મોટા ખુલાસા કરવામાં આવ્યા છે. જેમાં પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સે આ હુમલાનું ષડયંત્ર ઘડ્યું હતું. તેણે આતંકવાદીઓને ભારતમાં પહોંચાડવામાં મદદ કરી હતી. હેન્ડલર્સે આતંકવાદીઓને હથિયાર ઉપલબ્ધ કરાવ્યા હતા. આ હુમલામાં પાકિસ્તાની હથિયારોનો



ઉપયોગ થયો હતો. આ હુમલા બાદ કુલ આઠ કલમોમાં એફઆઈઆર નોંધાઈ છે. ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૧૦૩, ૧૦૯, ૬૧, ૭, ૨૭, ૧૬, ૧૮ અને ૨૦ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. પહલગામ આતંકી હુમલાની તપાસ એનઆઈએ કરી રહી છે. એનઆઈએના ચીફ બેસરન ખીણ પહોંચી હુમલાની તપાસ કરી રહ્યા છે. સ્થાનિકોના નિવેદનો લેવાઈ રહ્યા છે. તેમજ સંદિગ્ધોની પૂછપરછ પણ થઈ રહી છે.

આ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી છે. એકબાજુ પાકિસ્તાન વિશ્વ સમક્ષ ચિંતા વ્યક્ત કરી રહ્યું છે કે, ભારત ગમે-ત્યારે તેના પર યુદ્ધ કરશે. જ્યારે બીજી બાજુ પાકિસ્તાની સેના સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે. તેણે ઉરી અને અખનૂર સહિતના વિસ્તારોમાં ગોળીબાર શરુ કર્યા છે. ભારતીય સેનાએ તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો.

એક મીડિયા રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પાકિસ્તાનની સેનાના હથિયારોનો ઉપયોગ અવારનવાર ભારત વિરુદ્ધ આતંક ફેલાવવા માટે થયો છે. જે પાકિસ્તાન આતંકવાદને સમર્થન અને પોષી રહ્યો હોવાની ખાતરી કરે છે. આતંકવાદી હુમલામાં આતંકીઓની તસવીરોમાં તેમની પાસે જોવા મળેલા હથિયારો પાકિસ્તાની સેનાના હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

# ફ્રાન્સમાં ૧.૬ કિ.મી. લંબાઈ ધરાવતી ૩૦ હજાર વર્ષ જૂની અનોખી પ્રાચીન ગુફા

## સામાન્ય પ્રવાસી માટે પ્રતિબંધિત ગુફામાં માત્ર સંશોધકોને જ પ્રવેશ

**સમય મિરર | નવી દિલ્હી**

દક્ષિણ પશ્ચિમી ફ્રાંસની એક ગુફામાં ૩૦૦૦૦ વર્ષ પહેલા માનવીઓ રહેતા હતા. ગુફાની દીવાલો પર ઘોડા,મેમથ અને ગેંડાઓની આકૃતિઓ પણ દોરવામાં આવી છે. આમ તો વર્ષ ૨૦૦૦માં એક સંશોધકે પ્રથમ વાર આ ગુફાની શોધ કરી હતી. દોદોન્ય કયૂસાચ નામની આ ગુફામાં જોવા મળતા પ્રાચીન માનવ અવશેષો, ખૂબ સમય પહેલા લૂપ્ત થયેલા રીંછની નિશાનીઓ અને અહીંયાની નાજુક કલાકૃતિઓ હેરત પમાડે તેવી છે.

આ કલાકૃતિઓને સંરક્ષિત રાખવા માટે ખૂબ મહેનત કરવામાં આવી છે. ફ્રાંસના ઓફિસર્સ કોઇને આ પ્રાચીન ગુફામાં જવાની મંજુરી આપતા નથી. માત્ર રિસર્ચ માટે વર્ષમાં માત્ર ચાર અઠવાડિયા એટલે કે એક મહિનાની જ મંજુરી મળે છે. ગુફાની શોધ થઇ પછી પ્રથમવાર જ એક આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થાની ટીમને વૈજ્ઞાનિકો સાથે જવાની પરવાનગી આપવામાં આવી હતી. આ દરમિયાન કેટલાક કક્ષોની અંદર સંશોધકોને ૬ માનવ શરીરના અવશેષ મળ્યા હતા. માનવ અવશેષોના કાળ પણ દીવાલો પર ઘોડા, મેમથ અને ગેંડાઓની આકૃતિઓના સમય જેટલો છે.

અત્યાર સુધી મળી આવેલી ગુફાઓમાં આ પ્રથમ એવી ગુફા છે જેનો પ્રાગેતિહાસિક કાળમાં માણસોને દફનાવવાની સાથે કળાકૃતિઓના સર્જન માટે પણ ઉપયોગ થતો હતો. પ્રાગેતિહાસિક કાળની આ લાંબી ગુફામાં હજુ અનેક રહસ્યો બહાર આવવાના બાકી છે. પ્રવેશદ્વારમાં પહોંચવાની સાથે જ સમગ્ર મુલાકાતી ટીમને સફેદ રંગના સુરક્ષાત્મક કપડા પહેરાવવામાં આવ્યા હતા. માથા પર ટોપી અને હાથમાં ગ્લોવ્ઝ ઉપરાંત પગરખાના સોલને પણ કીટાણુરહિત કરવામાં આવ્યા હતા. અગાઉ ફ્રાંસની બીજી એક મશહૂર ગુફા લાસ્કુમાં પ્રવાસીઓના પ્રવેશથી સુક્ષ્મજીવોને ભારે નુકસાન થયું હતું.

આ ગુફાની કલાકૃતિઓની નકલ તૈયાર કરીને ઓકટોબર ૨૦૨૪માં એક પ્રદર્શન પણ આયોજિત કરવામાં આવ્યું હતું. આ ગુફાની લંબાઇ ૧.૬ કિલોમિટર જેટલી છે જેમાં ૧૦૦૦થી વધુ આકૃતિઓ જેમાં જાનવર અને મહિલાઓનો પણ સમાવેશ થાય છે. કેટલાક વૈજ્ઞાનિકો આ ગુફાને ૨૬૦૦૦થી ૩૫૦૦૦ વર્ષ જેટલી પ્રાચીન ગણાવે છે. યુરોપમાં પ્રાચીન ગ્રેવેટિયન સંસ્કૃતિ ફૂલી ફાલી હતી એ સમયે ગુફા કદાંચ અસ્તિત્વમાં આવી હતી. અંદરથી ગુફા અત્યંત સ્વચ્છ અને સુરક્ષિત સ્થિતિમાં છે. સંશોધકોની ટીમને ગુફાના નીરિક્ષણ સમયે ખૂબજ સાંકળી ગલી જેવા રસ્તા પરથી પસાર થવું પડયું હતું.

# સમય મિરર

samaymirror@gmail.com

SAMAY MIRROR (MORNING DAILY)

RNI NO:-GUJGUJ/2022/84575

DATE : 2-5-2025 ■ FRIDAY


# ગુજરાતના દરિયાકાંઠા નજીક યુદ્ધ જહાજો એલર્ટ મોડમાં

## ભારતીય નૌ-સેનાનું ગ્રીન નોટિફિકેશન, પાકિસ્તાને 4 વખત ગ્રીન નોટિફિકેશન જાહેર કર્યા બાદ ટાંઈ-ટાંઈ-ફીસ

**સમય મિરર । નવી દિલ્હી**

પહલગામમાં આતંકી હુમલો થયા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ થઈ ગઈ છે. એકતરફ ભારત સરકારે સેનાને તમામ પ્રકારની છૂટ આપી છે, તો બીજીતરફ પાકિસ્તાન પણ યુદ્ધના ભયથી એલર્ટ થઈ ગયું છે. ભારતીય નૌકાદળે સુરક્ષાના ભાગરૂપે ગઈકાલથી ગુજરાતના તટ નજીક મોટાપાયે સૈન્ય અભ્યાસ શરૂ કરી દીધો છે. આ સૈન્ય અભ્યાસ ૩૦ એપ્રિલથી ત્રણ મે સુધી ચાલશે. આ દરમિયાન કોઈપણ અસામાન્ય પ્રવૃત્તિને લઈ યુદ્ધજહાજોને એલર્ટ પર રખાયા છે.

ભારતીય નૌકાદળએ તાજેતરમાં જ દૂર દૂર સુધીના ટાર્ગેટ પર સટિક હુમલાની તૈયારીના ભાગરૂપે મિસાઈલોનું ટેસ્ટિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન યુદ્ધજહાજોથી અનેક એન્ટી-શિપ મિસાઈલ ફાયરિંગ કરી સફળતાપૂર્વક ટેસ્ટિંગ કરાયું હતું. હવે ભારતીય નૌકાદળે અનેક પ્રકારના સૈન્ય અભ્યાસો શરૂ કરી દીધા છે અને તેમાં મિસાઈલ ફાયરિંગ અને યુદ્ધાભ્યાસ સહિતની બાબતો સામેલ છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં હજુ વધુ સૈન્ય અભ્યાસો અને પ્રદર્શનો યોજવાની યોજના છે. ભારતીય કોસ્ટ ગાર્ડે પણ ગુજરાતના તટથી દૂર આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ પાસે જહાજ તહેનાત કર્યા છે. અહીં દેરખેર વધારવા માટે કોર્સ્ટ ગાર્ડ અને નૌકાદળ સાથી મળીને કામ કરી રહ્યા છે.

ભારતીય નૌકાદળના પ્રવક્તાએ સોશિયલ મીડિયા એક્સ પર કહ્યું કે, 'અભ્યાસનો મુખ્ય હેતુ લાંબા અંતરના સટીક આક્રમક હુમલાઓ માટે પ્લેટફોર્મો, સિસ્ટમ અને ચાલક દળની તત્પરતા અને મનોબળ વધારવા માટેનો છે. ભારતીય નૌકાદળે અરબી સમુદ્રમાં યુદ્ધજહાજો તહેનાત કર્યા છે. નૌકાદળની ક્ષમતા, તત્પરતા અને ભારતીય દરિયાઈ સરહદોની સુરક્ષા કરવાનો અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

પાકિસ્તાને આ તંગદિલીના માહોલ વચ્ચે છેલ્લા એક સપ્તાહમાં ચાર વખત મિસાઈલ પરિક્ષણ કરવાની જાહેરાત કરી છે. પરંતુ હજી સુધી એક પણ વખત મિસાઈલ પરિક્ષણ કર્યું નથી. ૨૪ એપ્રિલે પાકિસ્તાને જાહેરાત કરી હતી કે, તેણે ૨૪-૨૫ એપ્રિલના કરાચી તટ નજીક વિશેષ આર્થિક ઝોનમાં સરફેસ-ટુ સરફેસ મિસાઈલનું પરિક્ષણ કરશે. પરંતુ હજી સુધી કોઈ પરિક્ષણ જોવા મળ્યું નથી. પાકિસ્તાનની ભૂ-સેના છેલ્લા સાત દિવસથી સતત સીઝફાયરનો ઉલ્લંઘન કરી રહી છે. બીજી બાજુ ભારતની નૌસેનાએ ૩૦ એપ્રિલથી ૩ મે સુધી ગુજરાત તટ નજીક અરબ સાગરમાં યુદ્ધાભ્યાસ કરતા ત્રણ ગ્રીન નોટિફિકેશન જાહેર કર્યા છે. તેમજ દરિયાઈ સરહદ પર યુદ્ધ જહાજોને યુદ્ધ માટે સજ્જ બનાવ્યા છે.

નોંધનીય છે, નૌસેનામાં ગ્રીન નોટિફિકેશનનો અર્થ જાહેર નોટિસ થાય છે. જેનો ઉપયોગ જહાજો અને એરક્રાફ્ટને પોતાની ગતિવિધિઓની જાણ કરવા માટે થાય છે. જેમાં એક નિશ્ચિત સમયમાં નિશ્ચિત સ્થળ પર મિસાઈલ ટેસ્ટિંગ અને મોક ડ્રિલ થાય છે. ભારતીય નૌસેનાએ હાલમાં જ પોતાના યુદ્ધ જહાજો પરથી અનેક એન્ટી-શીપ મિસાઈલ પરિક્ષણ પણ કર્યા હતાં. જે સફળ રહ્યા હતાં. ભારતીય નૌસેના અનેક પ્રકારના યુદ્ધાભ્યાસ કરી રહી છે. જેમાં મિસાઈલ ફાયરિંગ અને યુદ્ધાભ્યાસ સામેલ છે. આગામી દિવસોમાં અનેક પ્રદર્શન અને અભ્યાસ કરવાની યોજના છે. ભારતીય કોસ્ટ ગાર્ડે ગુજરાત તટ પરથી દૂર આંતરરાષ્ટ્રીય સમુદ્ર સરહદની નજીક યુદ્ધ જહાજ પણ તૈનાત કર્યા છે. તેમજ પાકિસ્તાન પર ચાંપતી નજર રાખી રહી છે.

સત્તાવાર સુત્રોએ જણાવ્યા પ્રમાણે, આગામી દિવસોમાં નૌસેના દ્વારા વધુ અભ્યાસ અને મિસાઈલ ટેસ્ટિંગ થવાની યોજના છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ભારતીય નૌસેનાના પ્રવક્તાએ જણાવ્યું કે, અભ્યાસ દરમિયાન કરવામાં આવેલા ફાયરિંગ લાંબા અંતરના સટીક આક્રમક હુમલા માટે પ્લેટફોર્મ્સ, પ્રણાલીઓ અને ચાલક દળની તત્પરતાને પ્રમાણિત કરવા તેમજ પ્રદર્શિત કરવા માટે હતાં. અગાઉ પણ INS સુરતે અરબ સાગરમાં મધ્યમ અંતરે હવામાં જ મિસાઈલને તોડી પાડનારી મિસાઈલ વાયુ રક્ષા મિસાઈલ પ્રણાલીનું સફળ ટેસ્ટિંગ કર્યું હતું. જે આપણી સુરક્ષા ક્ષમતાઓને વધુ મજબૂત બનાવે છે.



# આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે : પાકિસ્તાનને ઝાટક્યું

**હુમલાની નિંદા કરીને ભારત સાથે સહયોગ કરવા પાક.ને યુ.એસ.ની સલાહ**

**સમય મિરર । નવી દિલ્હી**

બુધવારે અમેરિકાના વિદેશ મંત્રીએ પાકિસ્તાનના પીએમ શહબાઝ અને ભારતીય વિદેશ મંત્રી જયશંકર સાથે વાત કરી હતી.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ બુધવારે રાત્રે પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકર સાથે વાત કરી હતી. તેમણે પહેલગામ હુમલાની નિંદા કરી અને કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે છે. માર્કો રુબિયોએ બંને દેશોને તણાવ ઘટાડવા અને દક્ષિણ એશિયામાં શાંતિ જાળવવા માટે સાથે મળીને કામ કરવા અપીલ કરી. સમાચાર એજન્સી AFP અનુસાર, શહબાઝ શરીફે માર્કો રુબિયો સાથેની વાતચીત દરમિયાન ભારત પર આક્રમક અને ઉશ્કેરણીજનક વર્તનનો આરોપ લગાવ્યો.

શરીફે અમેરિકાને અપીલ કરી કે તે ભારત પર જવાબદારીપૂર્વક વર્તવા અને તેના નિવેદનબાજીને રોકવા દબાણ કરે. તેમણે વધુમાં કહ્યું કે ભારતના ઉશ્કેરણીજનક વલણને કારણે આતંકવાદ વિરુદ્ધ પાકિસ્તાનની ચાલી રહેલી કાર્યવાહી પ્રભાવિત થઈ શકે છે. પ્રાદેશિક પરિસ્થિતિઓ વધુ ખરાબ થઈ શકે છે.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકર સાથે વાત કરી હતી. માર્કો રુબિયોએ પહેલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે દુખ વ્યક્ત કર્યું અને આતંકવાદ સામે ભારત સાથે સહયોગ કરવાની અમેરિકાની પ્રતિબદ્ધતાની ફરી વાત કરી.

આ આતંકવાદી હુમલા બાદ, વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકા, આતંકવાદ સામેના અભિયાનમાં ભારતની સાથે ઉભો છે. પાકિસ્તાન દ્વારા સંપૂર્ણ યુદ્ધની ધમકી થોડા દિવસો પહેલા, અમેરિકાએ સ્પષ્ટ સંકેત આપ્યો હતો કે તે આતંકવાદીઓને શોધવા અને મારવા માટેના કોઈપણ ઓપરેશનમાં ભારતને સમર્થન આપશે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટેમી બ્રુસે જણાવ્યું હતું કે માર્કો રુબિયોએ ફોન પર જયશંકર સાથે એકજુથતા વ્યક્ત કરી હતી અને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આતંકવાદ સામે અમેરિકા ભારતની સાથે છે. જોકે, તેમણે ભારતને આ હુમલા માટે પાકિસ્તાનને દોષી ઠેરવવામાં અને બદલો લેવાની માંગ કરવામાં સાવધાની રાખવાની સલાહ પણ આપી.

આ દરમિયાન, ટેમી બ્રુસે કહ્યું કે વડાપ્રધાન શરીફ સાથે ફોન પર વાતચીત દરમિયાન, રુબિયોએ પાકિસ્તાનને ૨૨ એપ્રિલના રોજ કાશ્મીરમાં થયેલા હુમલાની નિંદા કરવા અને તપાસમાં સહયોગ કરવા કહ્યું. અમેરિકાના વિદેશ મંત્રીએ પાકિસ્તાની અધિકારીઓને આ અમાનવીય હુમલાની તપાસમાં સંપૂર્ણ સહયોગ આપવા વિનંતી કરી.

બુધવારે મોડી રાત્રે, ભારતે પાકિસ્તાન માટે પોતાનો એરબેઝ બંધ કરી દીધો. આનો અર્થ એ થયો કે પાકિસ્તાનથી આવતી તમામ પ્રકારની ફ્લાઇટ્સ ૨૩ મે સુધી ભારતીય એરસ્પેસમાં ઉડી શકશે નહીં. ભારતે પાકિસ્તાનના વાયુસેનાઓને નોટિસ ફટકારી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ ફ્લાઇટ ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. પાકિસ્તાને ૨૩ એપ્રિલે ભારત માટે પોતાની એરસ્પેસ બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને સેના પ્રમુખ ઉપેન્દ્ર દ્વિવેદી વચ્ચેની ઉચ્ચ સ્તરીય બેઠક બાદ લેવામાં આવ્યો. આ બેઠક એક કલાક ચાલી. જોકે, આ બેઠકમાં એરસ્પેસ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો કે કેમ તે જણાવાયું નહોતું.

# પહલગામના આતંકીઓએ 2024માં 6 શ્રમિક, 1 ડોક્ટરની પણ હત્યા કરી હતી

**સમય મિરર । નવી દિલ્હી**

૨૨ એપ્રિલના રોજ પહેલગામની બૈસરન ખીણમાં પ્રવાસીઓ પર થયેલા ઘાતક હુમલા માટે જવાબદાર આતંકવાદી મોડ્યુલ , જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા, તે ૨૦૨૪માં જમ્મુ અને કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં થયેલા અગાઉના હુમલા સાથે જોડાયેલું છે, જ્યાં સોનમર્ગમાં ઝેડ-મોર ટનલ પ્રોજેક્ટ નજીક છ મજૂરો અને એક ડોક્ટર માર્યા ગયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને હુમલા પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા સમર્થિત આતંકવાદી એકમ દ્વારા કરવામાં આવ્યા હતા . પહેલગામ હત્યાકાંડમાં સામેલ ઘણા કાર્યકરોએ અગાઉ ઝેડ-મોર હુમલામાં ભાગ લીધો હતો.

૨૦૨૪ના હુમલા પાછળના એક આતંકવાદી, જેની ઓળખ જુનૈદ અહેમદ ભટ્ટ તરીકે થઈ હતી, તે તે વર્ષે ડિસેમ્બરમાં એક એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. ગુપ્ત માહિતી હવે પુષ્ટિ કરે છે કે લશ્કરના આતંકવાદી હાશિમ મુસા, ઉર્ફે સુલેમાન, જે પહેલગામ હત્યાકાંડમાં પણ સંડોવાયેલો છે, તેણે ટનલ હુમલામાં ભૂમિકા ભજવી હતી.

ત્યારે આતંકવાદીઓએ એક ખાનગી બાંધકામ કંપની દ્વારા સંચાલિત કામદારોના કેમ્પ પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં છ મજૂરો અને એક ડોક્ટર સહિત સાત લોકો માર્યા ગયા હતા.

ટનલ હુમલાના ભોગ બનેલાઓમાં બડગામના ડો. શાહનવાઝ, પંજાબના ગુરદાસપુરના ગુરમીત સિંહ, બિહારના મોહમ્મદ હનીફ, ફહીમ નાસિર અને કલીમ, મધ્યપ્રદેશના અનિલ કુમાર શુક્લા અને જમ્મુના ડિઝાઈનર શશી અબરોલનો સમાવેશ થાય છે.

બધા સ્થળ પર તૈનાત બાંધકામ કાર્યબળનો ભાગ હતા. આતંકવાદીઓએ કંપનીના બે વાહનોને આગ ચાંપી દીધી હતી

## જાતિગત વસ્તી ગણતરી કરવાના મુદ્દે રાઉતનું નિવેદન

# સરકાર મોદીની પરંતુ સમય અને સિસ્ટમ રાહુલ ગાંધીની : શિવસેના

**સમય મિરર । મુંબઈ**



કેન્દ્ર સરકારની જાતિગત વસ્તી ગણતરીની જાહેરાત બાદ પક્ષ-વિપક્ષમાં આક્ષેપબાજી શરુ થઈ છે. શિવસેના(ઉદ્ધવ જૂથ)ના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે રાહુલ ગાંધીની ભૂમિકાને નિર્ણાયક ગણાવી મોદી સરકારને ઘેરી છે. તેમણે કહ્યું કે, સરકાર મોદીની હોઈ શકે છે, પરંતુ સમય અને સિસ્ટમ રાહુલની ચાલી રહી છે.

રાહુલ ગાંધીને યોગ્ય ઠેરવતાં રાઉતે કહ્યું કે, રાહુલ ગાંધી છેલ્લા દસ વર્ષથી સતત જાતિગત વસ્તી ગણતરીની માગ કરી રહ્યા હતા. આ મુદ્દો શેરીઓથી માંડી સંસદ સુધી ઉઠાવવામાં આવ્યો. તેમણે યાદ અપાવ્યું કે સંસદમાં રાહુલ ગાંધીના ભાષણોમાં સામાજિક ન્યાય અને પ્રતિનિધિત્વનો મુદ્દો વારંવાર ઉઠાવવામાં આવ્યો છે. હવે અચાનક સરકાર સફાળી જાગી છે. જો વાસ્તવમાં સરકારને સામાજિક ન્યાયની ચિંતા હોત તો તે ક્યારની જાતિગત ગણતરી પૂર્ણ કરી ચૂકી હોત. રાઉતે ભાજપ નેતાઓ પર બેવડું વલણ અપનાવવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, ભાજપ નેતા અનુરાગ ઠાકુરે સંસદમાં રાહુલ ગાંધી પર અપમાનજનક ટિપ્પણી કરી હતી. તે આ વાતનું પ્રમાણ છે કે, ભાજપ જાતિગત ગણતરીનો વિરોધ કરી રહ્યું હતું. આ મુદ્દો વર્ષોથી ગુંજી રહ્યો હતો, ત્યારે શું સરકાર કાનમાં રૂના પૂમડાં ભરાવીને બેઠી હતી? આજે સરકારે વસ્તી ગણતરીનો જે નિર્ણય લીધો છે, તે બહુજન, દલિત, ઓબીસી અને શોષિત વર્ગોની જીત છે. પરંતુ તેનો શ્રેય રાહુલ ગાંધીને આપવો જોઈએ.

સંજય રાઉતે સરકારની આ જાહેરાતના સમય પર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે દેશ પહલગામ હુમલા જેવી મોટી દુર્ઘટનાનો સામનો કરી રહ્યું છે અને શક્ય છે કે સરકારે પોતાની નિષ્ફળતા પરથી ધ્યાન ભટકાવવાની રણનીતિ તરીકે આ મુદ્દાને આગળ ધપાવ્યો હોય. જો સરકારને ખરેખર સામાજિક ન્યાયની ચિંતા હોત, તો તેણે અત્યાર સુધીમાં જાતિગત વસ્તી ગણતરી પૂર્ણ કરી લીધી હોત. પરંતુ આ મુદ્દો હવે રાજકીય દબાણ હેઠળ આવ્યો હોવાથી તેના મૂલ્યાંકન કરવાનો અને શ્રેય લેવાનો કોઈ અધિકાર નથી.

# કર્ણાટકમાં નમાજ પઢવા ડ્રાઈવરે સરકારી બસ અધવચ્ચે અટકાવી

**સમય મિરર ।બેંગલૂરુ**



કર્ણાટકના હાવેરી જિલ્લામાં એક સરકારી બસ ડ્રાઈવર દ્વારા ફરજ દરમિયાન બસને અધવચ્ચે રોકીને નમાજ પઢવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ કર્ણાટક પરિવહન વિભાગે તપાસના આદેશ આપ્યા છે. ડ્રાઈવરના આ પગલાંથી મુસાફરોને અસુવિધા થઈ અને કેટલાક મુસાફરોએ આ અંગે ફરિયાદ નોંધાવી.

કર્ણાટક રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસ હુબલીથી હાવેરી જઈ રહી હતી. ડ્રાઈવર બસની અંદર એક સીટ પર બેસીને નમાઝમાં લીન છે, બહાર રસ્તા પર ટ્રાફિક સામાન્ય રીતે ચાલી રહ્યો હતો. આ ઘટના હુબલી-હાવેરી રોડ પર જાવેરી નજીક બની હતી. ડ્રાઈવરની ઓળખ એ. કે. મુલ્લા તરીકે થઈ છે.

બસમાં હાજર કેટલાક મુસાફરોએ આ ઘટનાને પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી અને સોશિયલ મીડિયા પર શેર કરી. મુલ્લાનો નમાઝ પઢતો હોવાનો વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે. મુસાફરોનું કહેવું છે કે બસને અધવચ્ચે રોકવાથી અમારી મુસાફરીમાં વિલંબ થયો અને અમારે અસુવિધાનો સામનો કરવો પડ્યો. કેટલાક મુસાફરોએ આ અંગે પરિવહન નિગમના અધિકારીઓને ફરિયાદ કરી હતી.

કર્ણાટકના પરિવહન મંત્રી રામલિંગા રેડ્ડીએ આ ઘટનાની નોંધ લીધી અને ઉત્તર પશ્ચિમ કર્ણાટક રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના મેનેજરને પત્ર લખીને તપાસનો આદેશ આપ્યો છે.

# અજમેરની હોટેલમાં ભયંકર આગ : બાળક સહિત ચાર જીવતા ભડથું ; ચાર ગંભીર

**સમય મિરર । અજમેર**

અજમેરની એક હોટલમાં લાગેલી આગમાં ચાર વર્ષના બાળક સહિત ચાર લોકો જીવતા ભૂંજાયા. આમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. દોઢ વર્ષના બાળક સહિત ચાર લોકો ઘાયલ થયા હતા. તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. બીજી તરફ, વધુ એક બાળક પણ ઝડપથી ફેલાતી આગમાં ફસાઈ ગયું. માતાએ તેને ઉપાડીને બારીમાંથી નીચે ફેંકી દીધો. તેને નાની-મોટી દાઝી ગયેલી ઈજાઓ છે. દિગ્ગી બજારમાં આવેલી નાઝ હોટેલમાં સવારે ૮ વાગ્યે આગ લાગી હતી. થોડી જ વારમાં આગ હોટલના પાંચમા માળે પહોંચી ગઈ. હોટલમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ રોકાયા હતા. આ લોકોએ બારીઓમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો.

જેએલએન મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ ડો. અનિલ સમરિયાએ જણાવ્યું હતું કે આઠ દાઝી ગયેલા લોકોને ત્યાં લાવવામાં આવ્યા હતા. તેમાંથી ચાર મૃત્યુ પામ્યા. ૪ની હાલત ગંભીર છે. મૃત્યુ પામેલા લોકોમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે. ૧૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને બહાર કાઢવામાં આવ્યા છે. હોસ્પિટલમાં દાખલ ચારમાંથી એક વ્યક્તિ ૧૦૦ ટકા દાઝી ગઈ છે. બાકીના ત્રણ ૫૦ અને ૬૦ ટકા દાઝ્યા છે.

હોટલ સુધી પહોંચવાનો રસ્તો સાંકડો છે. તેથી, બચાવ કાર્યમાં ઘણી મુશ્કેલી પડી રહી છે. બચાવ કામગીરી દરમિયાન ઘણા પોલીસ કર્મચારીઓ અને ફાયરફાઈટરોની તબિયત પણ બગડી ગઈ. અધિક પોલીસ અધિક્ષક હિમાંશુ જાંગીડ અને અન્ય પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. આ હોટલ પાંચ માળની છે. આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું કહેવાય છે.

પ્રત્યક્ષદર્શી માંગીલાલ કલોસિયાએ જણાવ્યું કે, AC ફાટવાનો અવાજ આવ્યો. હું અને મારી પત્ની બહાર દોડી ગયા. આ પછી ટેક્સી ડ્રાઈવરને બોલાવવામાં આવ્યો. ફાયર બ્રિગેડ અડધા કલાક પછી પહોંચી. અમે બહારથી કાચ તોડી નાખ્યો. એક સ્ત્રીએ ઉપરથી પોતાનું બાળક મારા ખોળામાં ફેંકી દીધું. જ્યારે તેણી પણ કૂદવા ગઈ ત્યારે અમે તેને રોકી. બીજો એક યુવક પણ બારીમાંથી કૂદી પડ્યો. તેને માથામાં ઈજા થઈ છે. મૃતકોમાં નવી દિલ્હીના મોતી નગરના રહેવાસી મોહમ્મદ ઝાહિદ (ઉં.વ.૪૦) છે. આ ઉપરાંત મૃતકોમાં એક ૩૦ વર્ષીય મહિલા, એક ૨૦ વર્ષીય યુવક અને એક ૪૦ વર્ષીય પુરુષનો પણ સમાવેશ થાય છે. જ્યારે દોઢ વર્ષના ઈબ્રાહિમ, કૃષ્ણા, અલ્કા, ધવન ઘાયલ છે.

# ટ્રમ્પનું ટેરિફ હથિયાર બૂમરેંગ : ત્રણ વર્ષમાં પહેલી વાર ઈકોનોમી ડાઉન

**સમય મિરર । નવી દિલ્હી**



ટેરિફનું હથિયાર ટ્રમ્પ માટે ઉલટું પડયું છે. અમેરિકાની ઈકોનોમીમાં પ્રથમ ત્રિમાસિકમાં ૦.૩ ટકાનો ઘટાડો થયો છે. ત્રણ વર્ષમાં આ પહેલી ઘટના છે જયારે ઘટાડો નોંધાયો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટેરિફ નીતિને આના માટે જવાબદાર માનવામાં આવે છે.

કોમર્સ ડિપાર્ટમેન્ટના બ્યુરો ઓફ ઈકોનોમીક એનાલિસીસના જણાવ્યા મુજબ, ગત ત્રિમાસિકમાં જીડીપીમાં ૦.૩ ટકા ઘટાડો થયો છે. મંગળવારે આવેલો આ ડેટા દેખાડે છે કે માર્ચમાં માલની વ્યાપાર ખોટમાં રેકોર્ડબ્રેક આયાતને લઈને ભારે વધારો થયો છે.

આથી મોટાભાગના અર્થશાસ્ત્રીઓએ પોતાના જીડીપીના અનુમાન લગાવ્યા છે. ચોથી ત્રિમાસિકમાં અર્થવ્યવસ્થા ૨.૪ ટકાના દરે વધી હતી. ટ્રમ્પના પ્રથમ ૧૦૦ દિવસના કાર્યકાળ સાથે જ આ રિપોર્ટ અમેરિકનો વચ્ચે તેમની આર્થિક નીતિઓને લઈને નારાજગી પણ બતાવે છે. વેપારીઓ દ્વારા વધુ કોસ્ટથી બચવા માટે ભારે માત્રામાં સામાન આયાત કરવાથી અર્થવ્યવસ્થા પણ ખરાબ અસર પડી છે.

જીડીપી રિપોર્ટ જાહેર થયા બાદ અમેરિકી શેરબજારમાં પણ ઘટાડો જોવા મળ્યો. છેલ્લા અનેક મહિનાથી ટ્રમ્પ સરકારની ટેરીફ નીતિથી દુનિયામાં અનિશ્ચિતતા વધી છે. સાથે સાથે ચીન સાથે પણ ટ્રેડવોર ચરમસીમાએ છે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે ટ્રમ્પ ગ્લોબલ ટ્રેડમાં જે ફેરફાર લાવવાની કોશિશ કરે છે.

તેથી અમેરિકામાં મોંઘવારી વધવાની અને મંદી આવવાની આશંકા છે. જો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ આશંકાઓ ફગાવી દીધી છે તેમનું કહેવું છે કે અમેરિકા ફરીથી બુમ કરશે. પણ તેના માટે આપણે બાઈડનના હેંગઓવરથી બહાર નીકળવું પડશે. ટેરિફ સાથે કઈ લેવા દેવા નથી.

# પહેલગામ હુમલાની ન્યાયિક તપાસની માંગ સુપ્રીમ કોર્ટે ફગાવી

## અરજદારને કહ્યું, આવી અરજી લઈને દોડ્યા ન આવો, આનાથી સેનાનું મનોબળ તૂટે છે

**સમય મિરર । નવી દિલ્હી**



સુપ્રીમ કોર્ટે પહલગામ આતંકવાદી હુમલાની તપાસની માગ કરતી PIL પર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો છે. આ મામલે નિવૃત્ત જજની દેખરેખ હેઠળ તપાસ કરવાની માગ થઈ હતી. જેના પર ફિટકાર લગાવતાં સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દીધી છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટેશ્વર સિંહની બેન્ચે કહ્યું કે, આ પ્રકારની અરજીઓથી સેનાનું મનોબળ તૂટી જાય છે.

સુપ્રીમ કોર્ટે અરજદાર અને વકીલ ફતેશ સાહુની અરજી ફગાવતાં કહ્યું કે, 'હાલ આ અરજી કરવાનો સમય નથી. હાલ આખો દેશ એકજૂટ થઈ આતંકવાદ વિરુદ્ધ લડી રહ્યો છે, ત્યારે આ પ્રકારના મામલામાં ક્યારથી નિષ્ણાતો સામેલ થવા લાગ્યા? હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના જજ કેવી રીતે સુરક્ષા બાબતોમાં નિષ્ણાત બની શકે છે. આ પ્રકારની અરજીઓથી સેનાનું મનોબળ પડી ભાંગે છે. અમારું કામ વિવાદોનો ઉકેલ લાવવાનું છે. સુપ્રીમ કોર્ટે પહલગામ આતંકવાદી હુમલાની ટીકા કરતાં કહ્યું કે, હાલ દેશના પ્રત્યેક નાગરિક માટે નાજુક ઘડી છે. આ મામલાની ગંભીરતા અને સંવેદનશીલતાને સમજો.'

સુપ્રીમ કોર્ટે અરજદારને સલાહ પણ આપી છે કે, 'અમારું કામ વિવાદો ઉકેલવાનું છે. તેઓ વિદ્યાર્થીઓ માટે કોર્ટમાં આવ્યા હતા. પરંતુ તમારી આ અરજીમાં વિદ્યાર્થીઓ માટે એક પણ અરજી નથી. આ પ્રકારની અરજી કરશો નહીં. તમે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ પાસે તપાસ કરાવવા માંગો છો? આ મામલાની ગંભીરતા તો સમજો. જજનું કામ વિવાદો ઉકેલવાનું છે. તપાસ કરવાનું નહીં. મહેરબાની કરીને જવાબદાર વકીલ બનો. કોર્ટે અરજી પરત લેવાની સલાહ આપતાં જ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અપીલ કરી હતી કે, સુપ્રીમ કોર્ટ તેમને હાઈકોર્ટમાં જતાં પણ રોકે.

અરજીમાં પહલગામ હુમલાની તપાસ માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજના નેતૃત્વ હેઠળ એક ન્યાયિક આયોગની રચના કરવા માગ થઈ હતી. તેમજ અરજીમાં કેન્દ્ર, જમ્મુ-કાશ્મીર, સીઆરપીએફ, ગઈઅને જમ્મુ-કાશ્મીરના પ્રવાસન સ્થળોમાં નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એક્શન પ્લાન તૈયાર કરવાનો નિર્દેશ આપવાની પણ માગ કરી હતી.

## તંત્રીલેખ



# કયામતની રાતનો પાકિસ્તાનને બેસબરીથી ઈંતઝાર

પહેલગામ હુમલા પછી ભારત સહિત વિશ્વભરમાં જ્યારે આતંકવાદ વિરુદ્ધ ગુસ્સાની આગ પ્રજવલીત થઈ છે ત્યારે પાકિસ્તાને હવે આ હુમલો કરીને પસ્તાઈ રહ્યુ છે આ હુમલાના ભારતમાં એટલા ઘેરા પ્રત્યાઘાત પડશે તેવું પાકિસ્તાની હુકમરાનોએ કલ્પના પણ કરી ન હતી. જે પ્રકારે ભારતે આ હુમલાને લઈને આરપારની લડાઈની ગંભીરતા દર્શાવી છે તે જોઈને પાકિસ્તાન અત્યારે થરથર કાંપી રહ્યું છે. ભારતે હજુ હુમલાની તારીખ અને સમય કે સ્થળ નક્કી કર્યો ન હોવાથી પાકિસ્તાની સેના અને પાકિસ્તાની સરકાર ભારે અવઢવની સ્થિતિમાં છે. પાકિસ્તાની સંસદમાં ત્યાંના સત્તાધારી અને વિપક્ષી સાંસદો ફાંકાફોજદારી કરીને ભારતને જોઈ લેવાની ગીદ્ધડભભ્કી આપી રહ્યા છે. જો કે, તેઓ અંદરખાને ખુબ જ ડરી ગયા છે અને જાણે છે કે, પાકિસ્તાની આવામનો જુસ્સો જાળવી રાખવા માટે આવુ બોલવું જરૂરી છે. કેમ કે, પાકિસ્તાન ઘણા સમયથી પોતાના દેશમાં જ વિવિધ વિરોધી સંગઠનોથી ઘેરાયેલું છે એક તરફ બ્લુચ લિબ્રેશન આર્મી, બીજી તરફ ખૈબર પખ્તુનવાના વિરોધીઓ, ત્રીજી તરફ સીંધમાં થતો વિરોધ અને ચોથી તરફ તાલીબાનીઓનો વિરોધ સહન કરતું પાકિસ્તાના ઘરમાં જ ચાર મોરચે ઘેરાયેલુ હતું. ત્યારે ભારત સાથે પંગો લઈને પાકિસ્તાની સેના અને ત્યાંના મૌલા મોલવીઓ, સત્તાધીશો ભયથી ફફડી રહ્યા છે. જાહેર મંચ પરથી રાડો પાડી પાડીને ભારતને બે મોઢે ભાંડતા બિલાવર ભુટ્ટોએ અને પાકિસ્તાની સેનાના અમલદારે તો પોતાના પરિવારને વિદેશ ભેગો કરી દીધો છે. આના પરથી જ સમજાઈ શકે છે કે, પાકિસ્તાન કેટલુ ડરી ગયું છે. આ ડર સારો છે.

ભારતે અગાઉ પણ ઘણી વખત પાકિસ્તાનને ડરાવી ડરાવીને ઘુસ્તાવ્યું છે. આમ છતાં પાકિસ્તાન એક કુતરાની પુછડી જેવું છે કે જે ક્યારે પણ સીધુ થઈ શકે તેમ નથી. જો કે, વડાપ્રધાન મોદીએ આ વખતે જે બોડીલેંગ્વેજ દર્શાવીને આરપારની લડાઈનો હુંકાર કર્યો છે. તેનાથી પાકિસ્તાન જાણે પોતાના કયામતની રાતનો બેસબરીથી ઈંતઝાર કરી રહ્યુ હોય તેમ ભારતના હુમલાની ફફડતા હૈયે રાહ જોઈ રહ્યું છે. પાકિસ્તાનના વિવિધ પ્રાંતોમાં ફેલાયેલી સેનાને અત્યારે ભારતની સરહદે ખડકી રહેલા પાકિસ્તાનને જો કે, સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય તેવો હુમલો સહન કરવો પડશે જેનો ઈશારો વડાપ્રધાન મોદીએ તાજેતરમાં જ કર્યો હતો. બે દિવસ પહેલા સેનાની ત્રણેય પાંખના વડાઓ, સુરક્ષા મંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથેની બેઠકમાં વડાપ્રધાન મોદીએ સેનાને છુટોદોર આપીને પાકિસ્તાનને ભરીપીવા જણાવી દીધું હતું. આ સમાચારની જાણ થતાં જ પાકિસ્તાનની સેનાના અસંખ્ય સૈનિકોની વર્દી ભીની થઈ ગઈ છે. એક જાણકારી મુજબ બ્લુચ લીબ્રેશન આર્મીએ ટ્રેનનું અપહરણ કરીને પાકિસ્તાની સેનાના અસંખ્ય સૈનિકોને ઢાળી દીધા હતાં અને અસંખ્ય સૈનિકોને બંદીવાન બનાવ્યા હતા ત્યાર બાદ સુત્રોનું જો સાચુ માનીએ તો આશરે દસેક હજાર પાકિસ્તાની સૈનિકોએ રાજીનામા આપી દીધા હતાં. વડાપ્રધાન મોદીના લલકાર બાદ વધુ પાંચ હજાર સૈનિકોએ સેના છોડી હોવાનું આધારભૂત સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. આના ઉપરથી જ ખ્યાલ આવી જાય છે કે, પાકિસ્તાન સામે ચાલીને કયામતની રાહ જોઈ રહ્યું છે.

આ લખાય છે ત્યારે જાણવા મળી રહ્યું છે કે ખૈબર પખ્તુનવામાં પાકિસ્તાની સેના અને ખૈબર પખ્તુનવાની પોલીસ આમને સામને આવી ગઈ છે. બન્ને સુરક્ષાદળોએ એકબીજાની સામે બંદુક તાણી દીધી છે. નોંધનીય છે કે, બ્લુચ લિબ્રેશન આર્મી પાકિસ્તાની સેનાનું જાની દુશ્મન તો અગાઉથી જ બન્યું છે. પણ હવે ભારતના હુમલા સમયે બ્લુચિસ્તાની લડવૈયાઓ પાકિસ્તાની સેનાને અંદરથી જ નિશાને લેશે તો પાકિસ્તાનને બન્ને મોરચે લડવુ ભારે પડી જશે. ભારત સાથે લડાઈના સંકેત મળતા જ તુર્કીએ હર્ક્યુલીસ વિમાન તાબડતોબ પાકિસ્તાનમાં મોકલીને થોડા હથિયાર અને દારૂગોળો મોકલ્યો હતો જો કે, આજે જાણવા મળતી હકીકત મુજબ તુર્કીએ એ પણ પાકિસ્તાન સામેથી મો ફેરવી લીધું છે. અને ભારતની આ દુખદ ઘડીમાં ભારતને ટેકો આપ્યો છે. વિશ્વમાં અમેરિકા, ચીન, અને રશિયા પછી ભારત પાસે ચોથુ સૌથી મોટુ સૈન્યબળ તો છે જ પણ ચોથો સૌથી મોટો શસ્ત્રનો ખજાનો પણ છે. જ્યારે પાકિસ્તાનની કમનસીબી એ છે કે, થોડા મહિના પહેલા પૈસાની ભારે તંગીને દૂર કરવા માટે પાકિસ્તાને તેનો મોટાભાગનો સસ્ત્ર સરંજામ યુક્રેને વેચી દીધો હતો. હાલ જો પૂર્ણ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય તો પાકિસ્તાન પાસે માત્ર ચાર દિવસ ચાલે એટલો જ શસ્ત્રસરંજામ સ્ટોકમાં છે જ્યારે પૂર્ણકક્ષાના યુદ્ધમાં ભારત પાસે ૪૦ દિવસ ચાલે તેટલો શસ્ત્રઅંજામ ઉપલબ્ધ છે. વળી ભારત પોતાનો ૮૦ ટકા શસ્ત્ર અંજામ અને દારૂગોળા પર સ્વનિર્ભર છે જ્યારે પાકિસ્તાનને ચાલુ યુદ્ધે દારૂગોળા માટે વિશ્વના અન્ય દેશો પર આધાર રાખવો પડશે જે યુદ્ધની સ્થિતિમાં કોઈ કાળે શક્ય નહીં બને.

# અમદાવાદના ''મિનિ બાંગ્લાદેશ'' ગણાતા ચંડોળા તળાવ વિસ્તાર પર બે - બે દાયકાઓથી લલ્લાની લાલિયાવાડી પર ''લલ્લુ'' તંત્રવાહકોની નજર કેમ ન ગઈ?

## અમદાવાદની અર્થવ્યવસ્થામાં બાંગ્લાદેશી ઘૂસણખોરોએ ખૂબ મોટી સેંધ મારી હોવા છતાં સરકાર અત્યાર સુધી સૂતી રહી તેની સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે

લોહા ગરમ હે, માર દો હથોડા! શોલે ફિલ્મનો આ બહુ જ ફેમસ થયેલો ડાયલોગ ઠાકુર બળદેવસિંહનો રોલ નિભાવતા સંજીવ કુમાર અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્રને ઉદ્દેશીને કહે છે અને એ પછી તરત જ ખૂબ જ લોકપ્રિય થયેલું મહેબૂબા.. મહેબૂબા નામનું હેલન પર ફિલ્માવેલુ ગીત આવે છે. ગીત પૂરું થતાં સુધીમાં જય અને વીરુ ગબ્બરની મહેફિલમાં જોરદાર ધમાકો કરે છે. આવો જ ધમાકો લોહા ગરમ જોઈને અમદાવાદમાં ''મીની બાંગ્લાદેશ'' તરીકે કુખ્યાત એવા ચંડોળા વિસ્તારમાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ગત મંગળવારે કર્યો. ૨૯ એપ્રિલ, ૨૦૨૫ અને મંગળવારનો દિવસ અમદાવાદના ચંડોળા તળાવ પાસે ગેરકાયદેસર રહેતા લોકો માટે અમંગળ સાબિત થયો. વાસ્તવમાં અહીં તંત્ર દ્વારા ૨૦૦૦થી વધુ પોલીસકર્મીઓના કાફલા સાથે ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી. જેનુ સીધુ મોનિટરિંગ રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. મેગા ડિમોલિશનની કામગીરી પર ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીનું નિવેદન સામે આવ્યું હતું. હર્ષ સંઘવીએ કહ્યું કે, અલકાયદાના સહયોગી અને ૪ બાંગ્લાદેશી પકડાયા ત્યાં ડિમોલિશનની કાર્યવાહી કરાઇ છે. આ સાથે સંઘવીએ કહ્યું કે, ૧-૧ ઈંચ જગ્યા અમે ખાલી કરાવીશું. જ્યાં સૌથી વધુ ડ્રગ્સ કાર્ટલ પકડાયું, ત્યાં ડિમોલિશન કરાયું છે. આ સાથે તેમણે ઉમેર્યું કે, માનવતાને ધ્યાને રાખીને કામ કરવામાં આવશે. મહત્વનું છે કે, ડિમોલિશનની કામગીરી કરાતા સવા લાખ ચો.મીટર જગ્યા ખાલી થઈ છે



મેટ્રોસિટી અમદાવાદમાં તારીખ ૩૦ ને બુધવારે પણ ડિમોલિશન કાર્યવાહી યથાવત રહી હતી.

મહત્વનું છે કે, ૧ મે ના દિવસે પણ વધુ દબાણ દૂર કરાયુ હતું. મહત્વનું છે કે, ૬૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે તો અત્યાર સુધીમાં ૨૦૦૦ ઝુંપડાએ દૂર કરાયા છે. મહત્વનું છે કે, આ કાર્યવાહી દરમિયાન તંત્રએ ૧ લાખ સ્કવેર મીટર જમીન ખુલ્લી કરાવી છે.

**પ્રસંગ રંગ**
**- પી.એન.જાડેજા**

લલ્લા બિહારી નામના બિહારીએ આજથી બાવીસેક વર્ષ પહેલા આ વિસ્તારમાં પગપેસારો કર્યો હતો. ધીમે ધીમે લલ્લા બિહારીએ આ વિસ્તારમાં ગેરકાયદે ઓરડીઓ બનાવીને બાંગ્લાદેશી ઘુસણખોરોને આશરો આપવાનું શરૂ કર્યું હતું. વધુ ચોકાવનારી બાબત એ છે કે લલ્લા બિહારી વિવિધ ડોક્યુમેન્ટ બનાવવા માટે મોસમોટી રકમ ઘૂસણખોર બાંગ્લાદેશીઓ પાસેથી ઉઘરાવતો હતો. ખોટા ભાડા કરાર કરીને તેઓને વીજ કનેક્શન પણ અપાવતો હતો. એક ઓરડીના નામે વીજ કનેક્શન મેળવીને ચાર ચાર ઓરડીઓમાં વીજ લાઈનના દોરડા લંબાવવી રીતસર વીજચોરી પણ કરાવતો હતો. જાણીને આશ્ચર્ય થશે કે આવા ઝુપડપટ્ટી વિસ્તારમાં જે જે ઝુંપડાઓમાં વીજચોરી થતી હતી ત્યાં એ.સી લગાવવામાં આવેલા હતા. જ્યારે આ વિસ્તારમાં બુલડોઝર ચાલ્યુ ત્યારે અત્યંત ચોંકાવનારી ઘણી વિગતો બહાર આવી હતી. પણ સાથોસાથ આશ્ચર્ય એ વાતનું છે કે આટલા વર્ષોથી એક પરપ્રાંતીય શખ્સ અમદાવાદ જેવા શહેરમાં અને ચંડોળા તળાવ જેવા સમગ્ર વિસ્તાર પર કબજો જમાવી લે અને રાજ્ય સરકારને તેની ગંધ પણ ન આવે એવું કેમ બની શકે?

ચંડોળા તળાવમાં ડીલોમેશનની કામગીરી શરૂ કરતાં જ હાઇકોર્ટમાં આ ઓપરેશન અટકાવવા માટે ૨૩ જેટલા અરજદારોએ પિટિશન ફાઈલ કરી હતી. જોકે હાઇકોર્ટે કોઈ પણ રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. હાઇકોર્ટે કહ્યું હતું કે આ તમામ આવાસો જળાશયની જમીન પર બાંધવામાં આવ્યા છે અને જળાશય એ રાજ્યની સંપત્તિ છે આથી તેના પર કોઈ પણ પ્રકારના આવાસ હોઈ શકે નહીં. આ કારણને આગળ ભરીને અરજદારો તરફથી માગવામાં આવેલી રાહત હાઈકોર્ટે ફગાવી દીધી હતી.

બીજી અન્ય ચોકાવનારી બાબત એ છે કે બાંગ્લાદેશી સગીરાઓથી લઈને મહિલાઓ કે જે એકલી હોય તેને અહીં દેહવેપાર કરાવવામાં આવતો હતો. ટપોરી એવો લલ્લા બિહારી પોતાના આલિશાન રિસોર્ટમાં રહેતો હતો અને આવી મહિલાઓને રિસોર્ટની નજીકની ઓરડીઓમાં પૂરી રાખતો હતો! રિસોર્ટમાં બાંગ્લાદેશી ઘૂસણખોર એવી સગીરા, યુવતીઓ અને મહિલાઓ પાસે ખુલ્લેઆમ લોહીના વ્યાપારનું મસ મોટું રેકેટ પણ ચલાવતો હતો. લલ્લા બિહારી આ વિસ્તારમાં એક સામાન્ય શ્રમિક તરીકે આવ્યો હતો અને ધીમે ધીમે સમગ્ર વિસ્તાર પર તેણે રીતસર કબજો કરી લીધો હતો. મીની બાંગ્લાદેશ તરીકે કુખ્યાત એવા આ વિસ્તારની રાજ્ય સરકારને વર્ષો અગાઉથી જાણ હતી. હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે અને ત્યારબાદ આનંદીબેન પટેલ, વિજય રૂપાણી અને હવે ભુપેન્દ્ર પટેલની સરકાર આવી પણ તેમાંથી કોઈ પણ સરકારે આ વિસ્તારમાં થતી ઘૂષણખોરી અને ગેરકાયદે વસાહત ઉપર ક્યારે ધ્યાન કેમ ન આપ્યું તે એક આશ્ચર્ય ઉપજાવતો સવાલ છે.

તળાવની જમીન પર ૨,૦૦૦ વારમાં વૈભવી ફાર્મ હાઉસ બની જાય અને તે પણ એક પરપ્રાંતીય દ્વારા બનાવવામાં આવેલું હોય ત્યારે એ શંકા પણ નીપજે કે કોઈ સ્થાનિક રાજકીય ઓથ વગર આ કોઈ કાળે શકય નથી. તપાસ તો હવે એ બાબતની થવી જોઈએ કે કયા કયા રાજનેતાઓનું લલ્લા બિહારીને છૂપું સમર્થન હતું? આ વિસ્તાર પર કેમ કોઈનું ધ્યાન અત્યાર સુધી નહીં ગયું હોય એવા સવાલનો જવાબ આ તપાસમાં છુપાયેલો હોય શકે છે. છેલ્લા ૨૨ વર્ષમાં બાર બાર મ્યુનિસિપલ કમિશનર, ૭ જિલ્લા કલેકટર અને ૧૫ એસીપી આવી અને જતાં રહ્યા આમ છતાં આ વિસ્તારમાં ચાલતી ગેરકાનૂની પ્રવૃત્તિઓ કે દબાણ કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને લઈને ઊભી થતી ભયજનક પરિસ્થિતિ પર કોઈનું ધ્યાન કેમ નહીં ગયું હોય તેવો સવાલ હાલતો લોકોમાં પણ ઉઠી રહ્યો છે?

એક અંદાજ પ્રમાણે લલ્લા બિહારીએ ઝૂંપડા, દુકાન, પાર્કિંગ, પાર્ટી પ્લોટ સહિતના ભાડાની મહિનાની ૮ થી ૧૦ લાખ રૂપિયાની બેઠી આવક ઊભી કરી દીધી હતી. દેશની સુરક્ષા માટે વધુ એક ચોંકાવનારી એ હકીકત પણ ઉજાગર થઈ હતી કે લલ્લા બિહારી ઘૂષણખોર બાંગ્લાદેશીઓને માત્ર બે લાખ રૂપિયામાં ભારતની નાગરિકતા અપાવી દેતો હતો. ૨૫,૦૦૦ રૂપિયામાં આધાર કાર્ડ અને ૫૦૦૦ રૂપિયામાં પાનકાર્ડ બનાવી દેતો હતો! લલ્લા બિહારી ચંડોળામાં છેલ્લા ૨૨ વર્ષથી ગેરકાયદે બાંગ્લાદેશીઓને વસાવવાનો માસ્ટર માઈન્ડ છે.

હાલ પાકિસ્તાન સાથે તનાવગ્રસ્ત પરિસ્થિતિને લઈને પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ્દ કરવામાં આવ્યા ત્યારે લોઢું ગરમ છે એવું જાણીને સરકારે બાંગ્લાદેશીઓ ઉપર પણ પ્રહાર કરી લીધો છે. ''દેર આયે દુરસ્ત આયે'' તેમ માનીને અમદાવાદવાસીઓએ જોકે મન મનાવ્યું છે. પરંતુ આટલી મોટી બેદરકારીનો સવાલ તો એમનો એમ જ ઉભો રહ્યો છે.

લલ્લા બિહારીએ ૨ હજાર ભિખારીઓની ગેંગ બનાવીને સમગ્ર અમદાવાદને ભિખારીગ્રસ્ત બનાવવામાં પણ અહં ભૂમિકા ભજવી છે. દરેક ભિખારી પાસેથી એ ૫૦૦ રૂપિયા વસુલતો હતો! હવે જરા વિચારો માત્ર ભીખ નું ટર્નઓવર જ ૧૦ લાખ રૂપિયા થઈ જતું હતું. વળી અમદાવાદમાં એ ૨૫૦ રિક્ષાઓ ભાડે ચલાવતો હતો! આટલો મોટો કારોબાર એ બાંગ્લાદેશી ઘૂસણખોરીના આધારે જ ચલાવતો હોય ત્યારે અમદાવાદ જેવા શહેરની સુરક્ષામાં કેટલી મોટી ચૂક કહેવાય? ન કરે નારાયણ અને કાલે સવારે ઊઠીને એ આવા તમામ લોકો પાસે અચાનક દંગા ફસાદ કરાવે તો અમદાવાદની શું હાલત થાય એ વિચાર માત્ર કંપારી છૂટાવે એવો છે.

હાલ ભારતને ભલે પાકિસ્તાનથી અને ચીનથી સાવધાન રહેવાની જરૂરિયાત દેખીતીરીતે વર્તાતી હોય; પણ ખરી સાવચેતી આવા ઘુસણખોરોથી રાખવાની જરૂર છે કેમકે તેઓ દેશની સરહદે નહી પણ ભારતીયોની વચ્ચે રહે છે, તમામ પ્રકારના લાભ મેળવે છે, ભારતીયોનો હક્ક મારી ખાય છે અને વળી પાછા નુકશાન તો ભારતનું જ કરે છે. વફાદારીની લગીરે અપેક્ષા આવા લોકો પાસેથી રાખવી એ નરી મૂર્ખતા છે. રાજકીય નેતાઓ પોતાનો સ્વાર્થ સાધવા માટે કેટલી હદે જઈ શકે છે એનું વરવું ઉદાહરણ ચંડોળાનું આ ''મીની બાંગ્લાદેશ'' છે. શક્ય છે કે અહીંથી થતી અઢળક કમાણીનો ઉપયોગ લલ્લા બિહારી દેશવિરોધી તત્વો માટે કરતો હોય અને ભંડોળ પૂરું પાડતો હોય. હાલની જે કાર્યવાહી થઈ છે એ ૨૦૨૩માં ઝડપાયેલા અલકાયદાના ૪ આતંકીઓની પૂછપરછમાં ચંડોળા ની કડી મળી હતી એના આધારે થઈ છે. આથી એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે, દેશ વિરોધી પ્રવૃતિ માટેના કેન્દ્ર સમાન હતી ચંડોળા તળાવ સ્થિત આ ગેરકાયદે વસાહત. જેનો હવે ઘડો લડવો થઈ ગયો છે. પણ હવે સરકારે બે વર્ષ પહેલા તળાવને ડેવલપ કરવા માટે ૨૭.૫૨ કરોડનું બજેટ ફાળવ્યું હતું એનો સદુપયોગ થશે. આ કામગીરી ૧૮ માસમાં પૂરી થવાની હતી પણ કોન્ટ્રાક્ટરે પહેલા ઝૂંપડા દૂર કરાવવાની શરત મૂકતા કામગીરી શરૂ થઈ ન હતી જે હવે શરૂ થવાની શક્યતા છે. આપણે ઈચ્છીએ કે હવે બધા સારાવાના થશે.

# મણિમહેશ કૈલાશ ક્યાં છે? ભગવાન શિવે લગ્ન પહેલા બનાવ્યું હતું આ સ્થળ

મણિમહેશ કૈલાશ હિમાચલ પ્રદેશમાં આવેલું છે. આ પવિત્ર સ્થળ પંચ કૈલાશમાંનું એક માનવામાં આવે છે. ઘણા શિવ ભક્તો દર વર્ષે મણિમહેશ કૈલાસના દર્શનાર્થે જાય છે. કૈલાશ પર્વતની તળેટીમાં આવેલા માનસરોવર તળાવની જેમ, અહીં પણ એક તળાવ આવેલું છે. એવું માનવામાં આવે છે કે ભગવાન શિવે દેવી પાર્વતી સાથે લગ્ન પહેલા મણિમહેશ કૈલાશની રચના કરી હતી. આજે તમને મણિમહેશ પર્વતને લગતી કેટલીક રસપ્રદ માહિતી આપીશું.



મણિમહેશ કૈલાસ એક પવિત્ર તીર્થસ્થાન છે

મણિમહેશ કૈલાશ પર્વત હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં સ્થિત એક પવિત્ર સ્થળ છે. પંચ કૈલાશમાંથી એક, મણિમહેશ કૈલાશ પાસે, કૈલાશ પર્વત જેવું તળાવ છે. આ તળાવનું નામ મણિમહેશ તળાવ છે. એવું માનવામાં આવે છે કે માનસરોવર અને મણિમહેશ તળાવની ઊંચાઈ લગભગ એક સરખી છે. મણિમહેશ તળાવની ઊંચાઈ સમુદ્ર સપાટીથી લગભગ ૪૦૦૦ મીટર છે, જ્યારે મણિમહેશ કૈલાશની ઊંચાઈ ૫૪૮૬ મીટર છે.

મણિમહેશ કૈલાશ યાત્રા

દર વર્ષે ભગવાન શિવના ઘણા ભક્તો મણિમહેશ કૈલાશની મુલાકાત લે છે. આ યાત્રા ભરમૌરથી શરૂ થાય છે અને અહીંથી મુસાફરોએ લગભગ ૧૩ કિલોમીટર ચાલવું પડે છે. દર વર્ષે ભાદ્રપદ મહિનામાં અહીં યાત્રા શરૂ થાય છે. મણિ મહેશ કૈલાશની યાત્રા ૨૦૨૫ માં ૨૬ ઓગસ્ટથી શરૂ થશે.

ધાર્મિક માન્યતાઓ

ધાર્મિક માન્યતાઓ અનુસાર, ભગવાન શિવ અને માતા પાર્વતી ઘણીવાર મણિમહેશ કૈલાશની મુલાકાત લે છે. દેવી પાર્વતી સાથેના લગ્ન પહેલાં, ભગવાન શિવે મણિમહેશ પર્વતની રચના કરી હતી. એવું માનવામાં આવે છે કે કૈલાશ પર્વતની જેમ, આ મણિ મહેશ કૈલાશ પણ અજેય છે, એટલે કે, આજ સુધી કોઈ તેની ટોચ પર પહોંચી શક્યું નથી. એકવાર એક ભારત-જાપાની ટીમે આ પર્વત પર ચઢવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ સફળ થયા ન હતા. સ્થાનિક લોકોના મતે, ભગવાન શિવની ઈચ્છા વિના કોઈ પણ આ પર્વત પર ચઢી શકતું નથી.

એક સ્થાનિક દંતકથા અનુસાર, એકવાર ગદ્દી સમુદાયના એક માણસે તેના ઘેટાં સાથે પર્વત પર ચઢવાનો પ્રયાસ કર્યો. જોકે, તે શિખર પર પહોંચી શક્યો નહીં અને રસ્તામાં, તે અને તેના ઘેટાં પથ્થર બની ગયા. સ્થાનિક લોકો માને છે કે મણિમહેશ પર્વતના મુખ્ય શિખર નીચેના નાના શિખરો ગદ્દી સમુદાયના માણસ અને તેના ઘેટાંના પથ્થરોમાં ફેરવાઈ જવાને કારણે બન્યા હતા.



# સ્વાસ્થ્ય માટે ગુણોનો ખજાનો છે નાગરવેલનું પાન

ભારતીય આહારમાં ઘણી બધી એવી વસ્તુઓનો સમાવેશ થાય છે, જે સ્વાદ અને સ્વાસ્થ્યનો ખજાનો છે. આમાંથી એક પાન છે, જે ફક્ત તેના સ્વાદ માટે જ નહીં પરંતુ તેના આધ્યાત્મિક મહત્વ માટે પણ જાણીતું છે. આ ઉપરાંત તે સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. આ હજારો વર્ષ જૂના પાનનો ઉલ્લેખ ઘણા પ્રાચીન અને ધાર્મિક ગ્રંથોમાં જોવા મળે છે.

તેના ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ ઉપરાંત તે તેના સ્વાસ્થ્ય લાભો માટે પણ પ્રખ્યાત છે. સદીઓથી આયુર્વેદમાં નાગરવેલનો ઉપયોગ દવા તરીકે કરવામાં આવે છે. સ્વાસ્થ્ય સુધારવા ઉપરાંત તે ઘણી બીમારીઓથી પણ રાહત આપે છે. આવી સ્થિતિમાં આજે તમને નાગરવેલના કેટલાક મોટા ફાયદાઓ વિશે જણાવીશું

### પીડામાં રાહત

જો તમે કોઈપણ પ્રકારના દુખાવાથી પીડાઈ રહ્યા છો, તો નાગરવેલના પાન તેનાથી રાહત મેળવવામાં મદદ કરી શકે છે. તેનો લેપ કે પાન દુખાવાવાળી જગ્યા કે ઈજા પર લગાવવાથી દુખાવો ઓછો થાય છે. આ ઉપરાંત નાગરવેલના પાનનો રસ પીવાથી આંતરિક દુખાવો ઓછો થાય છે.

### ઓરલ હેલ્થ જાળવો

નાગરવેલના પાન ઓરલ હેલ્થ જાળવવામાં પણ મદદ કરે છે. દરરોજ એક નાનું પાન ચાવવાથી મોંમાં રહેલા બેક્ટેરિયા સામે લડવામાં મદદ મળે છે જે દુર્ગંધ, પોલાણ, તકતી અને દાંતમાં સડોનું કારણ બને છે.

### પાણીની ઉણપ દૂર કરો

નાગરવેલના પાનમાં સારી માત્રામાં ભેજ હોય છે અને તેમાં ચરબી અને કેલરી ઓછી હોય છે, જે ઉનાળામાં પાણીની ઉણપને દૂર કરવામાં મદદ કરે છે. આ ઋતુમાં આ પાંદડા ચાવવાથી ગરમીથી રાહત મળે છે.

### વજન ઘટાડવામાં મદદરૂપ

ઉનાળાની ઋતુ વજન ઘટાડવા માટે ખૂબ જ સારી માનવામાં આવે છે. આવી સ્થિતિમાં જો તમે પણ વજન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છો, તો નાગરવેલના પાન તમને મદદ કરી શકે છે. તે શરીરની ચરબી ઘટાડે છે અને ચયાપચય વધારે છે.

### પાચન સુધારે

સામાન્ય રીતે પાન ભોજન સાથે ખાવામાં આવે છે. આનું કારણ એ છે કે નાગરવેલ પાન પાચન સુધારવામાં મદદ કરે છે. તેના પાંદડા ચયાપચય વધારે છે અને આપણા આંતરડાને જરૂરી વિટામિન અને પોષક તત્વો શોષવામાં મદદ કરે છે, જેનાથી આપણું પેટ સ્વસ્થ રહે છે.

# બોલીવુડ વાઈફ બનશે ફાતિમા સના શેખ

**મધુર ભંડારકરની ફિલ્મનું શૂટિંગ ઑગસ્ટમાં શરૂ થશે અને આવતા વર્ષે થિયેટરમાં રિલીઝ થશે.**

નેશનલ અવોર્ડ વિજેતા ફિલ્મમેકર મધુર ભંડારકરની આગામી ફિલ્મ 'વાઈવ્સ ઑફ બોલીવુડ'માં ફાતિમા સના શેખ બોલીવુડ સ્ટારની પત્નીનો રોલ ભજવશે. આ ફિલ્મના લીડ કલાકારોની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે અને ફાતિમા એવી પહેલી ઍક્ટ્રેસ છે જેને કન્ફર્મ કરવામાં આવી છે. આ ફિલ્મનું શૂટિંગ ઑગસ્ટમાં શરૂ થશે અને એ આવતા વર્ષે થિયેટરમાં રિલીઝ થશે.

એક ઇન્ટરવ્યુમાં 'વાઈવ્સ ઑફ બોલીવુડ' વિશે મધુર ભંડારકરે જણાવ્યું હતું કે 'બોલીવુડ સ્ટાર્સની પત્નીઓના જીવન વિશે ઘણીબધી અટકળો ને ધારણાઓ છે. ફિલ્મનો ઉદ્દેશ વાસ્તવિક કિસ્સાઓ આધારિત અજાણી વાર્તાઓ મોટા પડદે લઈ જવાનો છે.'

મધુર ભંડારકરે અગાઉ જર્નાલિઝમની દુનિયામાં ડૂબકી મારતી 'પેજ ૩', બોલીવુડની અભિનેત્રીઓનું જીવન દર્શાવતી 'હિરોઇન' અને ફેશન-વર્લ્ડની કાળી બાજુ દર્શાવતી 'ફેશન' ફિલ્મ બનાવી હતી. ઉપરાંત તેમની 'ચાંદની બાર', 'ટ્રાફિક સિગ્નલ' અને 'જેલ' જેવી ફિલ્મો નોંધનીય રહી છે. રિપોર્ટ મુજબ 'વાઈવ્સ ઑફ બોલીવુડ'માં મધુર ભંડારકર બોલીવુડ સ્ટાર્સની પત્નીઓના જીવન સાથે જોડાયેલાં અજાણ્યાં પાસાંઓ જેવાં કે સ્કેન્ડલ્સ, ગોસિપ, પાવર-સ્ટ્રગલ અને લક્ઝરી લાઈફ દર્શાવશે.



# આ છે મનીષાની બેસ્ટ ફ્રેન્ડ, ઓળખી?

મનીષા કોઈરાલા સોશ્યલ મીડિયામાં ભાગ્યે જ પોસ્ટ કરતી હોય છે. જોકે તાજેતરમાં તેણે પોતાની લેટેસ્ટ પોસ્ટમાં તેના ફ્રેન્સની મુલાકાત તેની ખાસ મિત્ર સાથે કરાવી છે. તેની આ ખાસ મિત્ર બીજું કોઈ નહીં પણ ફિલ્મ-ઇન્ડસ્ટ્રીની એ ફેમસ ઍક્ટ્રેસ છે જેણે 'સૌદાગર'માં તેની સાસુનો રોલ ભજવ્યો હતો. મનીષાની આ ખાસ મિત્ર છે દીપ્તિ નવલ. ઇન્સ્ટાગ્રામ પર આ તસવીર શેર કરીને મનીષાએ લખ્યું કે 'પોતાની સૌથી નજીકની મિત્ર સાથે દરિયાકિનારે લટાર મારવી એ શાનદાર અનુભવ છે. મને યાદ છે કે બાળપણમાં હું દીપ્તિ નવલની ફિલ્મો જોતી હતી અને પછી મને તેમની સાથે 'સૌદાગર'માં કામ કરવાની જ્યારે તક મળી ત્યારે હું બહુ ખુશ થઈ ગઈ હતી. આ ફિલ્મમાં તેમણે મારી સાસુનો રોલ કર્યો હતો અને અમારા સંબંધ આજે પણ મધુર અને સહજ છે.'મનીષા કોઈરાલા અને દીપ્તિ નવલ વચ્ચે વર્ષોથી ગાઢ મિત્રતા છે. મનીષાની ડેબ્યુ ફિલ્મ 'સૌદાગર'માં પણ દીપ્તિ નવલે કામ કર્યું હતું અને ત્યારથી બન્ને વચ્ચે સારી મિત્રતા છે. એ પછી મનીષા કેન્સરનો ભોગ બની અને કેન્સર સામેનો જંગ જીત્યા પછી તેણે બોલીવુડમાં બીજી ઇનિંગ્સની શરૂઆત કરી ત્યારે તેણે પહેલી ફિલ્મ કરી હતી 'દો પૈસે કી ધૂપ, ચાર આને કી બારિશ'. ૨૦૦૯માં આવેલી અને દીપ્તિ નવલે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં મનીષાએ ૧૨ વર્ષના બાળકની માતાનો રોલ કર્યો હતો અને ત્યારથી બન્ને એકબીજાની અત્યંત નજીક છે.

**આ મિત્ર બીજું કોઈ નહીં પણ ફિલ્મ-ઇન્ડસ્ટ્રીની એ ફેમસ ઍક્ટ્રેસ છે જેણે સૌદાગરમાં મનીષા કોઈરાલાની સાસુનો રોલ ભજવ્યો હતો**



# 'લાપતા લેડીઝ'ની અભિનેત્રી છાયા કદમ મોટી મુશ્કેલીમાં! ગરોળી, હરણ, શાહુડીનું માંસ ખાવું પડ્યું ભારે

આમિર ખાન ફિલ્મ્સ ની ફિલ્મ 'લાપતા લેડીઝ'માં મહત્વની ભૂમિકા ભજવનાર અભિનેત્રી છાયા કદમ એક નિવેદન આપ્યા બાદ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. તેમનું નિવેદન જંગલી પ્રાણીઓ વિશે હતું, જેના કારણે તેને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

અભિનેત્રી છાયા કદમ ઘણા સમયથી હેડલાઇન્સમાં છવાયેલી છે, પરંતુ એવું લાગે છે કે 'લાપતા લેડીઝ' સ્ટાર હવે ઉંદર હરણ, સસલા, જંગલી ડુક્કર, મોનિટર ગરોળી અને શાહુડી સહિત સંરક્ષિત જંગલી પ્રજાતિઓનું માંસ ચાખવાનો દાવો કરીને ચર્ચામાં આવી રહી છે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે, કદમને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે, કારણ કે વન વિભાગ તપાસ શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે.

મુંબઈ સ્થિત NGO પ્લાન્ટ એન્ડ એનિમલ વેલ્ફેર સોસાયટી એ અભિનેત્રી વિરુદ્ધ થાણેના મુખ્ય વન સંરક્ષક અને વિભાગીય વન અધિકારી ને પત્ર મોકલીને છાયા કદમના તાજેતરના ઇન્ટરવ્યુ પર ચિંતા વ્યક્ત કરી છે. આ ઇન્ટરવ્યુમાં છાયા કદમે સ્વીકાર્યું હતું કે, તે સંરક્ષિત જંગલી પ્રાણીઓનું માંસ ખાય છે. આ સંદર્ભમાં, NGOએ અભિનેત્રી અને જંગલી પ્રાણીઓના શિકાર અને ખાવામાં સામેલ અન્ય લોકો સામે કાનૂની કાર્યવાહીની માંગ કરી છે.

વિભાગીય વન અધિકારી (વિજિલન્સ) રોશન રાઠોડે પુષ્ટિ આપી છે કે, છાયા કદમ વિરુદ્ધ ફરિયાદ મળી છે. તેમણે એક નિવેદનમાં કહ્યું, 'અમને એક ફરિયાદ મળી છે, જે અમે તપાસ માટે મુખ્ય વન સંરક્ષક અને નાયબ વન સંરક્ષકને મોકલી છે. અભિનેત્રીને પૂછપરછ માટે બોલાવવામાં આવશે.'

NGO PAWS ની ટીમે ફરિયાદમાં લખ્યું છે કે, 'અમારી ટીમને અભિનેત્રી છાયા કદમનો એક ઇન્ટરવ્યુ મળ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે તે હરણ, સસલું, જંગલી ડુક્કર, મોનિટર ગરોળી અને શાહુડી વગેરે જેવા સંરક્ષિત જંગલી પ્રાણીઓનું માંસ ખાય છે. તેણીએ આ ઇન્ટરવ્યુ એક રેડિયોને આપ્યો હતો, જે યુટ્યુબ પર પોસ્ટ કરવામાં આવ્યો હતો. આનાથી જનતાને ખોટો સંદેશ મળે છે અને વન્યજીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની ઘણી કલમો હેઠળ તે કાનૂની ગુનો છે. અમે જૈવિક વિવિધતા અધિનિયમ ૨૦૦૨ની સંબંધિત કલમો લાગુ કરવાની પણ અપીલ કરીએ છીએ. ઇન્ટરવ્યુને ગુનાહિત કબૂલાત તરીકે ગણવો જોઈએ. અમે તેના અને ગેરકાયદેસર શિકાર અને જંગલી પ્રાણીઓના ખાવામાં સામેલ અન્ય લોકો સામે તપાસ કરવા અને કાનૂની પગલાં લેવા વિનંતી કરીએ છીએ.'

આંતરરાષ્ટ્રીય પ્રાણી સંરક્ષણ સંગઠન, AMMA કેર ફાઉન્ડેશન અને PAWS-મુંબઈના માનદ વન્યજીવન વોર્ડન અને સ્થાપક સુનિશ સુબ્રમણ્યમ કુંજુએ આ ફરિયાદ નોંધાવી છે. તેમણે કહ્યું, 'આઘાતજનક છે કે એક પબ્લિક ફિગર વ્યક્તિ ખુલ્લેઆમ જંગલી પ્રાણીઓનું માંસ ખાવાનું સ્વીકારી રહી છે. એક તરફ અમે વન્યજીવન સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સખત મહેનત કરી રહ્યા છીએ અને બીજી તરફ કેટલાક લોકો ખુલ્લેઆમ કાયદાનો ભંગ કરી રહ્યા છે. વન વિભાગે તપાસ કરવી જોઈએ કે તેઓ આ માંસ ક્યાંથી મેળવે છે અને ગેરકાયદેસર શિકારમાં સામેલ તમામ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.'

નોંધનીય છે કે, છાયા કદમ ઘણા સમયથી તેના વ્યાવસાયિક કાર્યને કારણે હેડલાઇન્સમાં છે. તેની ફિલ્મ ટઓલ વી ઇમેજિન એઝ લાઇટ' કાન્સ ૨૦૨૪માં ગ્રાન્ડ પ્રિક્સજીત્યો હતો. 'લાપતા લેડીઝ'ને ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ઓસ્કારમાં મોકલવામાં આવી હતી. આ દરમિયાન, તેની ત્રીજી ફિલ્મ મડગાંવ એક્સપ્રેસમાં તેના કોમેડી ટાઇમિંગે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.



# પ્રેગ્નન્ટ કિઆરા ઊપડી ગઈ બેબીમૂન પર



**કિઆરા અડવાણી ગણતરીના મહિનામાં મમ્મી બનવાની છે અને તેના ચહેરા પર પ્રેગ્નન્સી ગ્લો સ્પષ્ટ નજરે ચડે છે. હાલમાં કિઆરાએ પોતાના સાશિયલ મીડિયા એકાઉન્ટમાં પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથેની કેટલીક તસવીરો શેર કરી છે.**

કિઆરા અડવાણી ગણતરીના મહિનામાં મમ્મી બનવાની છે અને તેના ચહેરા પર પ્રેગ્નન્સી ગ્લો સ્પષ્ટ નજરે ચડે છે. હાલમાં કિઆરાએ પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથેની કેટલીક તસવીરો શેર કરી છે જેમાં બન્ને એકદમ ખુશખુશાલ છે અને રજાઓની ભરપૂર મજા માણી રહ્યાં છે. આ તસવીરો જોઈને તો લાગે છે કે કિઆરા અને સિદ્ધાર્થ જ્યાં તેમને કોઈ ડિસ્ટર્બ ન કરે એવી અજાણી જગ્યાએ બેબીમૂનની મજા માણવા ઊપડી ગયાં છે.

# ટ્રેડમાર્કના ઉલ્લંઘન બદલ BCCI સામે અરજી, IPLના રોબોટિક કૂતરાનું નામ 'ચંપક' રાખવા પર વાંધો ઉઠાવ્યો

દુનિયાનું સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ મુશ્કેલીમાં મુકાયું છે. IPL ૨૦૨૫ દરમિયાન BCCIને તેના રોબોટ કૂતરાને કારણે નોટિસ મળી છે. આ નોટિસ દિલ્હી હાઈકોર્ટ દ્વારા BCCIને મોકલવામાં આવી છે. વાસ્તવમાં, BCCI એક રોબોટનો ઉપયોગ કરી રહ્યું છે જે IPL ૨૦૨૫ની મેચો દરમિયાન કૂતરા જેવો દેખાય છે. તે ટોસ દરમિયાન જોવા મળે છે અને ખેલાડીઓના વોર્મ-અપ દરમિયાન તેમને કવર પણ કરે છે. આ કૂતરાનું નામ ચંપક રાખવામાં આવ્યું છે અને આ નામ BCCI માટે ગળાની ફાંસ બની ગયું છે.

દિલ્હી હાઈકોર્ટે BCCIને નોટિસ મોકલી છે. હકીકતમાં, બાળકોના એક પ્રખ્યાત મેગેઝિનનું નામ પણ ચંપક છે અને તેથી જ આ કંપનીએ BCCIને ફરિયાદ કરી છે, ત્યારબાદ વિશ્વના સૌથી ધનિક બોર્ડને નોટિસ મોકલવામાં આવી છે. દિલ્હી હાઈકોર્ટે ચંપક મેગેઝિન કેસમાં બીસીસીઆઈ પાસેથી જવાબ માંગ્યો છે. બીસીસીઆઈએ આગામી ચાર અઠવાડિયામાં પોતાનો લેખિત જવાબ આપવો પડશે અને આ મામલે આગામી સુનાવણી ૯ જુલાઈએ થશે. બીસીસીઆઈ પર તેના રોબોટ કૂતરાનું નામ ચંપક રાખીને રજિસ્ટર્ડ ટ્રેડમાર્કનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે.

**IPL ૨૦૨૫ના આયોજન વચ્ચે BCCI ને દિલ્હી હાઈકોર્ટ તરફથી નોટિસ મળી છે. આ નોટિસ રોબોટ કૂતરા ચંપકને કારણે આવી છે**




## રોબોટ કૂતરા ચંપકની વિશેષતાઓ

રોબોટ ડોગ ચંપકની ખાસિયત એ છે કે તે બહુવિધ કેમેરાથી સજ્જ છે. તે મેચ દરમિયાન ચાહકોને એક અલગ દ્રષ્ટિકોણ બતાવી શકે છે. આ ઉપરાંત આ કૂતરાની અંદર ઘણા પ્રકારના સેન્સર લગાવવામાં આવ્યા છે. તેમજ તે ખેલાડીઓના પ્રદર્શન ડેટાને પણ જાળવી શકે છે. રોબો ડોગ ચંપકની એક મોટી ખાસિયત એ છે કે તેને ચાર્જ કરવાની જરૂર નથી, તે આપમેળે ચાર્જ થઈ જાય છે. જો તે પડી જાય, તો તે પોતાની મેળે ઊભો થઈ શકે છે. તેનો ઉપયોગ મેચ પહેલા, ખેલાડીઓની પ્રેક્ટિસ દરમિયાન અને હાફ ટાઇમ દરમિયાન થાય છે. ખાસ વાત એ છે કે આ રોબોટ કૂતરો જે પણ ફોટા અને વિડિયો કેપ્ચર કરે છે, તે તેને સોશિયલ મીડિયા પર પણ અપલોડ કરી શકે છે. એટલું જ નહીં, આ કૂતરો ખેતરમાં ડ્રિંક્સ ફેરી પણ લઈ જઈ શકે છે. આ ઉપરાંત આ કૂતરો ખેલાડીઓના હાર્ટ રેટ અને પલ્સ રેટ પણ વાંચી શકે છે.


# યુઝવેન્દ્ર ચહલે IPL ૨૦૨૫ની પહેલી હેટ્રિક લીધી

**પંજાબના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે હેટ્રિક લીધી. ચહલે પંજાબ કિંગ્સ માટે ૧૯મી ઓવર ફેંકી, આ ઓવરમાં તેણે હેટ્રિકની સાથે ૪ વિકેટ પણ લીધી**

ઇન્ડિયન પ્રીમિયર લીગમાં પહેલી હેટ્રિક જોવા મળી છે. લીગની ૪૯મી મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં પંજાબના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે હેટ્રિક લીધી. ચહલે પંજાબ કિંગ્સ માટે ૧૯મી ઓવર ફેંકી હતી.

આ ઓવરમાં તેણે હેટ્રિકની સાથે ૪ વિકેટ પણ લીધી. આ ચહલની ઈંડક્માં બીજી હેટ્રિક છે. અગાઉ IPL ૨૦૨૨માં, ચહલે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે સતત ૩ વિકેટ લીધી હતી. ચહલ તે સમયે રાજસ્થાન રોયલ્સનો ભાગ હતો. ચહલ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે હેટ્રિક લેનાર પ્રથમ બોલર બન્યો અને ચેપોકમાં આ સિદ્ધિ મેળવનાર બીજો બોલર બન્યો.

ઓવરની શરૂઆત વાઈડ સાથે કરી ચહલે ૧૯મી ઓવરનો પહેલો બોલ વાઈડ ફેંક્યો. આવી સ્થિતિમાં, જ્યારે તેણે ફરીથી આ બોલ ફેંક્યો, ત્યારે મહેન્દ્ર સિંહ ધોનીએ છ ગ્ગા ફટકાર્યો. ચહલે બીજા જ બોલ પર ધોનીને પેવેલિયન મોકલી દીધો. ધોની આઉટ થયા પછી ક્રીઝ પર આવેલા દીપક હુડ્ડાએ ત્રીજા બોલ પર ૨ રન લીધા. ચોથા બોલ પર હુડ્ડા પ્રિયાંશ આર્યના હાથે કેચ આઉટ થયો. ચહલે ૫માં બોલ પર અંશુલ કંબોજને બોલ્ડ કર્યો હતો. હવે ચહલ હેટ્રિક પર હતો. નૂર અહેમદે તેનું કામ સરળ બનાવી દીધું. ઓવરના છેલ્લા બોલ પર, નૂરે એરિયલ શોટ માર્યો અને માર્કો જેન્સેનના હાથે કેચ આઉટ થયો.



# એમ.એસ.ધોનીની નિવૃત્તિનું કાઉન્ટડાઉન શરૂ, કેપ્ટન કૂલે આપ્યો મોટો સંકેત

**પંજાબ કિંગ્સ સામે રમાઈ રહેલી મેચ દરમિયાન એમએસ ધોનીએ એક મોટું નિવેદન આપ્યું છે. તેણે નિવૃત્તિ અંગે પોતાનું મૌન તોડ્યું છે.**

IPL ૨૦૨૫ની ૪૯મી મેચ CSK અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાઈ હતી છે. આ મેચમાં પંજાબે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટોસ સમયે, એમએસ ધોનીએ પોતાની નિવૃત્તિ પર મૌન તોડ્યું. તેમણે એવું કંઈક કહ્યું છે જેનાથી તેમની નિવૃત્તિ અંગેની અટકળો વધી ગઈ છે.

એમએસ ધોનીએ નિવૃત્તિ અંગે પોતાનું મૌન તોડ્યુંઃ ટોસ પછી એમએસ ધોનીએ વાત કરી, જેમાં તેણે હસતાં હસતાં કહ્યું કે કદાચ હું આગામી આઈપીએલ મેચ નહીં રમી શકું. IPL ટોસ પ્રેઝન્ટર ડેની મોરિસને ધોનીને પૂછ્યું, અહીં (સ્ટેડિયમ) ચાહકોનો ઉત્સાહ જુઓ. અથવા એનો અર્થ એ કે તમે આવતા વર્ષે પણ રમવા પાછા આવી રહ્યા છો? માહીએ હસતાં હસતાં જવાબ આપ્યો કે અત્યારે મને ખબર પણ નથી કે હું આગામી મેચ રમીશ કે નહીં.

IPL ૨૦૨૫ની શરૂઆતમાં ધોની CSK માટે ખેલાડી તરીકે ભાગ લઈ રહ્યો હતો. પરંતુ ઋતુરાજ ગાયકવાડની ઈજા બાદ, ધોની CSKની કેપ્ટનશીપ સંભાળી રહ્યો છે. જોકે, આ સિઝનમાં CSKની હાલત ખરાબ છે. અત્યાર સુધી રમાયેલી ૯ મેચોમાં CSK ફક્ત ૨ મેચ જીતી શક્યું છે, જ્યારે ૭ મેચ હારી ગયું છે. CSK પણ ૪ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને છે.



# પ્રભસિમરને CSK સામે અડધી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો

પંજાબ કિંગ્સના સ્ટાર યુવા બેટ્સમેન પ્રભસિમરન સિંહે IPLમાં એક ખાસ સિદ્ધિ હાંસલ કરી છે. CSK સામે અડધી સદી ફટકાર્યા બાદ પ્રભસિમરન IPLમાં સૌથી વધુ રન બનાવનાર અનકેપ્ડ ખેલાડી બન્યો.

પંજાબ કિંગ્સના ઓપનર પ્રભસિમરન સિંહે બુધવાર, ૩૦ એપ્રિલના રોજ ચેન્નાઈ સુપર કિંગ્સને IPL ૨૦૨૫માંથી બહાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઓપનરે પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી માત્ર ૩૬ બોલમાં ૫૪ રન બનાવ્યા હતા, પરિણામે પંજાબે બે બોલ અને ચાર વિકેટ બાકી રહેતા ૧૯૧ રનનો ટાર્ગેટ એચિવ કર્યો હતો.

પોતાના શાનદાર પ્રદર્શનથી, પ્રભસિમરને IPLમાં એક સર્વકાલીન રેકોર્ડ બનાવ્યો, જે કેશ રિચ લીગમાં અનકેપ્ડ ખેલાડી માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો. અત્યાર સુધી તેની IPL કારકિર્દી માં તેણે ૪૪ ઇનિંગ્સમાં ૨૫.૦૪ની સરેરાશ અને ૧૫૧.૭૯ની સ્ટ્રાઇક રેટથી ૧૧૦૨ રન બનાવ્યા છે, જેમાં એક સદી અને છ અડધી સદીનો સમાવેશ થાય છે.

છેલ્લી ત્રણ સીઝનમાં બેટ બોલ્યું છે

૨૪ વર્ષીય ખેલાડી ૨૦૧૯થી ટુર્નામેન્ટમાં રમી રહ્યો છે અને તેણે છેલ્લા ત્રણ સીઝનમાં ૩૦૦થી વધુ રન બનાવ્યા છે, જેમાં વર્તમાનનો પણ સમાવેશ થાય છે. વધુમાં, આ ઓપનર તેની કારકિર્દીમાં અત્યાર સુધી ફક્ત પંજાબ કિંગ્સ માટે જ રમ્યો છે. પોતાના શાનદાર પ્રદર્શનથી પ્રભસિમરન સિંહે મનન વોહરાને પાછળ છોડી દીધો, જેણે ૫૧ ઇનિંગ્સમાં ૨૨.૧ની સરેરાશ અને ૧૩૦.૬૩ની સ્ટ્રાઇક રેટથી ૧૦૮૩ રન બનાવ્યા હતા.



RMCના સ્માર્ટ બસ સ્ટોપમાં એડ એજન્સીની શરમજનક ચેષ્ટા

# શહીદના મૃતદેહ પાસે રડતી પત્નીનો ફોટો, ઉપર ઝોમેટોની નોનવેજ એડ્.




**સમય મિરર । રાજકોટ**

રાજકોટમાં મહાશિવરાત્રીના દિવસે ઓનલાઇન ફૂડ ડિલીવરી કરતી કંપનીઓ દ્વારા નોનવેજ ફુડની સપ્લાય પકડવા મહાપાલિકાએ દરોડા પાડયા હતા. પરંતુ આવી કંપનીઓને બહુ ફર્ક પડતો ન હોય તેમ હવે તો મનપાના સ્માર્ટ બસ સ્ટોપમાં પણ જોઇને અરૂચી થાય તેવી ઝોમેટો દ્વારા નોનવેજની જાહેરાતના હાટડા ખટકી દેવાની ચેષ્ટા થઇ. જો કે મનપાના જાગૃત સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકરના ધ્યાન પર આવતા એક સભ્ય સમાજની લાગણી દુઃભાય તેની ગંભીરતા લઇ ગણતરીની મિનિટોમાં જ આ જાહેરાત ઉતરાવી લીધી હતી.

કાશ્મીરના પહેલગામમાં ત્રાસવાદીઓના હુમલામાં નિર્દોષ પર્યટકોના મૃત્યુ થયા હતા. તેમાં એક કર્નલના મૃતદેહ પાસે તેમના દુઃખી પત્ની બેઠા હોવાનો ફોટો ખુબ વાયરલ થયો હતો. આ ફોટો બસ સ્ટોપની સીટ પર હતો ત્યારે તેની ઉપર જ કાશ્મીરની બીરીયાનીનું બોર્ડ ચડાવવામાં આવ્યું હતું.

આજે સવારે સ્ટે.કમીટીના ચેરમેન જયમીન ઠાકર રેસકોર્સ રોડ પરથી પસાર થતા હતા. આ દરમ્યાન સ્ટે.ચેરમેનનું ધ્યાન જિલ્લા પંચાયત ચોકમાં આવેલા કોર્પો.ના બસ સ્ટોપ પરના બોર્ડ પર ગયું હતું. ઝોમેટો કંપનીએ ચીકન અને બીરીયાનીની ડિલીવરી માટેનો પ્રચાર કરતું લખાણ મૂકયું હતું. આથી તાત્કાલીક સીટી બસ કંપની અને એસ્ટેટ વિભાગના અધિકારીઓને જાણ કરી હતી. નોનવેજનો પ્રચાર કોર્પો.ની સાઇટ પર કરતું આ બોર્ડ તુરંત ઉતારવા સૂચના આપતા બપોરે જ આ બોર્ડ ઉતારી લેવામાં આવ્યું હતું. સાથે જ શહેરમાં કોઇપણ જગ્યાએ આવા બોર્ડ હોય તો ઉતારીને કોન્ટ્રાકટર કંપનીને નોટીસ આપવા અને સાહિત્ય ઉતારી લેવા પણ આદેશ આપ્યો છે.



જાગૃત સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરનું ધ્યાન પડતા કાળઝાળ જાહેરાત તાત્કાલિક ઉતરાવીઃ એડ્ એજન્સીને નોટિસ

સીટી બસ વિભાગના વડા પી.ડી. અઢીયાએ જણાવ્યું હતું કે આવું બોર્ડ મૂકવા બદલ સુર્યા પબ્લીસીટીને નોટીસ આપવામાં આવી છે. જો આવું પ્રચાર સાહિત્ય હવે મુકવામાં આવે તો ટેન્ડરમાંથી ડી-બાર કરવામાં આવશે. હવે ટેન્ડરની શરતોમાં પણ આ બાબતો સામેલ કરી દેવામાં આવશે.

આ બોર્ડમાં દિલ્લી કા બટર ચીકન, કાશ્મીર કી વેઝવાન બીરીયાનીનો પ્રચાર હતો. કરીમ્સ અને બીરીયાની કવીન બ્રાન્ડના ઉલ્લેખ સાથે દોનો કા ખાસ અબ રાજકોટ કે પાસે એવું સ્લોગન પણ હતું.

# રાજકોટમાં ૬૩૩૭ વિદ્યાર્થીઓ રવિવારે આપશે નીટની પરીક્ષા

## રાજકોટમાં ૧૩ કેન્દ્રો પર નીટની પરીક્ષા : સીસીટીવી વેબકાસ્ટીંગ કરાશે

**સમય મિરર । રાજકોટ**

નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ વિદ્યાશાખાનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે આગામી તા.૪ ને રવિવારના લેવાનાર નિટની પરીક્ષા રાજકોટ સેન્ટ્રલમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટે જીલ્લા વહિવટી તંત્ર સજજ બની જવા પામેલ છે. રાજકોટમાં ૧૩ કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવનાર છે.૬૩૩૭ જેટલા વિદ્યાર્થીઓ આ કસોટીમાં બેસનાર છે. આ પરીક્ષાની વ્યવસ્થા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે જીલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને ખાસ કમીટીની રચના કરવામાં આવી છે. જેમાં જીલ્લા પોલીસ વડા, પોલીસ કમિશનર સહિતનાં ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

કલેકટર પ્રભવ જોશીએ આ અંગે જણાવ્યું હતું કે રાજકોટનાં ૧૩ કેન્દ્રો પરથી નીટની પરીક્ષા લેવાનાર છે.તે તમામ કેન્દ્રોનું વેબકાસ્ટીંગ કરવામાં આવશે.તેમજ સીસીટીવી કેમેરાથી આ પરીક્ષાનું મોનીટરીંગ કરવામાં આવશે.આ પરીક્ષા પર કન્ટ્રોલ રૂમ મારફત સતત દેખરેખ રાખવામાં




આવશે. પરીક્ષા કેન્દ્રોનો મોડલ ઓફીસર તરીકે ૪ ડેપ્યુટી કલેકટરોને જવાબદારી સોંપી દેવામાં આવેલ છે. ૧૨-૩૦ વાગ્યા પછી વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ અપાશે નહિં. આ પરીક્ષા સંદર્ભે રાજયના મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને આયોજીત કરાયેલ રીવ્યુ બેઠકમાં પણ આ પરીક્ષાની તૈયારીઓની સમીક્ષા કરી દેવામાં આવેલ છે.કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે આ પરીક્ષા તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓને કોઈ ખોટી લાલચ અને પ્રલોભનોમાં નહિં ફસાવા તેમજ સોશ્યલ મિડિયા પર ગેરરીતી અંગેનાં વાયરલ થતાં મેસેજથી પણ દુર રહેવા માટે તેઓએ અનુરોધ કર્યો છે.

## કલેકટરે આવતા અઠવાડિયે બોલાવી પ્રિ-મોન્સુન બેઠક

# ચોમાસું વહેલું હોવાની આગાહી વચ્ચે રાજકોટમાં ૧ જુલાઇથી કન્ટ્રોલ રૂમ

**સમય મિરર । રાજકોટ**

ચોમાસાની શરૂઆત થવામાં હજુ તો વાર છે પણ એ પૂર્વે ત્યારે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે. જિલ્લાના ઘણા ગામોમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવવાની સમસ્યા સર્જાતી હોય છે, તેમજ ડેમોની રિપેરિંગની કામગીરી પણ મહત્વપૂર્ણ હોય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આવતા અઠવાડિયે પ્રિ-મોન્સુનની એક બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં તમામ સંબંધિત વિભાગોના અધિકારીઓને હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. કલેકટર વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આવતા અઠવાડિયે જિલ્લા કલેકટર દ્વારા આગામી ચોમાસાની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરશે. આ બેઠકમાં તમામ વિભાગો દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલી પ્રિ-મોન્સુન તૈયારીઓની ચર્ચા






કરવામાં આવશે. જે કામગીરી હજુ સુધી પૂર્ણ થઈ નથી, તેને વહેલી તકે પૂર્ણ કરવા માટે કલેકટર દ્વારા અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવશે. ખાસ કરીને પાણી ભરાવવાની સંભાવનાવાળા વિસ્તારોમાં કરવામાં આવેલી વ્યવસ્થા અને ડેમોની રિપેરિંગની કામગીરીની સમીક્ષા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. વધુમાં જાણવા મળ્યું છે કે, આગામી ૧લી જુલાઈથી કલેકટર કચેરી તેમજ તમામ મામલતદાર કચેરી ખાતે પ્રિ-મોન્સુન કંટ્રોલ રૂમ કાર્યરત કરી દેવામાં આવશે. આ કંટ્રોલ રૂમ ચોમાસા દરમિયાન કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટે ૨૪ કલાક કાર્યરત રહેશે. આ ઉપરાંત, આવતા અઠવાડિયાના અંત સુધીમાં કંટ્રોલ રૂમ માટે ખાસ મહેકમની નિમણૂક પણ કરી દેવામાં આવશે, જે ચોમાસા સંબંધિત તમામ ફરિયાદો અને સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં મદદરૂપ થશે

# રાજકોટની ભાગોળે ૨૦ ગામમાં પાણીનો કકળાટ, ટેન્કર ભરોસે

## પુરવઠા બોર્ડ અને પ્રાંતને સંકલનમાં રહેવા કલેકટરની સૂચના

**સમય મિરર । રાજકોટ**

ધોમ ધખતો તાપનો હજુ એક મહિનો કાઢવાનો છે, અનેક ડેમોમાં પાણી તળીએ પહોંચી ગયું છે, રાજકોટને પાણી પુરૂ પાડતા ડેમોમાં પાણી છે, પરંતુ રાજકોટની ભાગોળે અને રૂડામાં આવતા ૨૦ જેટલા ગામોમાં પાણીનો મોટો કકળાટ શરૂ થયાનું બહાર આવ્યું છે, ગૃહિણીઓને પાણીના બે બેડા માટે વલખવુ પડે તેવી અમુક ગામોમાં સ્થિતિ છે, અમુક ગામો પ્રાઈવેટ ટેન્કર બોલાવે તો ટેન્કર વાળા રૂા. ૧૨૦૦ પડાવતા હોવાની રાવ છે.

દરમિયાન આ બાબતે કલેકટરે જણાવેલ કે રૂડામા ત્રણ ગામો મહિકા, કણકોટ અને ખોખડદળમાં પાણીના ટેન્કરો શરૂ કરાયા છે, ટેન્કરો મંજુર કરવાની સતા જે તે વિસ્તારના પ્રાંત અધિકારીઓને અપાઇ છે, તેમજ પાણી પુરવઠા બોર્ડને પણ પ્રાંત અને રૂડા સામે સંકલન સાધી કોઇ ગામમાં પાણીની તકલીફ ઉભી ન થાય તે જોવા તાકિદ કરાઇ છે.

કલેકટર દ્વારા વિવિધ પ્રાંત અધિકારીઓ તેમજ રૂડા, પાણી પુરવઠા સહિતના વિભાગને પાણીના ટેન્કર શરૂ કરવાની સત્તા આપવામાં આવી છે. રૂડા વિસ્તારમાં આવતા ૧૦ થી ૧૫ ગામોમાં પાણીનો કકળાટ જોવા મળી રહ્યો છે. સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે રૂડા દ્વારા હાલ રાજકોટ નજીક આવેલા ખોખડદળ, કણકોટ, તેમજ માહીકા સહિતના પાંચ જેટલા ગામોમાં પાણી માટે ટેન્કરો શરૂ કરવામાં આવ્યા છે. અન્ય ૧૦ જેટલા ગામોમાં પણ ટૂંક સમયમાં જ પાણીના ટેન્કરો શરૂ કરવામાં આવશે હાલ મંજૂરી સહિતની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે

# RMCમાં જુ.કલાર્કની ભરતી પરીક્ષા ૩ શહેરોમાં લેવાશે

## ૧૨૮ જગ્યા સામે અધધધ... ૬૦ હજાર ઉમેદવારો : રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરામાં પણ રખાયા પરીક્ષા કેન્દ્રો

**સમય મિરર । રાજકોટ**

મહાપાલિકામાં જુનીયર કલાર્કની ૧૨૮ ગ્રેજયુએટ લેવલની જગ્યા ભરવા માટે તા.૪ના રવિવારે પરીક્ષા ગોઠવવામાં આવી છે. મનપા દ્વારા સરકાર માન્ય એજન્સી મારફત આ પરીક્ષા લેવામાં આવે છે, પરંતુ સુપરવિઝન માટે કોર્પો.નો સ્ટાફ રહેતો હોય, ૫૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓને ફરજના હુકમો થયા છે. આ પરીક્ષા રાજકોટ, અમદાવાદ અને વડોદરાના કેન્દ્રો પર લેવામાં આવનાર છે. જેમાં ૬૦ હજારથી વધુ ઉમેદવારો નોંધાયા છે.

મહેકમ વિભાગ દ્વારા થોડા સમય પહેલા જુનીયર કલાર્કની ખાલી પડેલી ૧૨૮ જગ્યા માટે જાહેરાત આપવામાં આવી હતી. જે મુદ્દતમાં ૬૦૫૨૫ અરજીઓ આવેલી છે. તાજેતરમાં આ પરીક્ષા માટે તા.૪ મેનો દિવસ નકકી કરાયો હતો.

એજન્સીએ તારીખ ફાળવતા આ મોટી ભરતી પરીક્ષાની તૈયારી શરૂ કરાઇ હતી. રાજકોટમાં ૧૧૧, અમદાવાદમાં ૮૭ અને વડોદરામાં ૨૭ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવનાર છે. સવારથી બપોર સુધીના સેશનમાં આ પરીક્ષા લેવાશે સૌથી વધુ અરજીઓ રાજકોટમાંથી ૩૧ હજાર થઇ છે તો છેક અમદાવાદ જિલ્લામાંથી પણ ૩૧ હજાર ઉમેદવારોએ જુનીયર કલાર્ક બનવા ફોર્મ ભર્યા છે.

મહાપાલિકામાં આજે સવારથી ત્રણે શહેરોના સ્ટાફને તાલીમ આપવામાં આવી હતી. ડે.કમિશનર સહિતના અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું હતું. રાજકોટ કોર્પો.ના તમામ વિભાગમાંથી ૫૦૦ જેટલા કર્મચારી અને અધિકારીઓને સુપરવિઝન ટીમમાં મૂકવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા આઠ વર્ષમાં મનપા ત્રીજી વખત કલાર્કની ભરતી કરી રહ્યું છે. લગભગ તમામ વખત આટલી સંખ્યામાં જ બેરોજગાર યુવાનોએ અરજી કરી હતી.

### પરીક્ષા કાર્યમાં નોડલ ઓફિસર્સ માટે વાહન ફાળવાયા; કર્મચારીઓને સ્વખર્ચે જવું પડશે

મનપાના કર્મચારીઓને પરીક્ષા સહિતની કામગીરી માટે ખાસ જવાબદારી સોંપાય છે ત્યારે તેઓને વેતન ચુકવણામાં મોટી વિસંગતતા હોવાથી આજે મનપા કર્મચારી પરીષદે કમિશનરને રજુઆત કરી હતી. યુનિયન પ્રમુખ કશ્યપ શુકલ સહિતના હોદ્દેદારોએ કમિશનરને રૂબરૂ પત્ર પાઠવીને જણાવ્યું હતું કે, તા. ૪ના રોજ જુનીયર કલાર્ક કેડરની ભરતી માટે લેખિત પરીક્ષા લેવામાં આવનાર છે. જે માટે જુદી જુદી કેડરના કર્મચારીઓને સુપરવિઝનમાં સામેલ કરાયા છે તા.૩ના રોજ કેન્દ્ર પર હાજર થવાનું છે. શાખાધિકારી દ્વારા ફકત ટી.એ. ચૂકવવા જણાવાયું છે. બહારગામ જવા, રાત્રી રોકાણ, ભોજન, અવરજવરની વ્યવસ્થા કરવાની થશે. તેના બીલ બનાવવા હેતુ ટીકીટો રજુ કરવી જરૂરી છે.પરંતુ અમુક કર્મચારી પોતાની રીતે ગ્રુપમાં વાહન કરવાના હોય, આ બીલ આકારી શકાશે નહીં. તો નોડલ ઓફિસરોને વાહન ફાળવવામાં આવ્યા છે અને માત્ર કર્મચારીઓને જ અન્યાય થયાનું લાગે છે.



# રેસકોર્સ સ્વિમિંગ પુલમાં એક વર્ષ પછી ધૂબાકા, તરવૈયાઓ ખુશખુશાલ

## પોણા બે કરોડના ખર્ચે રિનોવેશન માટે એક વર્ષથી બંધ હતો


**સમય મિરર । રાજકોટ**

શહેરની મધ્યમાં રેસકોર્સની હરીયાળી વચ્ચે આવેલો અને ગાર્ડન સાથેનો સૌથી લોકપ્રિય એવો લોકમાન્ય તિલક સ્વીમીંગ પુલ રીનોવેશન બાદ અંતે આજે તરવૈયાઓ માટે ખુલ્લો મૂકવામાં આવતા સભ્યોમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. કાળઝાળ ગરમી વચ્ચે આજે વહેલી સવારથી જ સભ્યો તરણકુંડમાં પહોંચી ગયા હતા અને ગુજરાત સ્થાપના દિને જય ઘોષ પણ બોલાવ્યો હતો.

ગત જુલાઇ મહિનામાં ચોમાસુ બેચ વખતે આટલા વર્ષોમાં સૌપ્રથમ વખત રેસકોર્સ સ્વીમીંગ પુલ રીનોવેશન માટે એક વર્ષ માટે બંધ કરવામાં આવ્યો હતો. લગભગ પોણા બે કરોડના ખર્ચે આ સ્વીમીંગ પુલનું સંપૂર્ણ રીનોવેશન કરાયું છે.

પુલ હેઠળની જર્જરીત પાઈપલાઇનો બદલવામાં આવી છે. તો ચિલ્ડ્રન અને મોટાના સ્વીમીંગ પુલની ટાઇલ્સ ઇન્ટરનેશનલ કક્ષાના કોર્પોરેટ પુલમાં વપરાતી હોય તેવી ફીટ કરવામાં આવી છે. કેટલાક સભ્યોને જુની ટાઇલ્સના કારણે કયારેક સામાન્ય ઇજા થતી હતી. જે બાબત ધ્યાનમાં લઇને આ ફેરફાર કરવામાં આવ્યા છે.

સ્વીમીંગ પુલ નવો જ બનતો હોય, ચેરમેન જયમીન ઠાકરે



બાળકોના પુલનું પણ સંપૂર્ણ રીનોવેશન કરવા, નવા બાથરૂમ સહિતની સુવિધા ઉમેરવા વધારાનો ખર્ચ પણ મંજૂર કર્યો હતો. જેથી હવે વર્ષો સુધી આ પુલમાં ફેરફારની કોઇ જરૂર નહીં રહે.

ગુજરાત સ્થાપના દિને આ પુલ ખુલ્લો મૂકવામાં આવતા સ્ટાફ અને તમામ સભ્યો એ ગરવી ગુજરાતનો જય ઘોષ બોલાવ્યો હતો. તે બાદ પ્રથમ બેચ શરૂ થઇ હતી. ભારે તાપમાં આ પુલમાં મોટી સંખ્યામાં સભ્યો ઉમટી પડયા હતા.

પુલના કોચ બંકીમભાઇ જોશી, અમિતભાઇ સોરઠીયા, જયેશભાઇ લોઢીયા, સાવનભાઇ પરમાર, અંકિતાબેન કામલીયા, વિશ્વાબેન પરમાર, પલ્લવીબેન, મયુરભાઇ શાહ સહિતની ટીમ સવારથી ફરજ પર હાજર થઇ ગઇ હતી અને સભ્યોને એન્ટ્રી સહિતની તમામ વ્યવસ્થા કરી હતી.

## શહેરમાં દરરોજ ૩ લાખ ૧૫ હજાર લિટરથી વધુનું વેચાણ : દૂધની તમામ પ્રોડકટમાં રૂ.૨ સુધીનો વધારો

# ‘અમૂલ’ રાજકોટવાસીઓના ખિસ્સામાંથી દર મહિને વધુ રૂ.૧.૮૯ કરોડ ખંખેરશે

**સમય મિરર । રાજકોટ**

ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશને અમુલ દૂધના ભાવમાં પ્રતિ લીટર રૂ.૨નો વધારો કર્યો છે. આજે તા.૧લીથી જ તેની અમલવારી શરૂ કરી દેવામા આવી છે. અમુલના આ દૂધ વધારાથી રાજકોટની જનતા ઉપર મહિને રૂ.૧ કરોડ ૮૯ લાખનો વધારાન બોજ આવ્યો હોવાની સતાવાર વિગત છે. રાજકોટ ડેરી(જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.)ના અધિકારી મનિષભાઇ ભાલાળા પાસેથી જ મળેલા સતાવાર આંકડા મુજબ રાજકોટ શહેરમાં ડેરીમાં પ્રોડકશન થયા બાદ અમુલ પાઉચ પેકીંગમાં રોજ ૩ લાખ ૧૫ હજાર લીટરથી વધુ દૂધ સપ્લાય થાય છે. અમુલ દૂધમાં સરેરાશ રૂ.૨ના વધારા લેખે દરોજના ૩.૧૫ લાખ લીટરના સપ્લાયની ગણતરીએ દૈનિક રૂ.૬ લાખ ૩૦ હજાર અને મહિને રૂ.૧ કરોડ ૮૯ લાખનો વધારાનો બોજ આવશે. એક રીતે જોઇએ તો ભાવ વધારાના દ્વંદ્વ યુધ્ધમાં અમુલનું દૂધ પણ મોંઘુદાટ બન્યુ છે. બે દિવસ પહેલા મધર ડેરીએ દૂધના ભાવમાં રૂ.૨નો વધારો ઝિંક્યો હતો. તેની ગણતરીની કલાકોમાં જ અમુલ ડેરીને પણ રૂ.૨નો ભાવવધારાનો ઉફાણો ચડયો! ભાવવધારા પાછળ એવુ કારણ અપાયુ છે કે, અમુલના ૩૬ લાખ દૂધ ઉત્પાદકોના ઈનપુટ ખર્ચમાં વધારાના કારણે આ વધારો આવ્યો છે. ગ્રાહક પાસેથી જે નાણા મળે છે તેમાથી ૮૦ ટકા નાણા દૂધ ઉત્પાદકોને પરત આપવામા આવે છે. દૂધ ઉત્પાદકોને આર્થિક નુકસાન ન જાય એ માટે ભાવવધારો કરવો પડ્યો છે.

### અમુલ દૂધની કઇ પ્રોડક્ટમાં કેટલો ભાવવધારો

| પ્રોડક્ટ | પેકિંગ | જૂનો ભાવ | નવો ભાવ |
|---|---|---|---|
| સ્ટાન્ડર્ડ દૂધ | ૫૦૦ મીલી | ૩૦ | ૩૧ |
| બફેલો દૂધ | ૫૦૦ મીલી | ૩૬ | ૩૭ |
| ગોલ્ડ દૂધ | ૫૦૦ મીલી | ૩૩ | ૩૪ |
| ગોલ્ડ | ૧ લીટર | ૬૫ | ૫૭ |
| ડીટીએમ દૂધ | ૫૦૦ મીલી | ૨૪ | ૨૫ |
| ટી સ્પેશિયલ | ૫૦૦ મીલી | ૩૧ | ૩૨ |
| તાજા દૂધ | ૫૦૦ મીલી | ૨૭ | ૨૮ |
| તાજા | ૧ લીટર | ૫૩ | ૫૫ |
| ગાય દૂધ | ૫૦૦ મીલી | ૨૮ | ૨૯ |

# ચોરવાડ પાલિકાના વિપક્ષી નેતા તરીકે ભીખાભાઇ પંડિતની નિયુક્તિ કરાઇ

## ગીતાબેન ચાવડાને ઉપનેતાની જવાબદારી સોંપી

**સમય મિરર | વેરાવળ**

ચોરવાડ નગરપાલિકાના કોંગ્રેસ પક્ષના વિરોધ પક્ષના નેતા તરીકે ભીખાભાઇ પુંજાભાઇ પંડિત તેમજ ઉપનેતા તરીકે ગીતાબેન હિતેષભાઇ ચાવડાની વરણી કરવામાં આવેલ છે.





ચોરવાડ નગરપાલિકામાં કોંગ્રેસ પાર્ટી વિપક્ષમાં છે ત્યારે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહજી ગોહિલની સૂચનાથી નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના વિરોધ પક્ષના નેતા તરીકે ભીખાભાઇ પુંજાભાઇ પંડિત તથા વિરોધ પક્ષના ઉપનેતા તરીકે ગીતાબેન હિતેષભાઇ ચાવડાની પસંદગી કરવામાં આવતા કોંગ્રેસના આગેવાનો, કાર્યકર્તા દ્વારા આવકારેલ છે. ભીખાભાઇ પંડિત તેમજ ગીતાબેન ચાવડા એ જણાવેલ કે, પાર્ટીના શીર્ષ નેતૃત્વનો આભાર વ્યક્ત કરીએ છીએ અમે આમ આદમી પાર્ટીના સૈનિક છે. અમને જે જવાબદારી સોપવામાં આવી છે. તેની લોકોને ખાતરી આપીએ છીએ કે નિષ્ઠા પૂર્વક નિભાવિશુ અને વિરોધ પક્ષ તરીકે ચોરવાડના જે પણ કાર્યો કરવા જોઈએ તે તમામ કામો પણ વિશેષ ધ્યાન આપીને કામ કરવાનું એક યાદીમાં જણાવેલ છે.

# સોમનાથ તીર્થક્ષેત્રના વિકાસ માટે વેરાવળ પાટણ સત્તા મંડળનું વિસર્જન, સુડાની રચના

## નગરપાલિકા ઉપરાંત ૧૨ ગામનો સમાવેશ : પુનઃવિકાસ કરવા સરકાર સંકલ્પબધ્ધ : બેઠક મળશે

**સમય મિરર | વેરાવળ**

ગુજરાત સરકારે સોમનાથ તીર્થક્ષેત્રના વિકાસ માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે વેરાવળ પાટણ વિસ્તાર વિકાસ સત્તા મંડળનું વિસર્જન કરી નવી સોમનાથ શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા)ની રચના કરી છે. નવી રચાયેલી સુડામાં વેરાવળ-પાટણ નગરપાલિકા ઉપરાંત ૧૨ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સોમનાથ મંદિર અને આસપાસના વિસ્તારોનો યોગ્ય વિકાસ અને પુનઃવિકાસ કરવાનો છે.

નવી ઓથોરીટીની રચના થતાં શું પગલાં લેવાશે અને નવી ઓથોરેટીમાં કોનો-કોનો સમાવેશ થશે અને ક્યાં-ક્યાં નવા ગામો ઉમેરાશે જેમાં વેરાવળ-પ્રભાસ પાટણ એરિયા ડેવલેપમેન્ટ રદ થઈ અને સોમનાથ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીની રચના થશે. નવી ઓથોરિટીમાં વેરાવળ પ્રભાસ પાટણ નગરપાલિકા સહિત ડારી, છાત્રોડા, ડાભોર, તાંતીવેલા, ભાલપરા, સવની, સોનારિયા, બાદલપરા, કાજલી, મીઠાપુર, ગોવિંદપરા, લાટી ગામનો સમાવેશ થનાર છે જયારે નવી ઓથોરિટીમાં કલેક્ટર, ગીર સોમનાથ, સ્થાનિક સત્તામંડળના ચાર સભ્ય, ઉદ્યોગ અને ખાણ વિભાગ (પર્યટન)ના સચિવ, જિલ્લા વિકાસ અધિકાર (ગીર-સોમનાથ), રાજકોટ નગરપાલિકાના પ્રાદેશિક કમિશનર, જિલ્લા પંચાયતના પ્રમુખ (ગીર-સોમનાથ), મુખ્ય નગર નિયોજક અથવા તેમના પ્રતિનિધિ, મ્યુનિસિપલ એન્જિનિયર (વેરાવળ-પ્રભાસ પાટણ નગરપાલિકા), નિવાસી અધિક કલેક્ટર (ગીર-સોમનાથ) રહેશે અને સુડાના અધ્યક્ષ તરીકે જિલ્લા કલેક્ટર રહેનાર છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ વિભાગના નિર્ણય અનુસાર, સુડાના અધ્યક્ષ તરીકે જિલ્લા કલેક્ટર રહેશે. સાથે સરકાર નિયુક્ત પ્રતિનિધિ પણ રહેશે. આ નવી વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સોમનાથ મંદિર અને આસપાસના વિસ્તારોનો યોગ્ય વિકાસ અને પુનઃવિકાસ કરવાનો છે.

સુડાની રચના અંગે જાહેરનામું પ્રસિદ્ધ શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરે આ અંગેની નોટિફિકેશન જાહેર કરી છે. સુડાની રચનાને લઈ હવે સોમનાથ મંદિર અને વેરાવળ-પાટણના વિકાસ માટે અલગ વિકાસ સત્તા મંડળ કાર્યરત થશે. ઓથોરિટીની બેઠકમાં વિસ્તારો અંગે નિર્ણય લેવાશે બીજી તરફ વેરાવળ નગરપાલિકાના જુનિયર ટાઉન પ્લાનર હર્ષ પરમારના જણાવ્યા મુજબ આ જાહેરનામું પ્રસિદ્ધિ થતાં હવે દર્શાવેલ ગામોનો કેટલો વિસ્તાર ઓથોરિટી તળે આવરી લેવો તે હવે પછી કમિટીની બેઠકમાં નક્કી થશે. જે તે ગામના ક્યાં ક્યાં સર્વે નંબરને આવરી લેવા તે અંગે પણ વધુ ખાસ જાહેરનામું પ્રસિદ્ધ કરાશે અને બાદમાં નક્કી થયેલા વિસ્તારમાં વિકાસ પરવાનગી માટે ઓથોરિટી મંજુરી આપશે. હાલ તો આ ઓથોરિટીની રચના અંગેનું પ્રાથમિક જાહેરનામું છે. આ ઓથોરિટી અંતર્ગત કેટલો વિસ્તાર રહેશે તે હવે પછી નક્કી થશે.

# કેશોદના કેવદ્રા ગામમાં દીકરી પર દુષ્કર્મ કરનાર પિતા ઝડપાયો

**સમય મિરર | કેશોદ**

**કોર્ટમાં રજૂ કરી વધુ કાર્યવાહી હાથ ધરતી પોલીસ**

કેશોદના કેવદ્રા ગામે નરાધમ પિતા એ પોતાની જ સગીર દિકરી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની પોલીસ ફરિયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં નોધવામાં આવતાં સમગ્ર પંથકમાં ફિટકાર વરસી રહ્યો છે. સામાજિક રીતે દિકરીઓ ઘરની ચાર દિવાલ વચ્ચે સુરક્ષિત સલામત હોવાનો અહેસાસ હોય છે ત્યારે કેશોદના કેવદ્રા ગામે હેવાન પિતા પોતાની દીકરી પર નજર બગાડી દુષ્કર્મ આચરીને કોઈને કહ્યું તો જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર પોતાના ઘરે ઉપરાંત અન્ય શહેરમાં હોટલોમાં રોકાણ કરી દુષ્કર્મ આચરતાં અંતે યુવતીએ પોતાના પરિવારજનો સમક્ષ હકીકત જણાવતાં કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી સી ઠક્કર ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર પી એ જાદવ પોલીસ કોન્સ્ટેબલ સંજયસિંહ ઝાલા રોહિતભાઈ મોહનભાઈ ભંભાણા એ નરાધમ પિતા રહેવાસી કેવદ્રા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૬૪(૨), ૬૫(૧) ૩૫૧(૩) પોકસો હેઠળ ગુનો નોંધી ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવતાં ઝડપી લેવામાં આવેલ છે. કેશોદ પોલીસ દ્વારા હેવાન પિતાને ગુનાહિત કૃત્ય કરવામાં ઉપયોગી આધાર પુરવાઓ સાથે કોર્ટ સમક્ષ રજૂ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


# ગીર સોમનાથ જિલ્લામાં છુટાછવાયા વરસાદની આગાહી, ખેડૂતને એલર્ટ કરાયા

## જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવા સુચના અપાઇ

**સમય મિરર | વેરાવળ**

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા.૦૫.૦૫.૨૦૨૫થી તા.૦૬.૦૫.૨૦૨૫ દરમિયાન ગીર સોમનાથ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવા થી મધ્યમ વરસાદની આગાહી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા જિલ્લાના ખેડૂતોને ખેતીવાડી વિભાગ દ્વારા અપીલ કરવામાં આવે છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખૂલ્લા હોય તો તેને તાત્કાલીક




સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું.

આ સમયગાળા પૂરતો જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડૂત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે.

એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલસેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧નો સંપર્ક કરવો.

# ઉનાના ગીરગઢડા રોડ નજીક સિંહે બકરાનો શિકાર કરી મિજબાની માણી

## ગામ નજીક ડાલામથ્થો આવી ચડતા સ્થાનિકોમાં ફફડાટ





**સમય મિરર | ઉના**

ઉના વિસ્તારમાં સિંહ-દિપડા સહિતના વન્યજીવોનો વસવાટ છે અને છાશવારે આ વિસ્તારોમાં વન્ય પ્રાણીઓ દ્વારા પશુઓના મારણ કરવામાં આવતા હોય છે. માલધારીઓ સહિતના પશુપાલકોના માલ ઢોરનું મારણ વન્ય પ્રાણીઓ કરતા હોય છે. ત્યારે ઉનામાં સિંહે મારણ કરી મિજબાની માણી હતી.

ઉના નજીક નેશનલ હાઇવે બાયપાસ નજીક ગીરગઢડા રોડ પર ગીરનાં સિંહ ડાલામથ્થા એ કાયમી માટે રહેઠાણ બનાવ્યું છે અને શિકાર કરીને સરળતાપૂર્વક મીજબાની માણી લે તો હોવાનાં દ્રષ્ય જોવાં મળે છે થોડાં સમય પહેલાં આ ડાલામથ્થા એ પ્યાસ બુઝાવવા પાણી નાં અવેડે આવી પહોંચ્યા હતા અને ગત સાંજે ખેડૂત ની વાડીમાં સમી સાંજે બકરાને ઉઠાવી લીધો હતો અને આરામ થી મિજબાની માણી હોવાનું જોવાં મળ્યું હતું

# વિરમગામમાં ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની જેલની સજા ફટકારતી અદાલત

## રૂ.૪.૬૦ લાખનો દંડ ચૂકવવા કોર્ટનો આરોપીને હુકમ

**સમય મિરર | વિરમગામ**

વિરમગામ માં ચેક રિટર્ન કેસમાં રુ.૪,૬૦,૦૦૦ ચુકવવા તથા એક વર્ષ ની કેદની સજા ફટકારી. વિરમગામના પ્રજાપતિ ગૌરાંગ ભીખાભાઈ એ ઓમપ્રકાશ શંકરલાલ ગુપ્તા રહે. વિરમગામના પાસે થી મિત્ર સંબંધે વર્ષ ૨૦૧૯ માં રૂ.પાંચ લાખ ઉછીના લીધેલા અને બદલામાં રૂ.પાંચ લાખ નો ચેક આપ્યો હતો.

પરંતુ સમય મર્યાદામાં રકમ પરત નહીં કરતા ફરિયાદી ઓમપ્રકાશ ગુપ્તા એ ચેક બેંક માં જમા કરાવેલ.જે ચેક રિટર્ન થતા ફરિયાદીએ આરોપીને જાણ કરવા છતાં આરોપી રકમ ચૂકવવા નિષ્ફળ જતાં ફરિયાદી ઓમપ્રકાશ ગુપ્તા એ આરોપી પ્રજાપતિ ગૌરાંગ સામે વિરમગામ ની કોર્ટમાં નેગો.



ઈન્સ.ની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી હતી.

જે કેસ કોર્ટમાં ચાલી જતાં વિરમગામ ના મેં.અધિક જ્યુ.મેજી.ફ.ક..ડી.એમ.સિંધવે આ કામના આરોપી ને તકસીરવાન ઠરાવી ક્રિમીનલ પ્રો.કોડ ની કલમ ૨૫૫(૨) અન્વયે રૂ.૪,૬૦,૦૦૦-દંડ ચૂકવવા અને એક વર્ષ ની સાદી કેદની સજા ભોગવવા તથા આરોપી દંડ ની રકમ ના ભરે તો વધુ ત્રણ માસ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી પક્ષે એડવોકેટ ફૈઝલઅબ્બાસ ગીલાણી અને રૂકસાનાબેન એ.ગીલાણી હાજર રહ્યા હતાં.

# ગીર સોમનાથ જિલ્લામાં ૧૩૪૭ વિદ્યાર્થી નીટની પરીક્ષા આપશે

## પાંચ કેન્દ્રો પર તંત્ર દ્વારા બેઠક વ્યવસ્થા

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લા સેવા સદન, ઈણાજ ખાતે કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં આગામી સમયમાં યોજાનારી નીટની પરીક્ષાના આયોજન સંદર્ભે બેઠક યોજવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને સંચાલકો દ્વારા સુચારૂ આયોજન થઈ શકે એ માટે સુનિયોજીત વ્યવસ્થા ગોઠવવા ઉપસ્થિત સર્વે અધિકારીઓને કલેક્ટરે માર્ગદર્શિત કર્યા હતાં. ઉલ્લેખનીય છે કે, આગામી તારીખ ૪ મેના રોજ રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં નીટની પરીક્ષા યોજાશે. જેમાં કુલ પાંચ કેન્દ્રમાં ૧,૩૪૭ વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપશે.




આ પરીક્ષાના સુચારું આયોજન માટે દરેક સેન્ટર ઉપર ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓની કલેકટર દ્વારા નિમણૂક કરવામાં આવી છે.

નીટની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે સંબંધિત તમામ વિભાગોને જરૂરી સૂચના આપવામાં આવી હતી.

આમ, સમગ્ર તૈયારી સાથે ગીર સોમનાથ વહીવટી તંત્ર નીટ-૨૦૨૫ માટે સંપૂર્ણ સજ્જ બન્યું છે. એમ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની એક યાદીમાં જણાવાયું છે.

# સોમનાથથી અયોધ્યા સુધીના રન ફોર રામ યાત્રાનો પ્રારંભ, ભાવિકો ૧૭૬૦ કિ.મી.કાપશે

## વિશ્વ હિન્દુ પરિષદ અને અશોક સિંઘલ ફાઉન્ડેશન દ્વારા કરાયેલું મંગલ આયોજન

**સમય મિરર | વેરાવળ**

વિશ્વ હિન્દુ પરિષદ તેમજ અશોક સિંઘલ ફાઉન્ડેશનના આયોજન હેઠળ રન ફોર રામ ના નામથી રન ફોર રામ નો કાર્યક્રમ પ્રસ્થાન થયો છે. આ દોડ સોમનાથ થી અયોધ્યા સુધી ૧૭૬૦ કી.મી. ની છે. જેમાં નરેન્દ્રસિંહ યાદવ દ્વારા દોડવામાં આવનાર છે જે મૂળ હરિયાણાના છે અને બજરંગ દળ સાથે જોડાયેલા છે. રન ફોર રામના કાર્યક્રમ પાછળનો હેતુ ફક્ત એટલો જ છે કે આજની યુવા પેઢી પ્રભુ શ્રી રામને ઓળખે એમની મર્યાદા ને ઓળખે તેમના જીવનને ઓળખે અને પોતાના જીવનમાં ભગવાન રામને ઉતારે અને પ્રભુ શ્રીરામનું સ્મરણ આજીવન રહે સાથે આપણી સંસ્કૃતિ આપણો ધર્મ આપણું કર્મ આપણે હંમેશા યાદ રાખવું જોઈએ એવા હેતુથી રન ફોર રામનું આયોજન થયેલ છે.

આ પ્રસ્થાનના અવસર પર સોમનાથ દાદાના દર્શન કરેલ તેમજ સોમનાથ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા આગતા સ્વાગત કરેલી તેમજ પ્રસાદી અર્પણ કરેલી તેમજ ટ્રસ્ટીઓ દ્વારા ભાવપૂર્વક સ્વાગત કરેલું.




ત્યારબાદ મૂળ પ્રસ્થાનના કાર્યક્રમમાં ઘણા માંધાતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા જેમાં અખિલ ભારતીય પ્રબંધ સમિતિના સદસ્ય તેમજ કર્ણાવતી ક્ષેત્ર ના સહ વાલી અને પૂર્વ કર્ણાવતી ક્ષેત્ર ના મંત્રી અશોક ભાઈ રાવલ, વેરાવળ નગરપાલિકા પ્રમુખ પલ્લવીબેન જાની, વિશ્વ હિન્દૂ પરિષદ અંતર્ગત માર્ગદર્શક મંડળના સંત નારાયણ બાપુ, રમત ગમત અધિકારી કાનજી ભાલિયા, જિલ્લા વ્યાયામ શિક્ષક સંઘના પ્રમુખ ડો.હમીરસિંહ વાળા, ક્રીડા ભારતીના ડો.જયેશભાઈ મૂંગરા, સોમનાથ જિલ્લાના રાષ્ટ્રીય રમતવીરો ઉપરાંત અશોક સિંહલ ફાઉન્ડેશનના અશોક તિવારીજી, સૌરાષ્ટ્ર પ્રાંતના સહમંત્રી ભાવેશભાઈ ઠક્કર, ગીર સોમનાથ જિલ્લાના વાલી તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચાર પ્રસાર પ્રમુખ હિરેનભાઈ રૂપારેલીયા, કાર્યક્રમના સંયોજક અને જૂનાગઢ વિભાગના વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ વિઠલાણી, કાર્યક્રમના સહસંયોજક તેમજ મંત્રી અશ્વિનસિંહ રાયજાદા, જિલ્લા અધ્યક્ષ રામજીભાઈ પરમાર, મંત્રી નીપુલભાઈ શાહ, સહમંત્રી કનકભાઈ બોરીચાંગર, સહમંત્રી તેજલબેન ગેડિયા, વિશેષ સંપર્ક પ્રમુખ પુનિતભાઈ પલાણ, ઉપાધ્યક્ષ મનહરભાઈ ટાંક, વેરાવળ પ્રખંડ અધ્યક્ષ ગોવિંદભાઈ ભાનુશાળી, મંત્રી યોગેશભાઈ, જૂનાગઢ મહાનગર સેવા પ્રમુખ પરાગભાઈ તન્ના, ઉપાધ્યક્ષ વિઠ્ઠલભાઈ ડોબરીયા, ધર્મયાત્રા મહાસંઘના અજીતસિંહ વશિષ્ટ, સૌરાષ્ટ્ર પ્રાંતના ગૌરક્ષાના સંયોજક સંદીપભાઈ ઠેસિયા, વેરાવળ નગરમાંથી મોટી સંખ્યામાં સામાજિક અગ્રણીઓ વેપારી મંડળો ધાર્મિક સંસ્થાના લોકો, બજરંગ દળની ટીમ ઉપસ્થિત રહી હતી.

# કોડીનારના ઘાંટવડની શાળામાં છાત્રો ઓનલાઇન પરિણામ જોઇ શકશે

## શિક્ષક અને ગામ લોકોના પ્રયત્નથી ડિજીટલ ક્રાંતિ

**સમય મિરર | કોડીનાર**

કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે આવેલ સરકારી કુમાર પ્રાથમિક શાળાએ અનોખી પહેલ કરી છે વિધાર્થીઓ પોતાનું રિઝલ્ટ ઓનલાઇન જોઈ શકશે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે સામાન્ય રીતે ધોરણ ૧૦ ૧૨ કે કોલેજ અને અન્ય પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પોતાના પરિણામ ઓનલાઇન જોઈ શકે છે પરંતુ હજુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આવી કોઈ વ્યવસ્થા નથી ત્યારે ભારત સરકારના ડિજિટલ ઈન્ડિયાના વિઝનને ચરિતાર્થ કરવા કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામની કુમાર પ્રાથમિક શાળાએ પોતાના ધોરણ ૬ થી ૮ વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષાનું પરિણામ ઓનલાઇન જોઈ શકે એવી પહેલ કરી છે. મોટાભાગે બોર્ડની પરીક્ષાઓ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓનું પરિણામ ઓનલાઇન મુકવામાં આવતું હોય છે પરંતુ આ વર્ષે



અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત કોડીનાર તાલુકાની સરકારી શાળા કુમાર પ્રાથમિક શાળા દ્વારા શાળાના બાળકોને વર્ષ ૨૦૨૪-૨૫નું વાર્ષિક પરિણામ ઓનલાઇન જોવા અને ડાઉનલોડ કરવા મળશે જે ખરેખર ખૂબ પ્રશંશનીય અને નોંધનીય કાર્ય છે આ સાથે જ ગીર સોમનાથ જિલ્લામાં કોઈ સરકારી શાળાએ પોતાના બાળકોનું રિઝલ્ટ ઓનલાઇન જોવાની સુવિધા કરી હોય તેવી પ્રથમ શાળા બની ગઈ છે શાળાના બાળકોના ઉત્સાહ વાલીઓ અને ગામલોકોના સહકાર થકી અને શાળાના શિક્ષક નીતિનભાઈ મોરી ની સતત મહેનત થકી એક સરકારી શાળાએ આ સિદ્ધિ હાંસલ કરી છે.

# કેશોદના મંગલપુર ગામમાં સીમમાં જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

## રૂ.૪૪૭૦ની રોકડ સહિતનો મુદ્દામાલ કબ્જે કરતી પોલીસ

**સમય મિરર | કેશોદ**

તાજેતરમાં પહેલગામ ખાતે બનેલી ઘટના અને ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી સી ઠક્કર ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર પી એ જાદવ ની સુચનાથી સર્વેલન્સ સ્કવોડ કેશોદ પોલીસ સ્ટેશન હદ્દ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલ ત્યારે અગતરાય ગામેથી મંગલપુર પાટીએ થી આગળ જતાં એએસઆઈ શબ્બીરભાઈ દલ પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ જીવાભાઈ ડાભી,પોલીસ કોન્સ્ટેબલ કરણભાઈ હમીરભાઈ ભાટિયા, રવિભાઈ જગદીશભાઈ ધોળકિયા, સુરેશભાઈ મોહનભાઈ ભંભાણા,




વિમલભાઈ વિઠ્ઠલભાઈ ડોબરીયા ખાનગી રાહે માહિતી મળી હતી કે મંગલપુર ગામે ખારા વાળી વાડી વિસ્તારમાં અર્જુનભાઈ લખમણભાઈ મીયાત્રા ની વાડીએ ઓરડી બહાર ઢાળીયા મા રૂપિયાની હારજીતનો તીનપતીનો જુગાર અમુક ઈસમો રમી રહ્યાં છે માહિતીની ખરાઈ કરી પંચો બોલાવી સમજ આપી બાતમીના સ્થળે પહોંચતા ગોળ કુંડાળું કરીને રૂપીયાની હારજીતનો તીનપતીનો જુગાર રમતાં હોય પોલીસ જોઈ આઘાપાછા થવાનો પ્રયાસ કરતાં જેમના તેમ બેસી રહેવાની સુચના આપી પંચો રૂબરૂમાં પુછપરછ કરતાં અર્જુનભાઈ લખમણભાઈ મીયાત્રા ઉમર વર્ષ ૩૮ રહેવાસી મંગલપુર, ભરતભાઈ ગોવિંદભાઈ ખટારીયા ઉમર વર્ષ ૪૪ રહેવાસી મંગલપુર, ધીરુભાઈ હમીરભાઈ સુત્રેજા ઉમર વર્ષ ૪૯ રહેવાસી મુળીયાસા, મેરામભાઈ માંડણભાઈ જીલડીયા ઉમર વર્ષ ૫૫ રહેવાસી મંગલપુર, રાયમલભાઈ જેસીગભાઈ મરંઢ ઉમર વર્ષ ૫૪ રહેવાસી મંગલપુર પાસેથી કુલ ૪૪૭૦/- રોકડા રૂપિયા કબજે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ એએસઆઈ શબ્બીરભાઈ દલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

## પોલીસ ફરિયાદ થતા અન્ય ઈસમોમાં ફફડાટ

# વેરાવળમાં ગેરકાયદે ઘાસચારો વેચતા ડાભોરના બે શખ્સો વિરુદ્ધ કાર્યવાહી

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં આવેલ નગરપાલિકા વિસ્તારમાં જુદા જુદા જાહેર સ્થળો અને રસ્તા પર ઘાસચારો વેચવાના કારણે જાહેર માર્ગો ઉપર રખડતા ઢોરનુ અતિક્રમણ જોવા મળે છે અને તેના લીધે રાહદારીઓને ટ્રાફિકના કારણે ભારે અડચણ થાય છે તથા ગંભીર પ્રકારના અકસ્માતોના બનાવ પણ બનતા હોય છે.જેથી આ સમસ્યાના હકારાત્મક નિવારણ માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દિગ્વિજયસિંહ ડી. જાડેજા દ્વારા જાહેર જનતાની સલામતીને ધ્યાનમાં લઈને નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લામાં જાહેર જગ્યાએ ઘાસચારો ન વેચવા તેમજ પશુના માલિકોને ખુલ્લામાં પોતાના પશુઓને ન મૂકવા બાબતેના જાહેરનામાની ચુસ્તપણે અમલવારી કરાવવા સબંધિત અધિકારીને સૂચના આપવામાં આવેલ હતી. જેથી વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાની ઢોર પાર્ટીની ટીમ દ્વારા જાહેર જગ્યામાં ઘાસચારાનું વેચાણ કરતા ઈસમો વિરૂદ્ધ ધોરણસરની કાર્યવાહી કરવાની તથા રખડતા ઢોરને પાંજરાપોળમાં લઈ જવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી તે દરમ્યાન વેરાવળ ૮૦ ફૂટ રોડ પર જાહેરમાં ઘાસચારો વેચતા ડાભોર ગામના રહેવાસી ભરતભાઈ પાંચાભાઈ ધારેચા અને શનિભાઈ પાંચાભાઈ ધારેચા દ્વારા ઢોર પાર્ટીની ટીમ સાથે ભૂંડી ગાળો સાથે બોલાચાલી કરી , ઝગડો કરવા લાગેલ તેમજ ત્યાંથી જતા રહેવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરજ રૂકાવટ કરતા આ બંને વિરુદ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ તથા ભારતીય ન્યાય સહિતાની જોગવાઈઓના ભંગ બદલ વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ખાતે ધોરણસરની પોલીસ ફરિયાદ નોંધાવવામા આવેલ હતી.

# ધોરાજીના તોરણીયા ગામના સરપંચ સહિત બે ની આગોતરા અરજી રદ

**સમય મિરર | ધોરાજી**

ધોરાજીના મહેરબાન એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલ્લા શેખ સમક્ષ તોરણીયા ગામના સરપંચ અંકિત ચુનીલાલ ટીલવા તથા વિવેક રવજી ભેળા એ ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના ગુનામાં આગોતરા જામીન અરજી કરેલી હતી. તેમણે રજૂઆત કરેલી હતી કે જેતપુર પોલીસ દ્વારા તોરણીયા ગામના બે નાગરિકો પાસે લાંચની માંગણી પોલીસ દ્વારા કરવામાં આવેલી હતી જે માંગણી મુજબની રકમ ન આપી શકતા તે વ્યક્તિઓને પોલીસે માર મારેલો હતો, તે બાબતે સરપંચ તરીકે રજૂઆત કરેલ અને મીડિયામાં પોલીસ કાર્યવાહી અંગે નિવેદનો આપેલા હતા તથા ગ્રામજનો સાથે લઈ રેલી અને ધરણા પ્રદર્શન કાર્યક્રમ કરેલા હતા. જેનાથી પોલીસ ઉશ્કેરાઈ જઈ અને જેતપુર પોલીસ તથા ધોરાજી પોલીસના માણસો નાગરિક વેશમાં આવી કોઈપણ જાતના યુનિફોર્મ વગર અને નંબર પ્લેટ વગરની પ્રાઈવેટ કારમાં આવી અપહરણ સ્ટાઈલમાં જે તે ગુમાના આરોપીઓની અટક કરી રહ્યા હતા તેનું મોબાઈલ નું રેકોર્ડિંગ આ અંકિત ચુનીલાલ ટીલવા તથા વિવેક રવજીભાઈ ભેડા કરી રહ્યા હતા. અને ત્યારથી પોલીસ એ તેમની ઉપર સીતમ ગુજારવાનો શરૂ કરેલ છે અંકિત ચુનીલાલ ટીલવાના એડવોકેટ તરફથી પણ ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ પોલીસ તરફથી કરવામાં આવી રહેલી બરબરતા વિશે દલીલો કરવામાં આવેલી, અને તેમની સામે આવાજ ઉઠાવતા હોવાથી, હાલનો ગુનો નોંધ થયેલ હોવાની રજૂઆત કરેલી હતી અને આવા કારણોસર આગોતરા જામીન માંગેલા હતા. આ કામે ધોરાજી તાલુકા પી આઈ એલ આર ગોહિલ એ સોગંદનામુ કરી અને આગોતરા જામીન મંજૂર કરવામાં આવશે તો, પોલીસ કાર્યવાહીમાં વિક્ષેપ પાડે તેવા લોકોને પ્રોત્સાહન મળશે તેમ જ સમાજમાં વિપરીત અસર મળશે તેવી રજૂઆત સાથે જામીન અરજી રદ કરવા રજૂઆત કરેલી હતી. મદદનીસ સરકારી વકીલ કાર્તિકેય પારેખ તરફથી કરવામાં આવેલી દલીલો અને દિનેશ બાબુલાલ ઠાકર ઉર્ફે દિનેશ કલગી વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદા ને ધ્યાને લઈ અને જામીન લાયક ગુનામાં આગોતરા જામીન આપવાની જોગવાઈ નથી. તે રજૂઆતને પણ ધ્યાને લઈ અને આરોપી અંકિત ચુનીલાલ ટીલવા તથા વિવેક રવજીભાઈ ભેળાના આગોતરા જામીને રદ કરેલા હતા.

# તરબૂચ-ટેટી સહિતના રોકડીયા પાક થકી રોકડી કમાણી કરતો બોડીઘોડી ગામનો પ્રગતિશીલ ખેડૂત પરિવાર

## ગુજરાત સરકારનો આભાર કે 'પ્લાસ્ટિક મલ્ચિંગ' માટે 'ક્રોપ કવર'ની સહાય ખૂબ સરળતાથી મળીઃ હિતેશભાઈ ભીમાણી

## ડ્રીપ ઈરીગેશન થકી ૭૫ ટકા પાણી તેમજ મજૂરીના નાણાંની મોટી બચત થઈ

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાકીય સહાય, પાક પદ્ધતિમાં નવા અભિગમ તેમજ સિંચાઈની સુવિધા થકી અનેક ખેડૂતો સફળ રીતે ખેતી કરીને સમૃદ્ધ થઈ રહ્યા છે. અહીં વાત છે પડધરી તાલુકાના એક એવા ખેડૂત પરિવારની, જે છેલ્લા ત્રણ વર્ષથી માત્ર રોકડિયા પાકનું વાવેતર કરીને રોકડી કમાણીની સાથે કૃષિલક્ષી યોજનાની સહાયના લાભ મેળવીને પ્રગતિ કરી રહ્યો છે.

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના બોડીઘોડી ગામમાં ભાણજીભાઈ ભીમાણીનો પરિવાર ૨૮ વિઘા જેટલી જમીન ધરાવે છે. ભાણજીભાઈના પુત્રો હિતેશભાઈ તથા હરેશભાઈએ છેલ્લા ત્રણ વર્ષથી ખેતીમાં પરંપરાગત પાકને બદલે તરબૂચ, ટેટી, ગલગોટા ફૂલ તેમજ શેરડી બિયારણના રોકડીયા પાક પર જ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. જેના થકી તેઓ ત્રણ વર્ષથી નોંધપાત્ર આવક રળી રહ્યા છે.

આ પરિવારે તરબૂચ-ટેટીના વાવેતરમાં 'પ્લાસ્ટિક મલ્ચિંગ' કરવા 'ક્રોપ કવર' હેઠળ રૂપિયા ૫૪ હજાર જેવી સરકારની સહાય પણ મેળવી છે. જેના માટે તેઓ ગુજરાત સરકારનો આભાર માને છે.



કેવી રીતે મળી યોજનાકીય સહાયની માહિતી? તે અંગે હિતેશભાઈ ભીમાણી કહે છે કે, રાજકોટ બાગાયત શાખાના અધિકારીઓનો સંપર્ક થતાં, તેમના તરફથી અમને વિવિધ યોજનાકીય સહાયની માહિતી મળી હતી. એ પછી અમે આ વર્ષે તરબૂચ અને ટેટીના વાવેતરમાં 'ક્રોપ કવર' માટે 'પ્લાસ્ટિક મલ્ચિંગ' કરવા અરજી કરી હતી. જેના માટે કુલ મળીને રૂપિયા ૫૩ હજાર જેવી રકમની સહાય અમને મળી છે. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮માં કારેલાનો કાચો મંડપ કરવા માટે રૂ.૨૭ હજારની સહાય મળી હતી. ઉપરાંત ડ્રીપ ઈરિગેશન માટે પણ તેમને ૬૦ ટકા જેવી સહાય મળી છે.

યોજનાકીય સહાય કેટલી સરળતાથી મળે છે તે અંગે હિતેશભાઈએ આનંદ સાથે કહ્યું હતું કે, ગુજરાત સરકાર તરફથી ખેડૂતોના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ બનાવવામાં આવી છે. આ યોજનાઓથી ખેડૂતોને મોટો ફાયદો થાય છે. યોજનાનો લાભ મેળવવા માટે અરજીમાં અમને કોઈ તકલીફ નથી પડી અને કોઈપણ અવરોધ વિના ખૂબ ઝડપથી અમારી સહાયની રકમ અમને બેન્ક ખાતામાં જ મળી છે. સિંચાઈની વ્યવસ્થા અંગે તેમણે કહ્યું કે, ગામની નજીકમાં કેનાલ છે અને ન્યારી-૨ સિંચાઈ યોજના થકી અમને સિંચાઈનું પૂરતું પાણી મળે છે.



તેઓ કહે છે, અમે કપાસ, મગફળી, તલ જેવા શિયાળુ પાક વાવતા જ નથી. છેલ્લા ત્રણ વર્ષથી એ બંધ કર્યું છે. હવે અમે તરબૂચ, ટેટી, ગલગોટા ફૂલ તેમજ શેરડીના બિયારણનું વાવેતર કરીએ છીએ. આ રીતે વર્ષમાં બે વાર પાક લઈએ છીએ. પાકોના વેચાણ અંગે તેમણે કહ્યું હતું કે, તરબૂચ અને ટેટીનું અહીં ખેતરથી જ 'બહુચરાજી ફાર્મ'ના નામથી વેચાણ કરીએ છીએ અને લોકો અહીંથી જ ખરીદી કરીને લઈ જાય છે. ક્યાંય વેચવા જવું નથી પડતું. વળી, શેરડીનું બિયારણ વેચતા હોવાથી પણ ખેડૂતો સામેથી ખરીદી કરવા આવે છે.

'ટપક સિંચાઈથી મોટા લાભ થાય છે', એમ જણાવતા તેમણે કહ્યું હતું કે, ડ્રીપ ઈરીગેશનના કારણે જમીન ભેજવાળી રહે છે. જેના કારણે ખેતરમાં પાવડા મારવા નથી પડતા. એટલે કે શ્રમિકો રાખવા નથી પડતા અને મજૂરીના નાણાની બચત થાય છે. વળી, ડ્રીપ ઈરીગેશનમાં ટપક પદ્ધતિથી ઓછા પાણીમાં લગભગ ૨૫ ટકા પાણીમાં જ સારો પાક થાય છે. એટલે કે, ૭૫ ટકા પાણીની બચત થાય છે. ખેડૂતલક્ષી સહાય સરળતાથી મળવા બદલ તેમણે ગુજરાત સરકાર તેમજ બાગાયત વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

# હિટવેવ સામે લડવા સજ્જ રહીએ, ગરમીમાં 'લૂ' લાગવાથી બચીએ

## જાણો.. હિટ સ્ટ્રોકને સંલગ્ન વિસ્તૃત જાણકારી

**સમય મિરર | રાજકોટ**

રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા હાલ 'હીટવેવ એલર્ટ' જાહેર કરાયું છે. એપ્રિલ મહિનામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે. સતત વધી રહેલી ગરમી વચ્ચે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. ઉનાળામાં બપોરે ખૂબ ગરમ પવન ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે હીટ સ્ટ્રોકનું જોખમ વધી રહ્યું છે. ટૂંકાગાળામાં તાપમાનમાં થતો વધારો સહન ન થતા હીટ સ્ટ્રોક લાગી જાય છે. જેના કારણે લોકો ગંભીર રીતે બીમાર થઈ શકે છે. જો તેની સમયસર સારવાર ન કરવામાં આવે તો મગજ, હૃદય, કિડની અને સ્નાયુઓને નુકસાન પહોંચે છે.




લોકો ક્યારેક ગરમીના મોજાને અવગણે છે પરંતુ તે સ્વાસ્થ્ય માટે હાનિકારક બની શકે છે. આથી, ગુજરાત સરકાર દ્વારા જનહિતાર્થે હીટવેવને સંલગ્ન જાણકારી પ્રસિદ્ધ કરાઈ છે.

### હિટ સ્ટ્રોક શું છે?

ભારે ગરમી તથા ગરમ હવા ઉત્પન્ન થાય ત્યારે તાપમાન અત્યંત ઊંચા સ્તર સુધી પહોંચે છે અથવા ગરમી અને ભેજ સાથે મળે ત્યારે હીટ સ્ટ્રોકની પરિસ્થિતિ સર્જાય છે. વૃદ્ધો, બાળકો, ગર્ભવતી મહિલાઓ, મજૂરીકામ સાથે સંકળાયેલા લોકો, બીમાર વ્યક્તિઓને 'લૂ' લાગવાની શક્યતા વધુ છે.

### હિટ સ્ટ્રોકના લક્ષણો

■ માથામાં દુઃખાવો થવો ■ પરસેવો ન થવો ■ ચામડી લાલ, સૂકી અને ગરમ થવી ■ ઉલ્ટી થવી, ઉબકા આવવા ■ અશક્તિ અનુભવવી ■ આંખો લાલ થવી ■ શરીરનું તાપમાન વધી જવું ■ ખૂબ તરસ લાગવી ■ શરીરમાંથી પાણી ઓછું થઈ જવું ■ વધુ તાવ આવવો ■ નાડીના ધબકારા વધવા ■ ચક્કર અને આંખે અંધારા આવવા ■ બેભાન થઈ જવું ■ અતિગંભીર કિસ્સામાં ખેંચ આવવી

### ગરમીથી બચવાના ઉપાયો

■ પાણી વધુ પીવું ■ કેફી જેવા પ્રવાહી ન પીવા ■ ન્હાવાનું પ્રમાણ વધારો ■ સફેદ, હલકાં રંગના કપડા પહેરો ■ બંધ કારમાં ન બેસો ■ વધુ પડતું બહાર રહેવાનું ટાળો

### લૂ લાગેલી વ્યક્તિની પ્રાથમિક સારવાર

■ ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો.
■ શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે, તે માટે ઓ.આર.એસ. દ્રાવણ અથવા લીંબુ પાણી આપો.
■ લૂ લાગેલી વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઈ જાઓ.
■ જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય, નબળાઈ હોય, ઉલ્ટી થતી હોય કે બેભાન થઈ જાય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવી જોઈએ.

### હિટ સ્ટ્રોકની ઈમરજન્સી સારવાર

ઈમરજન્સી સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા હેલ્પલાઈન પર કોલ કરો અને જ્યાં સુધી મેડિકલ સેવા આવે ત્યાં સુધી નીચે મુજબ સૂચનાઓને અનુસરો.
■ વ્યક્તિનાં પગ જમીનથી થોડા ઊંચા રહે તેમ સુવડાવો.
■ પંખાની સીધી હવા તેના શરીર ઉપર આવે તે રીતે મૂકો.
■ દર્દીનાં બગલમાં, કમર પર તથા ગળાની નીચે ભીના કપડાં / ટુવાલ / બરફ મૂકો.
■ વ્યક્તિને થોડું ઠંડુ સાદુ પાણી પીવડાવો.

### હિટવેવથી બચવા શું કરવું અને શું ન કરવું?

■ તરસ ન લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવું
■ શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ. દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણી જેવા પ્રવાહીનો ઉપયોગ કરો અને સાત્વિક પીણા પીવા.
■ ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો અને આખું શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા, ચશ્મા પહેરવા.
■ વજન અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો.
■ આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો.
■ પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો.
■ ઘરની છત પર સફેદ રંગ તાપમાન ઘટાડશે.
■ ભૂખ્યા ન રહેવું, સંતુલિત અને સાદો આહાર લેવો.

### આટલું ન કરોઃ

■ શક્ય હોય ત્યાં સુધી બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવું.
■ બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું અને તડકો વધે તે પહેલા જરૂરી કામો પૂરા કરવા.
■ શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણાં જેવા કે ચા, કોફી, સોફ્ટ ડ્રિંક્સ ન લેવા.
■ મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા અને બિનઆરોગ્યપ્રદ આહારનો ઉપયોગ ટાળવો.
■ બજારમાં મળતો ખૂલ્લો, વાસી ખોરાક ખાવો નહીં.

# "નેશનલ મિશન એડીબલ ઓઈલ- ઓઈલસીડ" યોજનામાં વેલ્યુ ચેઈન પાર્ટનર તરીકે જોડાવા ૧૦ મે સુધી અરજી કરી શકાશે

**સમય મિરર | રાજકોટ**

"નેશનલ મિશન એડીબલ ઓઈલ-ઓઈલસીડ" યોજના અંતર્ગત જિલ્લામાં ૨૦૨૫-૨૬ના વર્ષ માટે વેલ્યુ ચેઈન પાર્ટનર તરીકે કામગીરીમાં જોડાવા રાજ્યના એફ.પી.ઓ., કો-ઓપરેટિવ્સ, પબ્લિક કોર્પોરેશન્સ, એક્ટિવ એ.પી.એમ.સી. સંસ્થાઓ https://krushipragati.co.in (કૃષિ પ્રગતિ) પોર્ટલ ઉપર તા. ૧૦/૦૫/૨૦૨૫ ઓનલાઈન અરજી કરી શકશે. વેલ્યુ ચેઈન પાર્ટનર તરીકે કરવાની થતી કામગીરી અને લાયકાત અંગેની વધુ વિગતો માટે કૃષિ પ્રગતિ પોર્ટલ પરથી ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી શકાશે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# વીરપુર પોલીસના પીઆઇ એસ.જી રાઠોડ સહિતના સ્ટાફે ૨૭ લાખના મુદ્દામાલ સાથે ચાર ઈસમોની અટકાયત કરી






તસવીર : ગૌરવ ગાજીપરા-વીરપુર

**સમય મિરર | વિરપુર**

વિરપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જી.રાઠોડના માર્ગદર્શન હેઠળ વિરપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.હેડ કોન્સ ધર્મેન્દ્રભાઇ ચાવડા તથા ગીરીશભાઇ બગડાને મળેલ હકીકતના આધારે હાઈવે પર અંકુર હોટલ પાછળ ભેળસેળયુક્ત જવલનશીલ પેટ્રોલીયમનુ ગેર કાયદેસર વેચાણ/ખરીદ કરતા કુલ ચાર ઇસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મળતી વિગતો મુજબ વીરપુર પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન વીરપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ધારેશ્વર પાસે આવેલ અંકુર હોટલ પાછળ બોલેરો પીકઅપ વાહનના ઠાઠામા લોખંડની બે ટાંકીઓ તથા ફ્યુલ પંપ બેસાડી લોખંડની ટાંકીઓમા જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહી રાખી આરોપી ટ્રકોમા ડીસ્પેન્સર ફ્યુલ મશીન વડે ઇંધણની ટાંકીમા જવલંતશીલ પેટ્રોલીયમ પ્રવાહી ભરી આરોપી જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહી રાખવા કે સ્ટોરેજ કરવા કે વેચાણ કરવા બાબતે કોઇ આધાર-પુરાવા કે સતાધીશ અધિકારીનુ સ્ટોરેજ લાયસન્સ કે કોઇ એક્સપ્લોઝીવ પ્રેટ્રોલીયમને લગતુ લાયસન્સ મેળવ્યા વગર અને ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વગર જ બેદરકારીથી માનવજીંદગી માટે ભય ઉભો થાય તે રીતે પોતાના અંગત ફાયદા સારૂ જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહી મંગાવી ફ્યુલ પંપ વડે રીફીલીંગ કરી જવલંતશીલ પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા કમલેશ દિનેશભાઈ વાંક,રહે,રબારીકા,તા,જેતપુર) જયવંત જીવકુભાઈ હુદળ, (રહે.જેતલસર), સુલતાન મહમદ લાખાણી (રહે,નવાગઢ, જેતપુર), ઈમ્તિયાઝ ઈબ્રાહીમ તરકવાડીયા, (રહે, ભીલવાડા સર્કલ ભાવનગર) તેમજ અન્ય આરોપી જે પકડવા પર બાકી છે,જસકુ જીતુભાઈ હુદળ (રહે.જેતલસર) ધર્મેશ લક્ષ્મણભાઈ ફુમર આ તમામ લોકો ગેરકાયદેસર રીતે ઈન્ડસ્ટ્રીઝયલ ઓઇલના નામે ભળતા ભેળસેળ યુકત જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહીનો જથ્થો નાના ટેન્કરમાં લાવીને બહારથી આવતી ટ્રકોમાં ભરી આપતા હોવાની બાતમીના આધારે દરોડો પાડતાં ત્યાંથી રૂા.૨,૨૦,૧૦૦ કિંમતનું પેટ્રોલીયમ પ્રવાહી ૩૧૦૦ લીટર તેમજ રૂા.૨૦,૦૦૦ કિંમતની સ્ટોરેજ કરવા માટેની લોખંડની બે ટાંકી, તેમજ ડિસ્પેન્સર મશીન જેમની કિંમત રૂપિયા ૨૫,૦૦૦, એક બોલેરો પિકઅપ, અશોક લેલન ટ્રક તેમજ મોબાઇલ મળી કુલ ૨૭,૮૫,૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી વીરપુર પોલીસના પીઆઇ એસ.જી.રાઠોડે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજ્યના નવનિયુક્ત નોટરી વકીલોને ઇ-સ્ટેમ્પ લાયસન્સ આપવાની માંગ

## વડાપ્રધાન, કાયદામંત્રી, મુખ્યમંત્રી સહિતનાને મેઈલ મારફતે કરાઇ રજૂઆત

**સમય મિરર | રાજકોટ**

ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં ૮૦૮૩ નોટરીને નોટરી લાઇસન્સ ઇસ્યુ કરવામા આવ્યા છે અને નવ નિયુક્ત નોટરી વકીલોને સામાન્ય જનતાને સ્ટેમ્પ પેપર લેવા માટે અગાઉ સરકાર દ્વારા નિયુક્ત કરેલ સ્ટેમ્પ વેન્ડર પાસે લેવા માટે જવું પડે છે જે વેન્ડરની સંખ્યા નહિવત છે.

હાલમાં વસ્તી અને વિસ્તારના પ્રમાણમાં નોટરી વકીલોની સંખ્યા વધી હોવાથી આ સ્ટેમ્પ પેપર લેવા માટે અન્યત્ર જગ્યાએ જવું અને નોંધણી માટે નોટરી વકીલો પાસે જવું એમ જનતાનો સમય નો બગાડ થાય છે અને નોટરી ને વિવિધ કરારો, સોગંદનામા અને અન્ય દસ્તાવેજોમાં પણ સ્ટેમ્પનો ઉપયોગ કરવામાં સમસ્યા પડતી હોય છે વિવિધ પ્રકારના લખાણો માટે નોટરી પાસેથી જો સ્ટેમ્પ પેપર સરળતાથી મળી રહે તો સામાન્ય જનતાને રાહત મળી શકે છે અને સરકાર દ્વારા નોટરીની સંખ્યા વધી હોવા છતાં પણ ઈ-સ્ટેમ્પ લાઇસન્સ નવ નિયુક્ત નોટરીને ફાળવવામાં આવેલ નથી જેથી સરકારને અમોની રજુઆત છે કે, તા ૯/૯/૨૦૧૯ના પરિપત્ર નં. સ્ટેમ્પ / કચદ/૫૧ /૨૦૧૯ /૧૪૪૪૪૫૬૫ જે સુપ્રીમ ઓફ સ્ટેમ્પ ગુજરાત રાજ્ય ગાંધીનગર મુજબ સરકાર દ્વારા નિયુક્ત નોટરી વકીલોને જનતાને સરળતાથી સ્ટેમ્પ મળી રહે અને જનતા સરળતાથી સ્ટેમ્પ ડ્યુટી ચૂકવણી કરી શકે તે માટે ઈ સ્ટેમ્પીંગ રૂલ્સ ૨૦૧૪ ના નિયમ ૧૩ માં ઉક્ત પ્રસ્તાવિત ૨ ના જાહેરનામામાં સુધારો કરવામાં આવેલ છે અને જે વ્યક્તિ /એજન્સી ACC તરીકે નિમણૂક થવા માંગતા હોય તેમને નિયમ ૧૨ મુજબ નિમણૂક સત્તાધિકારી/સુપ્રિ. ઓફ સ્ટેમ્પ મંજૂરી આપી શકે છે જેથી હાલમાં સમગ્ર ગુજરાતમાં ૮૦૮૩ નોટરી ભારત સરકાર તરીકે નિમણૂક આપેલ છે તે તમામને જનતાના હિતમાં ઈ-સ્ટેમ્પ પેપર લાઇસન્સ આપવામાં આવે તે માટે રજુવાત છે અને ઝડપથી ઈ-સ્ટેમ્પ લાઇસન્સ ફાળવવા લાગુ કચેરી / અધિકારીઓને આદેશ આપવામાં આવે તેવી માંગ સાથે વડાપ્રધાન, કાયદામંત્રી, મુખ્યમંત્રી તમામ જિલ્લાના કલેક્ટર અને સુપ્રિ. ઓફ સ્ટેમ્પ ગુજરાત રાજ્યને મેઈલ મોકલી રજૂઆત કરવામાં આવી છે.

# રાજપૂત ક્ષત્રિય એસોસિએશન ઓફ મેલબોર્ન ઓસ્ટ્રેલિયાના હોદ્દેદારોની વરણી



**સમય મિરર | રાજકોટ**

રાજપુત ક્ષત્રિય એસોસિએશન ઓફ મેલબોર્ન ઓસ્ટ્રેલિયા (RAMA)ની ૨૦૨૫ થી ૨૦૨૮ના નવા કમિટી મેમ્બર્સની તાજેતરમાં વરણી કરવામાં આવી હતી. જેમાં યજુવેન્દ્રસિંહ પરમાર પ્રેસિડેન્ટ પદે, યુવરાજસિંહ સોલંકી વાઈસ પ્રેસિડેન્ટ પદે, દીપેન્દ્રસિંહ ગોહિલ સેક્રેટરી, યશપાલસિંહ રાવલજી મેમ્બરશીપ સેક્રેટરી, જયરાજસિંહ ચુડાસમા પબ્લિક રિલેશન સેક્રેટરી અને અજયસિંહ સિંધાની ટ્રેજરર પદે નિયુક્તિ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પબ્લિક રિલેશન સેક્રેટરી પદે નિયુક્ત થયેલા જયરાજસિંહ ચુડાસમા મૂળ ચેર ગામ (ભાલ)ના વતની છે જેમના પિતા અભયસિંહ ચુડાસમા હાલ રાજકોટ રહે છે. તમામ હોદ્દેદારોને ચોમેરથી શુભેચ્છાઓ મળી રહી છે.

# માહિતી ખાતા દ્વારા પ્રકાશિત પુસ્તિકાઓને આવકારતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ

**સમય મિરર | રાજકોટ**

"માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રકાશિત થતાં વિવિધ પુસ્તિકાઓ અમને ખૂબ ઉપયોગી નીવડે છે." આ શબ્દો છે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવા વિદ્યાર્થીઓના...



માહિતી નિયામકની કચેરી દ્વારા ગુજરાત પાક્ષિક, રોજગાર સમાચાર, દીપોત્સવી અંક સહિત વિવિધ પ્રકીર્ણ પ્રકાશન પ્રકાશિત કરવામાં આવે છે. જે અંતર્ગત પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાઈબ્રેરીને ગુજરાત પાક્ષિક, લોક સંસ્કૃતિ અને કલા વૈભવ, વિકસિત ભારત વિકસિત ગુજરાત, આદિવાસી ઓળખ, વિકાસનું પંચામૃત, વન્યજીવન સહિત પુસ્તિકાઓ લાઈબ્રેરીને ભેટ કરવામાં આવી હતી. જે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ખૂબ મદદરૂપ થશે.

આ તકે વિદ્યાર્થી મિત્રોએ પોતાના પ્રતિભાવમાં કહ્યું હતું કે, માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રકાશિત ગુજરાત પાક્ષિક તેમજ અન્ય પુસ્તિકાઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનોને ઉપયોગી બને છે. તેમની વાતમાં સુર પુરાવતા કોન્સ્ટેબલ, પી.એસ.આઈ પરીક્ષાની તૈયારી કરતા પારુલબેન વાલાણીએ કહ્યું હતું કે, ગુજરાત પાક્ષિક હું નિયમિત વાંચું છું. આ પાક્ષિકની અંદર રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની જન કલ્યાણકારી યોજનાઓ સહિત વર્તમાન કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી મળે છે. અન્ય એક વિદ્યાર્થી પ્રશાંતભાઈ ગ્રાંભડીયાએ કહ્યું કે, તાજેતરમાં જ મેં પોલીસ સબ ઈન્સ્પેક્ટરની પરીક્ષા આપી છે. રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત ગુજરાત પાક્ષિક તેમજ અન્ય પુસ્તિકાઓ મને આવી વિવિધ પરીક્ષાઓમાં ઉપયોગી બને છે.

# ઉનાળામાં કપાસના પાકને ગુલાબી ઈયળથી બચાવવાના ઉપાયો

**સમય મિરર | રાજકોટ**

ખરીફ ઋતુમાં ખેતરમાં ગુલાબી ઈયળ/પિંક બોલવોર્મ નામની જીવાતથી કપાસના પાકને બચાવવા માટે ઉનાળામાં અગમચેતીના પગલાં અંગે રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ઉપાયો સૂચવવામાં આવ્યા છે.



જે મુજબ, ઉનાળામાં ઊંડી ખેડ કરવી. જેથી જમીનમાં અગાઉના કપાસના પાકના અવશેષોમાં રહેલા ગુલાબી ઈયળના કોશેટા સૂર્યપ્રકાશની ગરમીથી તેમજ કુદરતી ભક્ષકો દ્વારા નાશ પામે. કપાસના પાકની વાવણી કરતાં પહેલાં ખેતરમાં રહેલા જૂના પાકના અવશેષો/જળિયાંનો વીણીને નાશ કરવો. કપાસના ખેતરની ફરતે/આજુબાજુના વિસ્તારમાં પાકનો કચરો/ કરસાંઠી/ અવશેષોના ઢગલાં કરવા નહિ.આ અંગે વધુ જાણકારી જે-તે વિસ્તારના ગ્રામસેવકશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી, ખેતી અધિકારીશ્રી, તાલુકા અમલીકરણ અધિકારીશ્રી, મદદનીશ ખેતી નિયામકશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ ખેતી નિયામક,(વિસ્તરણ), નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવાયું છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** મહરાજ ઘેલારામજી જ્ઞાતીના સ્વ. પ્રવીણભાઇ મુકુંદરાયો જાનીની દિકરી તથા સ્વ. પ્રદિપભાઇ અનુપમરામ પંડયાના પત્ની ડોલી (સુધા)નું તા. ૩૦-૪-૨૦૨૫ને બુધવારે અવસાન થયું છે. તે મનુ (મનોજ) પી જાની (મવાળા, બકુલભાઇ, રાજુ (હરેન્દ્ર), મીતુ દિલીપભાઇ રાવલ અને અમી અમીત વોરાના બહેન હતા. સદ્દગતની સાદડી તા. ૩-૫-૨૦૨૫ શનિવારના રોજ સાંજે ૫ થી ૬ કલાક નાગર બોર્ડીંગ (ગ્રા. ફલોર), વિરાણી હાઇસ્કૂલ સામે, વિરાણી ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** (નવાગામ) હાલ રાજકોટ નિવાસી ઠા. જેઠાલાલ નરશીભાઇ બુધ્ધદેવના પુત્ર તે સ્વ. ભગવાનજીભાઇ, સ્વ. બળવંતભાઇ (કનુભાઇ), સ્વ. કેશવભાઇ, સ્વ. વસંતભાઇ તથા દિલીપભાઇના ભાઇ તેમજ ઠા. કિશોરભાઇ રામજીભાઇ કાનાબાર (આમરણવાળા) ના જમાઇ અને નિમિષાબેન, ચેતનભાઇ, સ્વ. ધવલભાઇના પિતાશ્રી તથા વૈભવના દાદા તેમજ ભાવિનકુમાર અનંતરાય રાજાના સસરા ચીમનભાઇ જેઠાભાઇ બુધ્ધદેવનું તા. ૨૮ સોમવારના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તથા સાસરા પક્ષની સાદડી તા.૨ ને શુક્રવાર સાંજે ૫ થી ૬ કલાકે પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

# રાજકોટમાં બિલ્ડરના ઘરમાં લૂંટ ચલાવનાર બંટી-બબલીને ૭ વર્ષની જેલ

## ચોકીદારી કરતાં નેપાળી દંપતીએ બિલ્ડરના પિતા અને પુત્રને બંધક બનાવી રોકડ અને દાગીનાની લૂંટ ચલાવી'તી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રોયલ પાર્કમાં રહેતા બિલ્ડર ના ઘરે ચોકીદારી કરતા દંપતીએ બિલ્ડરના પુત્ર અને પિતાને બંધક બનાવી રોકડ અને દાગીનાની લાખો રૂપિયાની લૂંટ ચલાવવાના કેસમાં અદાલતે આરોપી દંપતીને ૭-૭ વર્ષની સજા અને રૂ.૧૦-૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે


એડવોકેટ

રાજકોટમાં રોયલ પાર્ક શેરી નં. ૪ માં ''માતોશ્રી' મકાનમાં રહેતા બિલ્ડર પ્રભાતભાઈ સિંધવ અમદાવાદ ગયા હતા. ત્યારે તેમનો પુત્ર જશ સિંધવ અને તેના પિતા ઘરે હતા. તે દરમિયાન તેમના મકાનમાં દોઢ માસથી રહેતા અને ચીકીદારી કરતા અનીલ નેપાળી અને તેની પત્ની લક્ષ્મીબેન નેપાળીએ તા.૫/૧૦/૨૨ ના રોજ મોડી રાત્રે લુંટ કરવાના ઈરાદે ઘરમાં મેઈન દરવાજાનો લોક તોડી અપપ્રવેશ કરી જશ સિંધવ છરી બતાવી ઘરમાં રહેલ સોનું તથા રોકડ રકમ બાબતે પુછપરછ કરતા તેણે મને ખબર નહિ હોવાનું જણાવતા આરોપી દંપતીએ ઓશીકાના કવર અને ચુંદડી વડે તેના હાથપગ બાંધી ફરીયાદીના પિતાના રૂમમાં પ્રવેશ કરી કબાટ તથા બંને તીજોરીઓમાંથી રોકડ રકમ રૂ.૧૦ લાખ, પાંચ સોનાના પેન્ડલ સેટ, ૫૦ નંગ સોનાની વીંટી, સોનાની લકકી, સોનાનો સેટ, પાંચ સોનાના બ્રેસલેટ, ૩ સોનાના સીકકા, ૮ થી ૧૦ ચાંદીના સીકકા અને ૧૦ અલગ અલગ બ્રાન્ડની ઘડીયાળોની લુંટ કરી નાસી છૂટ્યા હતા. આ અંગે જશ સિંધવે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. અરવલ્લી પોલીસે આરોપી દંપતીને ઝડપી લેતા યુનીવર્સીટી પોલીસે બંને આરોપીનો કબ્જો મેળવી મુદામાલ જપ્ત કર્યો હતો. જે કેસમાં આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ હતું. ત્યારબાદ કેસ ચાલવા પર આવતા બંને પક્ષની રજૂઆત બાદ મૂળ ફરિયાદી અને સરકાર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ કોર્ટે આરોપી અનિલકુમાર ઉર્ફે રામરનસિંહ કસેરા અને તેની પત્ની લક્ષ્મી ઉર્ફે ધનશ્રી અનિલકુમાર ઉર્ફે રામરનસિંહ કસેરા તકસીરવાન ઠેરવી સાત સાત વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૧૦-૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકારપક્ષે એ.પી.પી. પુજાબેન જોષી તથા મુળ ફરીયાદી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, ખોડુભા સાકરીયા, જયવિર બારૈયા, રવિરાજસિંહ જાડેજા, દિપ વ્યાસ, જયપાલસિંહ સોલંકી અને સાગરસિંહ પરમાર રોકાયા હતા.

# રાજકોટમાં પ્રેમ પ્રકરણમાં માતા-પુત્ર સહિત ત્રણ ઉપર યુવતીના પરિવારનો હુમલો

## હુમલામાં ઘવાયેલા ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા; ત્રણ શખ્સો સામે ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના થોરાળા વિસ્તારમાં આવેલા કુબલીયાપરામાં રહેતા પરિવાર પર પ્રેમસંબંધ મામલે યુવતીના પિતા અને બન્ને ભાઈએ તલવાર અને છરી વડે હુમલો કરતા ત્રણને સારવાર માટે સિવિલમાં ખસેડાયા હતા. આ ઘટનામાં થોરાળા પોલીસે ત્રણેય શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

બનાવની વધુ વિગતો અનુસાર, કુબલીયાપરા શેરી નંબર પાંચમાં રહેતા રાહુલ ભરતભાઈ સોલંકી (ઉ.વ.૨૬) એ તેમની શેરીમાં રહેતા કિશોર ધીરૂભાઈ સોલંકી તને બન્ને પુત્ર કિશોરભાઈ સોલંકી (રહે. કુબલીયાપરા) વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. રાહુલે ફરીયાદમાં જણાવ્યું બે વર્ષ પહેલા મોટો ભાઈ



દિલીપ શેરીમાં રહેતા કિશોરભાઈની દીકરીને ભગાડી ગયો હતો. તેના પિતાને સોંપી હતી તેમજ આવી રીતે બન્ને ચારેક વખત સાથે ભાગી જતા અને ત્રણ-ચાર દિવસમાં મળી આવતા હતા અને પાયલને તેના પિતાના ઘરે મુકી આવતા આ વખતે પાયલના પિતા અને ઘરના લોકો કહી ગયા કે પાયલ આવે તો હવે તમારી સાથે જ રાખજો. બાદમાં દિલીપ અને કિશોરભાઈની દીકરી પાયલ બન્ને પતિ-પત્નીની જેમ રહેવા લાગ્યા હતા.

તા.૨૬/૪ના બપોરે માતા જશુબેન અને રાહુલ ઘરમાં શેરીમાં ઉભા હતા ત્યારે પાયલના પિતા કિશોરભાઈ તલવાર લઈને અને તેમના બન્ને પુત્રો અનીલ અને રાજેશ છરી લઈને આવ્યા હતા અને કોઈપણ જાતની વાત કર્યા વગર તલવારનો ઘા ઝીંક્યો હતો અને જેથી રાહુલ નીચે પડી ગયો હતો તેમજ અનીલ અને રાજેશ છરી વડે રાહુલને આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ત્યાં છોડાવવા વચ્ચે પડતા માતા જશુબેન ઉર્ફે શારદાબેન અનેમોટા બા વજીબેન સોલંકીને પણ તલવારનો ઘા ઝીંકી દેતા લોહીલુહાણ થયા હતા. આ મામલે ત્યાં લોકો ભેગા થઈ જતાં આરોપી ભાગી ગયા હતા અને ૧૦૮ મારફતે તેમને સિવિલમાં ખસેડાયા હતા. આ અંગે થોરાળા પોલીસમાં ગુનો નોંધાતા આરોપીઓને સકંજામાં લેવા તજવીજ શરૂ કરાઈ છે.

# રાજકોટમાં લગ્નમાંથી પરત ફરતા બંધુને લૂંટારુનો ભેટો પગ ભાંગી નાખી ચેનની લૂંટ ચલાવી

## બાઈકમાં આવેલી ત્રિપુટીએ કરેલા હુમલામાં ઘવાયેલા બંને ભાઈઓ સારવારમાં; તપાસનો ધમધમાટ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના ભગવતીપરાથી બેડી ચોકડી જતા અવાવરૂ રસ્તા પર અવાર નવાર મારામારી અને લુંટની ઘટના બને છે. નાની-નાની લુંટની ઘટનામાં અમુક લોકો તો ફરીયાદ નોંધાવતા પણ નથી ત્યારે ગઈકાલે બેડી ચોકડી નજીક મઢુલી હોટેલ નજીક ત્રીપલ સવારી બાઈકમાં આવેલા શખ્સોએ કુવાડવાથી માસીયાઈ ભાઈના લગ્નમાંથી મધરાતે પોપટપરા ઘરે પરત ફરતા બે સગા ભાઈ પર હુમલો કરી અને લુંટ ચલાવી હતી. આ ઘટનામાં બન્ને ભાઈનાં પગ ભાંગી નાખતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા છે. તેમજ બીડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરી છે.

બનાવની વિગતો અનુસાર, પોપટપરા ૫૩ કવાર્ટરમાં રહેતા અમીત કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૨૮) અને તેનો નાનો ભાઈ સુનિલ (ઉ.વ.૨૬) બન્ને રાત્રીના બે અઢી વાગ્યાની આસપાસ બેડી ચોકડી પાસે આવેલી મઢુલી હોટેલ પાસે હતા ત્યાર ત્રીપલ સવારી બાઈકમાં



આવેલા લખન, જાવલો અને અશ્વિને લોખંડના પાઈપ વડે માર મારતા અમીતને બન્ને પગે ફેકચર અને સુનિલને એક પગે ફેકચર થયું હતું. હાલ બન્નેને સારવાર માટે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં બી ડીવીઝન પોલીસને જાણ કરવામાં આવતા બન્નેના નિવેદન નોંધી ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરી છે.

આ ઘટનામાં અમીતે જણાવ્યું હતું કે તેમને સોની બજારમાં પાનની દુકાન છે. ત્રણ ભાઈમાન સુનિલ નાનો અને પોતે મોટો છે. ગઈકાલે કુવાડવા ગામમાં રહેતા માસીના દીકરા રોહીત પરબતભાઈ બાકુડીયાના લગ્ન હતા. રાત્રીના માંડવો હતો. અને રાસગરબા હતા ત્યાંથી રાત્રીના લગભગ બેથી અઢી વાગ્યે બુલેટ લઈ બન્ને ભાઈ પોપટપરા ઘરે જવા નીકળ્યા હતા ત્યારે બેડી ચોકડી નજીક મઢુલી હોટેલ પાસે બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ ધમકાવતા કહ્યું કે તમારી પાસે જે પૈસા હોય તે આપી દો અને ગભરાયલા બન્ને ભાઈએ ના પાડતા ત્રણેય શખ્સોએ પાઈપ વડે હુમલો કરી બન્ને ભાઈના પગ ભાંગી નાખ્યા હતા અને ગળામાં પહેરેલ સાડા ત્રણ તોલાનો સોનાનો ચેઈન લુંટી આરોપીઓ ભાગી ગયા હતા. આ મામલે બન્નેને સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવતા બી ડીવીઝન પોલીસના પીઆઈ સુધિર રાણે અને ટીમે બન્નેના નિવેદન લેવડાવી ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરી છે. સુનિલે જણાવ્યું કે આરોપીઓ માર મારી રહ્યા હતા ત્યારે એકબીજાનું નામ બોલી રહ્યા હતા. આ ઘટનામાં બીડીવીઝન પોલીસની ટીમ દ્વારા આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

## બે દિવસ પૂર્વે ખેલાયેલા ખૂન કેસનો આરોપી જે દુકાનમાં નોકરી કરતો તે વેપારીએ ધમકીથી ડરી પગલું ભર્યું

# રાજકોટમાં હત્યારાના સંબંધીની ધમકીથી વેપારીનો વીડિયો બનાવી ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટનાં જીલ્લા ગાર્ડન નજીક બે દિવસ પુર્વે ઈશાન મુસ્તુફા કાસમાણી (ઉ.વ. ૨૦) નામના યુવાનની હત્યા થઈ હોય જેમા અફઝલ સિકંદર જુણેજા અને તેના બે મિત્રો સાહીલ હુશેન પતાણી અને અમન મહેબુબ ચૌહાણ સામે ગુનો નોંધાયા બાદ પોલીસે આ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. મૃતક ઈશાનની હત્યામા સંડોવાયેલ આરોપી સાહીલ પતાણી બાપુનગર પાસે જવા હત્યાનો બનાવ બન્યો તે વિસ્તારમા ઓટો પાર્ટસની એસેસરીજની દુકાનમા નોકરી હોય તે દુકાનનાં માલીકને સાહીલનાં સગા દ્વારા ધમકી આપવામા આવતા વેપારીએ આ ધમકીથી ડરીને પોતાના ઘરે ગળેફાંસો



ખાઈ આપઘાત કરી લીધો હતો અને આપઘાત પુર્વે વીડીયો બનાવી વાયરલ કરતા આ ઘટનાને લઈને ભારે ચકચાર જાગી છે.

મળતી વિગતો મુજબ શહેરનાં કોઠારીયા ગામ નજીક પાણીના ટાકા પાસે રામ પાર્ક ૩ મા રહેતા અને બાપુનગર પાસે મોમાઈ ઓટો નામની ઓટો પાર્ટસ અને એસેસરીજની દુકાન ચલાવતા કમલેશ મુકેશ સરસીયા (ઉ.વ.૨૫) વેપારીએ આજે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કમલેશની પત્ની બહાર ગઈ હોય તેણે પતિને ફોન કરતા ફોન સતત નો રીપ્લાય થયો હોય જેથી પાડોશીને જાણ કરતા દરવાજો તોડી તપાસ કરતા કમલેશભાઈ ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા જેને સારવાર માટે હોસ્પીટલે ખસેડાયા પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યા હતા. મૃતક કમલેશે આપઘાત પુર્વે પોતાના મોબાઈલમા રેકોર્ડ કરેલો એક વીડીયો મળી આવ્યો હતો જેમા તેણે સલીમ અને જાકીર નામના બે શખ્સોના ત્રાસથી અને ધમકીથી આપઘાત કર્યાનું જણાવ્યુ હતુ. પોલીસ મથકનાં પીએસઆઈ જનકસિંહ રાણા સહીતનાં સ્ટાફે આ મામલે તપાસ કરતા જાણવા મળ્યું કે સોમવારની રાત્રે જીલ્લા ગાર્ડન નજીક બાપુનગર પાસે ઈશાન કાસમાણી નામના યુવાનની હત્યા થઈ હોય જે હત્યામા અફઝલ જુણેજા, સાથે અમન મહેબુબ ચૌહાણ અને સાહીલ હુશેન પતાણીની પોલીસે ધરપકડ કરી હતી. હત્યા કેસમા સંડોવાયેલ સાહીલ પતાણી મૃતક કમલેશની ઓટો પાર્ટસની દુકાનમા નોકરી કરતો હોય પોલીસે આ મામલે કમલેશનુ પણ નીવેદન લીધુ હોય જેને લઈને સાહીલનાં પરીવારજનોમા સલીમ અને જાકીરે કમલેશને આ બાબતે ધમકી આપતા તેણે આ પગલુ ભર્યું હતુ. મૃતક કમલેશ બે ભાઈમા નાનો હતો. અને એક વર્ષ પુર્વે તેના લગ્ન થયા હતા.

# રાજકોટના ચકચારી હત્યા કેસમાં આરોપીને નિર્દોષ મુક્ત કરતી અદાલત

## ત્રણ વર્ષ પૂર્વે નજીવી બાબતે થયેલી યુવકની હત્યાના ગુનામાં ધરપકડ થઈ'તી

**સમય મિરર | રાજકોટ**

શહેરના રૈયા ધાર વિસ્તારમાં ત્રણ વર્ષ પૂર્વે નજીવી બાબતે થયેલી યુવકની હત્યાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપી તોફિક ખાડુને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.


એડવોકેટ

આ કેસની હકીકત મુજબ શહેરના રૈયાધાર વિસ્તારમાં રહેતા હિતેશ ભુપતભાઈ લઢેર નામના યુવક પર તોફિક બસીર ખાન નામના શખ્સે પટ્ટાથી અને પ્લાસ્ટિકના પટ્ટાથી માર મારી મોતને ઘાટ ઉતાર્યા અંગેના લક્ષ્મીબેન લઢેરએ યુનિવર્સિટી પોલીસ મથકમાં તોફીક બસીર ખાડુ સામે હત્યા, એટ્રોસિટીની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી પ્રાથમિક તપાસમાં મૃતક હિતેશ લઢેર અને આરોપી તોફિક ખાડુ વચ્ચે કોઈ કારણસર થયેલી બોલાચાલીમા ઉશ્કેરાયેલા તોફીકે માર મારી મોતને ઘાટ ઉતારતા ૧૦૮ મારફતે સારવાર વખતે હોસ્પિટલે ખસેડયા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. બાદ એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં ફરિયાદીની જુબાની, વિવિધ પંચનામાંના પંચો, તપાસ કરનાર અધિકારી, મેડિકલ ઓફિસરની વિગેરેની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલની દલીલો સાંભળ્યા બાદ તથા ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઈને એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા આરોપી તૌફીક ખાંડુને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવેલો છે.

આ કેસમાં આરોપી વતી એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ અને રહિમભાઈ હેરંજા રોકાયા હતા.

## ચેક મુજબનું વળતર ચુકવવા અદાલતનો આદેશ

# ચેક પરત ફરવાના ગુનામાં આરોપીને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

**સમય મિરર | રાજકોટ**

સબંધના દાવે લીધેલા રૂપિયાની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે વેપારીને એક વર્ષની સાદી કેદની સજા અને રૂ.૪ લાખ વળતર પેટે ચુકવવા હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા ફરીયાદી કમલેશ દુદાભાઈ રૈયાણીએ આરોપી કમલેશભાઈ શામજીભાઈ રામાણી (રહે. સણોસરા)ને રૂ.૪ લાખ હાથ ઉછીનાં આપ્યા હતા. અને તે રૂપિયા મળ્યા અંગેની આરોપીએ ફરીયાદી જોગ એક બાંહેધરી તથા પૈસા મળ્યાની પહોંચનું લખાણ કરી આપ્યું હતું. જે રૂપિયાની ચુકવણી માટે કમલેશભાઈ રામાણીએ રૂ.૪ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક વગર વસુલતે પરત ફરતા ફરીયાદી વેપારીએ આરોપી વિરુધ્ધ રાજકોટની ફોજદારી કોર્ટમાં ચેક રીર્ટનની ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા કોર્ટે બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને રૂ.૪ લાખ ૬૦ દિવસમાં વળતર પેટે ચુકવવા તેમજ હુકમ સમયે હાજર નહી રહેલા આરોપી સામે ફરતું પકડ વોરંટ ઈશ્યુ કરતો હુકમ ફરમાવ્યો છે.


એડવોકેટ

આ કેસમાં ફરીયાદી તરફે વકીલ તરીકે કેતન એન. સિંધવા અને પંકજ આર. દોંગા રોકાયા હતા.

# રાજકોટમાં PI ઉપર હુમલો કરનાર નામચીન સહિત બે શખ્સો પાસા તળે જેલ હવાલે ધકેલાયા

## મારામારી સહિતના ગુનામાં સંડોવાયેલ ગુનેગારો સામે પોલીસ કમિશનરે પાસાનું શસ્ત્ર ઉગામ્યું

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ગુનાખોરી અને ગુનેગારો ઉપર અંકુશ લગાવવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા ગુનેગારો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પી. આઈ ઉપર હુમલો કરનાર અને મારામારીમાં સંડોવાયેલ નામચીનુ શખ્સને પાસા હેઠળ સુરત અને મહેસાણા જેલ હવાલે કરવામાં આવ્યા છે.

રાજકોટ શહેર વિસ્તારમાં મારામારી તેમજ શરીર સંબંધી બનાવના ગુન્હાઓ બનતા અટકે તેમજ લોકોની જાનમાલનુ રક્ષણ થાય તેવા આશય ઈ.ગુજકોપ મારફતે ગુનાહિત ઈતિહાસ ચકાસણી કરી નામચીન ગુનેગારો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી શખ્સોને હવાલે કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.ત્યારે શિવશક્તિ કોલોની બ્લોકનં.૧૧૧ સામે ઉમીયાજીકુપા મકાનમાં રહેતા ઉમંગ ઉર્ફે લાલો ગોવિંદભાઈ ભુત (ઉ.વ.૩૨) સામે મારામારીના પાંચ ગુરૂ નોંધાયા હોય તેની સામે પાસાની દરખાસ્ત કરતા તેની સામે પોલીસ કમિશ્નર દ્વારા પાસા વોરંટ ઈસ્યુ કરતા યુનિવર્સીટી પોલીસ મથકને સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ



ઉમંગની પાસાતળે અટકાયત કરી તેને સુરત લાજપોર જેલ ખાતે મોકલી આપેલ હતો.

જયારે પીઆઈ પર હુમલો કરનાર શખ્સ પાસાના પીંજરે પુરાયો હતો. પીઆઈ પર હુમલા ઉપરાંત મારામારી, દાળ છેડતી સહિત ૨૦ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા નામચીન નવા થોરાળા મેઈન રોડ ગોકુલપરામાં રહેતા શામજી ઉર્ફે શામો મકાભાઈ મકવાણા (ઉ.વ. ૫૯) ની થોરાળા પોલીસે પાસા તળે અટકાયત કરી મહેસાણા જેલમાં ધકેલવા તજવીજ હાથ ધરી છે.

# મિત્રને ચુકવણી માટે આપેલો ચેક રિટર્ન થતા આરોપીને એક વર્ષની જેલ

## ચેક મુજબની રકમ એક મહિનામાં પરત કરવા કોર્ટનો હુકમ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ ખાતે રહેતા એક યુવક પાસેથી મિત્રતાના દાવે લીધેલા રૂ.૩ લાખની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા અને ચેક મુજબની રકમ એક મહીનામાં પરત કરવા હુકમ ફરમાવ્યો છે.


એડવોકેટ

આ કેસની હકીકત મુજબ કિશોરભાઈ રણછોડભાઈ દેથલીયાએ મિત્રતાના દાવે લીધેલા રૂા.૩ લાખની ચુકવણી માટે ચેક આપ્યો હતો. જે ચેક વગર વસુલાતે પરત ફરતા ફરીયાદી દ્વારા આરોપીને લીગલ નોટીસ પાઠવવા છતા સમય મર્યાદામાં રકમ ન ચુકવતા ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ આરોપી વિરૂધ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જે કેસ ચાલી જતા કોર્ટે બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ આરોપીને એક વર્ષની કેદની સજા અને ચેક મુજબની રકમ એક મહીનામાં પરત કરવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં ફરીયાદી વતી વિઠ્ઠલાપરા સોલિસિટર્સ એન્ડ એડવોકેટસના વકીલ ચેતન વિઠ્ઠલાપરા, સાગર સરવૈયા, વિજય વણઝારા, રીતુસિંહ, લવજી ભજગોતર, કિરીટ ગોહિલ, જયદીપ બથવાર, સંજય ચાવડા, એમ. એમ. રાઠોડ, દક્ષાબેન બથવાર, મદદનીશ તરીકે કિશન ભીમાણી, હિરેન એસ. વિઠ્ઠલાપરા, એસ. સી. વિઠ્ઠલાપરા, હિરેન ખીમસુરીયા, ભાવેશ વોરા, વિનોદ ચૌહાણ અને સચિન આર. દેસાઈ રોકાયા હતા.

# રાજકોટમાં માવતરે આવેલી પરણિતાના ચારિત્ર્ય પર શંકા કરી પતિએ કર્યો છરીથી હુમલો

## અમરેલીના કણકોટમાં પત્ની સાથે સંબંધ ધરાવતા યુવકના પગ ભાંગી નાંખ્યા'તા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં આવેલા રેલનગર વિસ્તારમાં માવતરના ઘરે આંટો મારવા આવેલી પત્નીનો અમરેલીના કણકોટ ગામે રહેતા પતિએ પીછો કરી પત્નીના ચારિત્ર્ય પર શંકા કરી છરી અને પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો. તારા ઘોબા ઉપાડી નાખીશ જેવી ધમકી આપી પતિ નાસી છૂટ્યો હતો. પત્ની સાથે આડા સબંધ ધરાવતા કણકોટના યુવકના પણ બે માસ પૂર્વે પગ ભાંગી નાખ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીના કણકોટ ગામે રહેતી નિરાલીબેન ધર્મેશભાઈ સરવૈયા નામની ૨૪ વર્ષની પરિણીતા રાજકોટમાં રેલનગર વિસ્તારમાં આવેલ ભગીની ટાઉનશીપમાં રહેતી માતા રેખાબેન ડાયાભાઈ સીતાપરાના ઘરે હતી ત્યારે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં તેણીના પતિ ધર્મેશ સરવૈયાએ ઝઘડો કરી છરી અને પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલી પરિણીતાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

પ્રાથમિક પૂછપરછમાં નિરાલીબેન સરવૈયાના ચાર વર્ષ પહેલા લગ્ન થયા છે અને તેણીને સંતાનમાં એક પુત્રી છે. નિરાલીબેન સરવૈયા ૨૦ દિવસ પહેલા જ માતાના ઘરે આટો મારવા આવી છે. નિરાલીબેન સરવૈયાને તેના જ ગામના ચિરાગ નિમાવત નામના યુવાન સાથે આડા સંબંધ હોવાની શંકાએ ગઈકાલે ધર્મેશ સરવૈયા રાજકોટ પહોંચ્યો હતો અને નિરાલીબેન દૂધ લેવા જતી હતી ત્યારે સંતાઈને બેઠેલા પતિ ધર્મેશ સરવૈયાએ તારા ઘોબા ઉપાડી નાખીશ તેવી ધમકી આપી છરી અને પાઈપ વડે હુમલો કર્યો હતો અને બે માસ પૂર્વે જ નિરાલીબેન સરવૈયા સાથે આડા સંબંધ હોવાની શંકાએ કણકોટ ગામના યુવકના પણ બંને પગ ભાંગી નાખ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્ર.નગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વાહન જોઈને ચલાવવાનું કહેતા કોલેજીયન યુવાન ઉપર ચાલકનો હુમલો

## દૂધની ડિલીવરી કરવા જતા યુવકને લુખ્ખાનો ભેટો થઈ ગયો; ઈજાગ્રસ્ત છાત્ર સારવારમાં

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના પોપટપરા વિસ્તારમા રહેતો બીસીએનો છાત્ર સ્કુટર લઈ દુધની ડીલેવરી કરવા જતો હતો ત્યારે પરસાણાનગર ફાટક પાસે સ્કુટર ચાલકે કાવો મારતા તેને ગાડી જોઈને ચલાવવાનુ કહેતા તે શખ્સે ઝઘડો કરી છાત્ર ઉપર બ્લોક અને લાકડા વડે હુમલો કરી માર મારતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે સિવીલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ પોપટપરા શેરી નં ૮ મા રહેતો વિવેક સુરેશભાઈ સિંધવ (ઉ.વ. ૧૯) નામનો યુવાન આજે સવારે એકટીવા લઈ હંસરાજનગરમા દુધની ડીલેવરી માટે જતો હતો ત્યારે પરસાણાનગર ફાટક પાસે સામેથી આવતા એકટીવાનાં ચાલક રૂદ્રારાજ ગઢવીએ કાવો મારતા વિવેકે તેને ગાડી જોઈને ચલાવવાનું કહેતા રૂદ્રરાજે ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરી રોડ પર ફીટ કરવાનાં બ્લોક અને લાકડા વડે હુમલો કરી માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમા સારવાર માટે સિવીલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યો છે.પ્રાથમીક તપાસમા વિવેક



બીસીએનાં ત્રીજા વર્ષમા અભ્યાસ કરે છે.તેના પિતાને રેલનગરમા દુધની ડેરી હોય જેથી તે દુકાનમા મદદ કરવા સવારે દુધની ડીલેવરી આપવા માટે જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. આ અંગે પ્રનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પોરબંદરમાં ફરી માફિયા રાજ
# પિતા- પુત્રનું અપહરણ કરી ૧૭ દિવસ ગોંધી રખાયા

**૭૦ લાખની વસુલાત માટે કાંધલ જાડેજાના કાકીએ મળતીયાઓ મારફત બંનેને ઉઠાવી લઈ માનસિક પીડા અપાઇ**

**ઈઝરાયલથી મહિલાએ મદદ માગતો વિડિયો વાયરલ કરતા હરકતમાં આવેલી પોલીસે ગુનો દાખલ કરી હિરલબા જાડેજાની કરી ધરપકડ**



**સમય મિરર | પોરબંદર**

પોરબંદરમાં વર્ષો પૂર્વે મહેર ગેંગ દ્વારા ભારે આતંક મચાવવામાં આવતો હતો. પરંતુ પોલીસની કડક કાર્યવાહીથી મહેર ગેંગનો સફાયો કરી નાખવામાં આવ્યો છે. ત્યારે આજે સામે આવેલી ઘટનામાં મહેર ગેંગે ફરી માથું ઉચક્યું હોય તેવું ફલિત થાય છે. જેમાં મૂળ પોરબંદરના કુંછડી ગામની વતની મહિલાએ સોશિયલ મીડિયાના માધ્યમથી ઇઝરાયેલ બેઠા બેઠા મદદની ગુહાર લગાવતો વિડીયો વાયરલ કર્યો હતો. અને તેમાં તેના પિતા અને પુત્રનું અપહરણ કરવામાં આવ્યું હોવાનું જણાવી મદદ કરવા કહ્યું હતું. જેથી હરકતમાં આવેલી પોલીસે પોરબંદર મહેર જ્ઞાતિના અગ્રણી અને કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજાના કાકી એવા હિરલબાના આશ્રય સ્થાનો પર દરોડા પાડ્યા હતા. જેમાં અપહરણની હકીકત સામે આવતા ગઈકાલે પોલીસે ગુનો દાખલ કરી કાંધલ જાડેજાના કાકીની ધરપકડ કરી છે. આમ વધુ એક વખત પોરબંદરમાં માફિયા રાજ સામે આવ્યું છે.

પોરબંદર કુછડી ગામના ભનાભાઈ ઓડેદરા (૬૪)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે હીરલબા ભુરાભાઈ મુંજાભાઈ જાડેજા (રહે. સુરજ પેલેસ પોરબંદર) હિતેષ ભીમાભાઈ ઓડેદરા, વિજય ભીમાભાઇ ઓડેદરા (રહે. બંન્ને જયુબેલી) તથા અન્ય ચાર થી પાંચ અજાણ્યા ઇસમો ના નામ આપવામાં આવ્યા છે.આરોપીઓ દ્વારા ૭૦ લાખની ઉઘરાણીએ અપહરણ કરી ૧૭ દિવસથી ગોંધી રાખી રુપિયા કઢાવવા માટે દબાણ કરાતું હોવાનું જણાવવામાં આવ્યું છે. ફરિયાદમાં ભાણાભાઈએ જણાવ્યું હતું કે, હિરલબા જાડેજા અને અન્ય આરોપીઓ તેમના ઘરે રાત્રે ઘૂસી આવ્યા હતા. આરોપીઓએ ફરિયાદી અને સાહેદોનું અપહરણ કરી હિરલબાના બંગલે લઈ ગયા હતા. અંદાજે ૧૭ દિવસથી વધુ સુધી તેને ગોંધી રાખવામાં આવ્યા હતા.તે બાબતે વિડીયો કોલમાં મહિલા સાથે વાત પણ કરાવી હતી.

જેથી મુળ પોરબંદર નજીકના કુછડી ગામની અને હાલ ઇઝરાઇલ ખાતે રહેતી એક મહિલાએ સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ કર્યો હતો. જેમાં મહિલા અગ્રણી હિરલબા જાડેજા સામે અપહરણ અને પૈસાની લેતી-દેતી બાબતે આક્ષેપો કર્યા હતા. તથા તે મદદ માંગતી હતી. જેને લઈ પોલીસે તપાસ હાથ ધરી હતી અને મંગળવારે મોડી સાંજે હિરલબા જાડેજાની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદમાં એવું જણાવ્યુ હતું કે, આ કામના હિરલબા જાડેજા સહિતનાઓએ રાત્રીના ભનુભાઇના ઘરે અજાણ્યા ચારથી પાંચ આરોપીઓએ ગૃહપ્રવેશ કરી તથા સાહેદોનુ અપહરણ કરી ફરીયાદીની દિકરીએ લીધેલ સીત્તેર લાખ રુપિયા કઢાવવા ધમકીઓ આપી હતી. આરોપી હિરલબા જાડેજાના બંગલે લઇ જઇ હિરલબાની સામે આરોપી હિતેષ ઓડેદરા તથા વિજય ઓડેદરાએ ફરયાદીની દિકરી સાથે તથા તેના જમાઇની વીડીયો કોલમાં વાત કરાવી રૂપિયા કઢાવવા માટે દબાણ કરી રહ્યા હતા. આ બનાવમાં પોલીસે ભનાભાઈ અરજણભાઈ ઓડેદરા ઉ.વ. ૬૪, ધંધો-માળી તરીકે, રહે. કુછડીની ફરીયાદના આધારે હાર્બર મરિની પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઇ છે.

વધુમાં પોલીસ જણાવ્યું હતું કે, સાહેદોને જમીન,કમાન, પ્લોટ, દાગીના વિગેરે આપી દેવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હિતેષ ઓડેદરાએ બળજબરી કરી તેમની પાસેથી અલગ-અલગ કુલ-૧૧ કોરા ચેકમાં સહી કરાવી લઇ લીધેલ હતા. તેમજ વિજય ઓડેદરાએ ફરીયાદીની દિકરીની મરણજનાર દિકરીની નિશાની માટે રાખેલ હાથમાં પહેરવાનો દોઢ તોલાનો સોનાનો બેરખો તથા આશરે અડધા-પોણા તોલાનો ચેઈન એમ આશરે દોઢેક લાખના દાગીના લઇ લીધા હતા.

આરોપીઓએ બંનેને તા.૧૧ થી ૨૭ તારીખ સુધી ગોંધી રાખવામાં આવેલ હતા. ૧૭ દિવસથી ગોંધી રાખી માનસિક ત્રાસ ગુજારેલ હતો, અપહૃત ફરિયાદી આરોપીઓ વિરુદ્ધ બોલવા તૈયાર ના હતા.છતાં હિંમત દાખવી ગઈકાલે લીલુબેનના પિતા ભનાભાઈ પોલીસ સમક્ષ ફરિયાદ કરેલ જે બાબતે હિરલબા અને સંજય ઓડેદરાની ધરપકડ કરેલ છે.

વધુમાં એસપીએ કહ્યું હતું કે, આજે વિધિવત કોર્ટમાં રજૂ કરી પોલીસ રિમાન્ડની માગણી કરવામાં આવનાર છે. હિરલબાના ઘરેથી મોબાઈલ લેપટોપ પેન ડ્રાઈવ અને કિંમતી દસ્તાવેજો કબજે લીધેલ છે. હાલ લીલુબેન ઇઝરાયલ છે વિડીયો કોંફરન્સના માધ્યમથી સંપર્ક કરી નિવેદન લઈ રહ્યા છે. ફરિયાદી કે આરોપીએ વ્યાજ બાબતની હાલ પોલીસ તપાસમાં કોઈ વાત કરેલ નથી. ઘરના સીસીટીવીનું ડીવાઈસ બંધ છે. શહેરના સીસીટીવીના આધારે તપાસ ચાલું છે.

# ખેડાના આગરવામાં વીજ કરંટથી માતા- બે સંતાનના કરૂણ મોત

**બે વર્ષની બાળકી કુવાનો ફાયર વાયર અડતા કરંટમાં સપડાઈ, તેને બચાવવા જતા માતા ચોંટી ગયેલ અને પાછળથી આઠ વર્ષનો પુત્ર માતાને બચાવવા જતા તે પણ કરંટની ઝપટે ચડી ગયો : સાસુને ગંભીર ઇજા**

**સમય મિરર | ખેડા**

ખેડાના ઠાસરા તાલુકાના આગરવા ગામની સીમમાં આવેલા વાડી વિસ્તારમાં ઝૂંપડું બાંધીને રહેતા અને ખેતરમાં મજૂરી કામ કરતા શ્રમિક પરિવારમાં એક કરુણ ઘટના બનવા પામી છે. જેમાં આજે સવારના પહોરમાં બે વર્ષની બાળકી ઊઠીને કુવા નજીક રમતી હતી. ત્યારે રમતા રમતા કુવાનો ફાયરનો ઈલેક્ટ્રીક વાયર અડી જતા કરંટ લાગ્યો હતો અને બાળકી ત્યાં ને ત્યાં ચોંટી ગઈ હતી. તે દ્રશ્ય જોઈ માતા તેની બાળકીને બચાવવા દોડી હતી અને તેને પકડતાની સાથે જ માતા પણ ચોંટી ગઈ હતી. માતા પુત્રી બંનેને જોઈ આઠ વર્ષનો પુત્રો પણ તેને બચાવવા દોડયો હતો. ત્યારે તેને અડતાની સાથે તે પણ ચોંટી ગયો હતો. આમ વીજ કરંટથી માતા અને બે સંતાનોના સ્થળ પર જ કરુણ મોત નીપજ્યા હતા. ઘટના બાદ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. જ્યાં પ્રાથમિક કાર્યવાહી કરી માતા અને તેના બંને સંતાનોના મૃતદેહને હોસ્પિટલે ખસેડ્યા હતા.

ઠાસરા તાલુકાના આગરવા ગામે કુવાનો ફાયર વાયર અડતાં કરંટ લાગવાની ઘટનામાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ જીવ ગુમાવ્યો છે. માતા, પુત્ર અને પુત્રીને કરંટ લાગતા કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. ખેતરની ઓરડીમાં બે વર્ષની મીરા નામની દીકરીને કરંટ લાગતા તેણીની માતા ગીતાબેન દીકરીને બચાવવા દોડયા હતા. દીકરીને બચાવવા જતાં ૩૯ વર્ષીય માતાને પણ કરંટ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. તો માતાની સાથે ઓરડીમાં પહોંચેલા આઠ વર્ષીય દક્ષેશને પણ કરંટ લાગ્યો હતો. આ બનાવમાં માતા, પુત્ર અને પુત્રીને બચાવવા જતા સાસુ લીલાબેનને પણ કરંટ લાગ્યો હતો. જેના કારણે તેઓ પણ ગંભીર રીતે દાઝી ગયા હતા. હાલ, લીલાબેનને ડાકોરની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવયા છે.

માતા અને બે સંતાનોના દાઝી જવાથી મોત થયાની ઘટના સામે આવતા ડાકોર પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી, જ્યાં તેમણે પંચનામું કરી માતા, પુત્ર અને પુત્રીના મૃતદેહને પીએમ માટે ખસેડયા હતા. પોલીસ દ્વારા ગુનો નોંધવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પોલીસની પૂછપરછમાં મૃતકના પરિવારજન સાલમ પરમારે જણાવ્યું કે, કુવાના બોરની લાઈન હતી, જેનો વાયર ફાયર થયેલો હતો. આ ફાયર થયેલો વાયર અડી જતા તેમને કરંટ લાગ્યો હતો. સંતાનો અને પત્ની જતાં તેમને પણ કરંટ લાગ્યો હતો.

આ દુઃખદ ઘટના સંદર્ભે જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, ઘરમાં પાણી હતું એને ટચ કરવા નાની દીકરી ગઈ અને કરંટ આવ્યો, જેને બચાવવા જતાં એના મધર અને ૮ વર્ષના ભાઈ એમ ત્રણેયને કરંટ આવતાં ત્રણેયના દુખદ મૃત્યુ થયું છે. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જરૂરી કાયદાકીય કાર્યવાહી ડાકોર પીઆઈ અને સ્ટાફે હાથ ધરી છે. આ દુખદ ઘટના છે, આમાં એક્સપર્ટ ઓપિનિયન પણ લેવામાં આવશે. હાલ અનનેચરલ ડેથ દાખલ કરી સ્થાનિક પોલીસ તપાસ કરી રહી છે.



**ગામના જ શખ્સે પહેલા ફાયરિંગ કર્યું તેમાં બચી જતાં છરી વડે તૂટી પડ્યો**

# રાજકોટમાં GPSC ની તૈયારી કરતા યુવાનની વતન ખાખરાળામાં છરીના ઘા ઝીંકી હત્યા

**સમય મિરર | મોરબી**

મોરબી તાલુકાના ખાખરાળા ગામના વતની ૨૧ વર્ષીય યુવક રાજકોટ ખાતે હોસ્ટેલમાં રહી બીએડનો અભ્યાસ કરતો હતો અને સાથે જીપીએસસી પરીક્ષાની તૈયારી પણ કરતો હતો. હાલ ઉનાળું વેકેશન પડ્યું હોવાથી ગઈકાલે જ આ યુવક તેના વતન મોરબીના ખાખરાળા ગામે ગયો હતો. જ્યાં ગઈકાલે રાત્રે મિત્રો સાથે ચોરે બેઠો હતો ત્યારે ત્યાં ધસી આવેલા ગામના જ એક શખ્સે તેના પર ફાયરિંગ કર્યું હતું. જેમાં યુવક બચી જતા નેફામાંથી છરી કાઢી યુવક પર તૂટી પડ્યો હતો. જેમાં ગંભીર ઈજાઓ થવાથી યુવકનું મોત નીપજ્યું હતું. આ મામલે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી હત્યારા શખ્સને ઝડપી લેવા વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ મોરબી તાલુકાના ખાખરાળા ગામે રહેતો કિશન જગદીશભાઈ કરોતરા નામનો ૨૧ વર્ષીય યુવક રાજકોટમાં હોસ્ટેલમાં રહી બીએડનો અભ્યાસ કરતો હતો અને સાથે જીપીએસસી પરીક્ષાની તૈયારી પણ કરતો હતો. હાલ ઉનાળાના વેકેશનની રજાઓ પડતા કિશન વેકેશન માણવા પોતાના ગામ ખાખરાળા આવ્યો હતો. તે ગામની એક દુકાન પાસે અન્ય લોકો સાથે બેઠો હતો. આ દરમિયાન ગામનો જ એક શખ્સ સાગર ઉર્ફે મૂલુ આયદાનભાઈ ડાંગર બંદૂક લઈને આવ્યો. તેણે કિશન પર ગોળીબાર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ બંદૂક ફાયર ન થઈ. બંદૂક ફાયર ન થતાં આરોપીએ પોતાની પાસે રહેલી છરી વડે કિશન પર હુમલો કર્યો હતો. તેણે કિશનના શરીર પર અનેક ઘા ઝીંક્યા હતા. ગંભીર ઈજાઓ સાથે કિશનને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. મૃતક કિશનના પિતા જગદીશભાઈ કરોતરા (૪૬) કચ્છમાં કામ અર્થે ગયા હતા. રાત્રે ૯:૨૩ વાગ્યે તેમને તેમના નાના પુત્ર નિરજનો ફોન આવ્યો અને ઘટનાની જાણ કરી હતી. પિતાની ફરિયાદના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ માટે તપાસ શરૂ કરી છે.



# વેરાવળમાં બોગસ માપણી સીટના આધારે આચરેલા કરોડોના જમીન કૌભાંડનો થયો પર્દાફાશ

**લેઆઉટ પ્લાનની મંજૂરી નગરપાલિકાએ રદ કરતા ૩૪ પ્લોટ ધારકોના કરોડો ફસાયા**

**સમય મિરર / વેરાવળ**

વેરાવળ ખાતે આવેલા પ્રભાસ પાટણના સર્વે નંબર ૮૪૨/બ/પૈકીની કરોડોની કિંમતની જમીનમાં બોગસ માપણી સીટના આધારે લેઆઉટ પ્લાન મંજૂર કરાવામાં આવ્યો હતો. અને તેના આધારે પ્લોટીંગ પાડી વેચાણ પણ કરી નાખવામાં આવ્યું હતું. ત્યારે બોગસ માપણી સીટનો ભાંડાફોડ થતા નગરપાલિકા દ્વારા લેઆઉટ પ્લાનની મંજૂરી રદ કરી નાખાતા ૩૪ પ્લોટ ધારકોના કરોડો રૂપિયા ફસાયા છે અને આ મામલે જમીન કૌભાંડ બહાર આવતા પ્લોટ ધારકોમાં ભારે અપરાધ મચી ગયો છે. આગામી દિવસોમાં જે પ્લોટ ધારકોએ નાણાં ગુમાવ્યા છે તેઓ દ્વારા ફરિયાદ કરવામાં આવે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

જમીન કૌભાંડની જાણવા મળતી વિગતો મુજબ પ્રભાસ પાટણના સર્વે નંબર ૮૪૨/બ/પૈકીની જમીનમાં બોગસ માપણી સીટના આધારે લેઆઉટ પ્લાન મંજૂર કરાવવામાં આવ્યો હતો. નગરપાલિકામાં માપણી સીટમાં ૧૦ મીટરના રસ્તાને બદલે ૧૮ મીટરનો રસ્તો બતાવીને લેઆઉટ પ્લાન મંજૂર કરાવવામાં આવ્યો હતો. આ મામલે કોડીનારના ચાર રહેવાસીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓમાં ભરત ઠકરાર, હિતેશ ઠકરાર, મનોજ ઠકરાર અને હંસાબેન પોપટનો સમાવેશ થાય છે. ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ અપાયેલી મંજૂરી ગુજરાત મ્યુનિસિપલ એક્ટની કલમ ૧૫૫ અને જીડીસીઆરના ભાગ ૧ ક્લોઝ ૩.૪ મુજબ રદ કરવામાં આવી છે. જીલ્લા કલેકટર ડી.ડી.જાડેજાની સુચનાથી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

નગરપાલિકાએ લઈ આઉટ પ્લાનની મંજૂરી રદ કરી દેતા રજિસ્ટ્રાર કચેરીના રેકોર્ડ મુજબ ૩૪ લોકોએ આ જમીનમાં પ્લોટ ખરીદ્યા છે અને દસ્તાવેજો કર્યા છે. મંજૂરી રદ થવાથી આ પ્લોટ ધારકો હવે તેમના પ્લોટનું વેચાણ કે બાંધકામ કરી શકશે નહીં. કાયદાના જાણકારોના મતે, પ્લોટ ધારકો આગામી દિવસોમાં છેતરપિંડીની કાયદેસરની ફરિયાદ કરે તેવી સંભાવના વર્તાઈ રહી છે.



**બે સંતાનના પિતાએ પુત્રીની ઉંમરની બાળાને હવસનો શિકાર બનાવ્યાના કેસમાં ધરપકડ થઈ'તી**

# સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર અપરાધીને જન્મટીપ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રહેતા પરિવારની ૧૪ વર્ષની સગીરાનુ અપહરણ કરી બે સંતાનોના પિતાએ દુષ્કર્મ આચાર્ય હતું. જે કેસ ચાલી જતા સ્પે. પોકસો કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને ભોગ બનનાર બાળકીને રૂ.૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં પરિવારની ૧૪ વર્ષ અને ૧૦ મહિનાની સગીરાનું કાલાવડ તાલુકાના હરીપર ગામનો બે સંતાનોનો પિતા આરોપી મુકેશ બીજલભાઈ સોંદરવાએ અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હોવાની ભોગ બનનાર સગીરાના પરિવાર દ્વારા ગત તા.૨૫-૬-૨૦૨૨ ના રોજ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી મુકેશ સોંદરવાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસમાં પુરાવો શરૂ થતા સરકાર તરફે સરકારી વકીલ દ્વારા ફરિયાદી, ભોગ બનનાર સગીરબાળા, ડોક્ટર તથા તપાસ કરનાર પોલીસ અધિકારીની પોક્સો અદાલતમાં સોગંદ ઉપર જુવાની લેવામાં આવી હતી. તે જુબાનીમાં કોર્ટ સમક્ષ ભોગ બનનાર સગીરાએ બનાવની સંપૂર્ણ હકીકત વર્ણવી આરોપીને ઓળખી બતાવ્યો હતો. આ કેસમાં ફરિયાદ, સગીર બાળાનું જન્મનું પ્રમાણપત્ર, મેડિકલ સર્ટિફિકેટ, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના રિપોર્ટ, પંચનામાઓ વગેરે દસ્તાવેજી પુરાવો સરકાર તરફે રજૂ રાખવામાં આવ્યા હતા. તેમજ સરકારી વકીલ દ્વારા દલિત કરવામાં આવેલ કે ભોગ બનનાર સગીરા છે જ્યારે આરોપી ૩૫ વર્ષનો છે અને બે સંતાનો પિતા છે અને આવા આરોપી ઉપર પ્રોસિક્યુસને તેમનો કેસ સફળતા પૂર્વક સાબિત કરેલ છે અને તમામ સોગંદ ઉપરની જુબાનીઓ તથા દસ્તાવેજી પુરાવાઓથી આરોપી સામેનો કેસ સાબિત થાય છે આવા ગંભીર ગુનામાં આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની પૂરેપૂરી સજા થવી જોઈએ તેવી ધારદાર રજુઆત કરી હતી. પોકસો અદાલતના સેશન્સ જજ પી.જે. તમાકુવાલાએ સોગંદ ઉપરની જુબાનીઓ, દસ્તાવેજી પુરાવાઓ અને સરકારી વકીલની દલીલને ધ્યાને લઈ આરોપી મુકેશ બીજલભાઇ સોંદરવાને આજીવન કેદની સજા અને ડીએલએસએને વિકટીમ કમ્પેન્સેશન અન્વયે રૂપિયા ત્રણ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા



એડવોકેટ

**ભારતભરમાં ૨૩ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ૩૧ જિલ્લાની સરકારી સંસ્થાઓમાં ગોઠવાયું પરીક્ષાનું આયોજન : પરીક્ષા સમયે કડક નિયમોનું પાલન ફરજિયાત**

# રાજ્યના ૮૦ હજાર વિદ્યાર્થીઓની રવિવારે NEET ની પરીક્ષા

**સમય મિરર / ગાંધીનગર**

આગામી રવિવારે રાજ્યભરમાં નીટના ૮૦ હજાર વિદ્યાર્થીઓની પરીક્ષા નું આયોજન કરવામાં આવ્યું છે અંદાજિત ગુજરાતના ૩૧ જિલ્લાઓમાં આ પરીક્ષા લેવામાં આવનાર છે. ખાસ કરીને કોઈ ગેરરીતિના કિસ્સાઓ સામે ન આવે તે માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા સરકારી સંસ્થાઓનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. તે સાથે અમુક કડક નિયમો પણ જાહેર કરવામાં આવ્યા છે.

દેશમાં મેડિકલ એટલે કે MBBS કરવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા NEETની પરીક્ષા દેશભરમાં ૪ મે ના દિવસે લેવામાં આવશે. ભારતમાં ૨૩ લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવાના છે. જેમાં ગુજરાતના ૩૧ જિલ્લામાંથી અંદાજે ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ હશે. ગત વર્ષે થયેલી ગેરેરીતિના કિસ્સાઓ ફરી વખત ન બને તે માટે આ વખતે સરકારી સંસ્થાઓમાં જ પરીક્ષા કેન્દ્રો રાખવામાં આવ્યા છે. આ વખતે વિદ્યાર્થીઓને જનરલ ઓપ્શનનો લાભ નહીં મળે.

૪મેના રોજ યોજાનારી પરીક્ષાની હોલ ટિકિટ જનરેટ કરી દેવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ હોલ ટિકિટ ડાઉનલોડ કરી કયા પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપવા જવાનું છે તે જોઈ શકશે. જેમાં જણાવ્યા પ્રમાણે NEET પરીક્ષામાં ફિઝિક્સ અને કેમેસ્ટ્રીના ૧૮૦ -૧૮૦ માર્કના ૪૫ - ૪૫ પ્રશ્નો તો બાયોલોજી ૩૬૦ માર્કના ૯૦ સવાલો હશે. બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન પરીક્ષા લેવામાં આવશે અને તેમાં ૧૧.૩૦ વાગ્યાથી પરીક્ષા કેન્દ્રોમાં એન્ટ્રી શરૂ થઈ જશે. જોકે બપોરે ૧.૩૦ વાગ્યા બાદ એક પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં નહી આવે. દરેક વિદ્યાર્થીની બાયોમેટ્રિકથી હાજરી પૂરવામાં આવશે. બપોરે પરીક્ષા શરૂ થયાની પ્રથમ એક કલાક અને છેલ્લી અડધી કલાક દરમિયાન કોઈપણ વિદ્યાર્થીને વોશરૂમ જવા દેવામાં નહીં આવે. બાકીના સમય દરમિયાન વિદ્યાર્થી જો વોશરૂમ જાય અને પરત ફરે તો ત્યારે ફરી વખત બાયોમેટ્રિક કરવામાં આવશે. આ પ્રકારના કડક નિયમો સાથે આ વખતે NEET પરીક્ષા લેવામાં આવશે.



દેશભરમાં નેશનલ ટેસ્ટ એજન્સી દ્વારા મેડિકલમાં પ્રવેશ માટે લેવામાં આવતી NEET એટૂલે કે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ ૪ મે ના રોજ લેવામા આવનાર છે. જેમાં ગત વર્ષે નીટની પરીક્ષા દરમિયાન ગેરરીતિના કિસ્સાએ સામે આવતા આ વખતે પ્રથમ વખત સરકારી સંસ્થાઓ ખાતેથી જ પરીક્ષા લેવા આવશે. એક પણ ખાનગી સંસ્થાને સેન્ટરની ફાળવણી કરવામાં આવી નથી. આ વખતે પરીક્ષા આપવા આવતા વિદ્યાર્થીઓને એક પણ ઇલેક્ટ્રોનિક ગેજેટ લઈ જવાની મનાઈ છે તો ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડ લઈ જવાની ખાસ સૂચના આપવામાં આવી છે આ ઉપરાંત પીવાના પાણી માટે ટ્રાન્સપરન્ટ બોટલ જ લઈ જવાની રહેશે. આ ઉપરાંત કોરોના કાળમાં ૪ વર્ષ સુધી વિદ્યાર્થીઓને પેપરમાં ઓપ્શનનો લાભ મળતો હતો. જેમાં ૭૨૦ માર્કના ૧૮૦ પ્રશ્નો લખવાનાં હોય તો ૨૦૦ પ્રશ્નો આપવામા આવતા હતા. એટલે કે ૨૦ માર્કના ઓપ્શન હતા જોકે તે આ વખતથી બંધ થઈ જશે. જ્યારે ગુજરાતમાં છેલ્લા ૭ વર્ષથી લેવાતી નીટની પરીક્ષામાં દર વર્ષે વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન માં વધારો થતો હતો જ્યારે આ વખતે વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનમાં ૧ લાખથી વધુનો ઘટાડો નોંધાયેલો છે.

# ભારતીય નૌકાદળનું યુદ્ધ જહાજ 'INS સુરત' હજીરા પોર્ટ ખાતે આવી પહોંચ્યું

**પોર્ટ પર કરાયું ભવ્ય સ્વાગત : બે દિવસ રોકાશે**

**સમય મિરર | સુરત**

કાશ્મીરના પહેલગાંવ ખાતે થયેલા આતંકવાદી હુમલાબાદ ભારત પાકિસ્તાનને જડબાતોડ જવાબ દેવા માટે રણનીતિ ઘડી રહ્યું છે. તે સમયે લશ્કરની ત્રણેય પાંખોને એલર્ટ આપી દેવાયું છે. દરિયા વિસ્તારોમાં યુદ્ધ જહાજો ઉતરી પડ્યા છે. ત્યારે અત્યાધુની શસ્ત્ર સરંજામથી સજ્જ યુદ્ધ જહાજ આઈએનએસ સુરત પહેલી વખત ગુજરાતનું મહેમાન બન્યું છે અને હાલ ચોરીયાસી તાલુકાના હજીરા અદાણી પોર્ટ પર આવી પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યુદ્ધ જહાજ બે દિવસ પોર્ટ ખાતે રોકાશે તેવું સૂત્રોએ જણાવ્યું છે.

ભારત પાસે ચાર જેટલાં યુદ્ધ જહાજ છે, જે પૈકી INS સુરત જહાજ તમામ ટેક્નોલોજીથી સજ્જ છે. સુરતના આંગણે જહાજ આવ્યું છે એ આપણા માટે ગૌરવની ક્ષણ છે. આમજનતા માટે આ જહાજ નિહાળવા માટે પ્રવેશ વ્યવસ્થા નથી. તા.૧ અને ૨ મે દરમિયાન અદાણી હજીરા પોર્ટ પર માત્ર આમંત્રિતોને જ પ્રવેશ મળશે.

યુદ્ધ જહાજ **'INS** સુરત'નું નિર્માણ મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL), મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે, જેના મહત્તમ ઉપકરણો, સંસાધનો સ્વદેશી છે, જે 'આત્મનિર્ભર ભારત' તેમજ મેક ઇન ઈન્ડિયા વિઝનને પ્રતિબિંબિત કરે છે. જહાજની લંબાઈ ૧૬૭ મીટર, પહોળાઈ ૧૭.૪ મીટર અને વજન ૭૪૦૦ ટન છે. તે ૩૦ નોટ્સ (૫૬ કિમી/કલાકથી વધુ)ની ઝડપ ધરાવે છે. INS સુરત એન્ટી-સર્ફેસ, એન્ટી-એર અને એન્ટી-સબમરીન યુદ્ધમાં સક્ષમ છે. એ નેટવર્ક-સેન્ટ્રિક યુદ્ધ ક્ષમતાઓ અને અદ્યતન સેન્સર્સ ધરાવે છે. આ જહાજ નૌકાદળના ૫૦ અધિકારી અને ૨૫૦ ખલાસીને સમાવી શકે છે. એ ૧૬ બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ્સ (સર્ફેસ ટુ સર્ફેસ), ૩૨ બરાક-૮/MRSAM (સર્ફેસ ટુ એર)માં માર કરતી મિસાઇલ્સ, ૭૬ એમએમ જચ્છાપ ગન, ચાર AK-630M નજીકના હથિયાર સિસ્ટમ, બે ટોર્પિડો લોન્ચર્સ અને બે રોકેટ લોન્ચર્સ ચલાવવા માટે સક્ષમ છે.